# અમદાવાદ એક્સપ્રેસ

12
FEBRUARY-2026
THURSDAY

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 18.00 |
| વડોદરા | 34.00 | 19.00 |
| સુરત | 33.00 | 21.00 |

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84233.64 | ▼ | 40.28 |
| નિફ્ટી | 25953.85 | ▲ | 18.70 |
| સોનું | 157814.00 | ▲ | 1011.00 |
| ચાંદી | 260000.0 | ▲ | 7452.00 |

વર્ષ-15 । અંક-092 । વિક્રમ સંવત-2082 । મહા વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





# આપ નેતા યાત્રિક પટેલની ઓચિંતાની નારોલની શાળાની મુલાકાત, ચોંકાવનારી બાબતોનો ખુલાસો

## પતરાવાળી શાળામાં બાળકો ભણવા મજબૂર, શાળા પરિસરમાં વર્ષોથી BSNLનું ટાવર, નિકાલ માટે રજૂઆત છતાં કાર્યવાહી નહીં





અમદાવાદ : આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAPના મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ભાજપના 30 વર્ષના શાસન બાદ પણ ગુજરાતમાં બાળકોને ભણવા માટે સારી શાળાઓ નથી. આજે હું નારોલની એક શાળામાં આવ્યો છું અને અહીંયા અમે જોયું કે શાળાનું સરખું બાંધકામ પણ નથી અને પતરાવાળી શાળામાં બાળકો ભણવા માટે મજબૂર છે. જે પતરા છે એમાં પણ મોટા મોટા કાણા પડેલા છે. આ શાળામાં બાળકોને બેસવા માટે બેન્ચની પણ વ્યવસ્થા નથી, જેના કારણે બાળકો નીચે બેસીને ભણવા મજબૂર છે. સૌથી મોટી ચોંકાવનારી બાબતે છે કે આ શાળામાં BSNLનું એક મોટું ટાવર નાખવામાં આવે છે અને 13 વર્ષથી આ ટાવર અહીંયા છે. આ ટાવરના નિકાલ માટે સ્થાનિકો સહિત આ શાળાના આચાર્યોએ પણ ગાંધીનગર સુધી મંત્રી-તંત્રી સહિત તમામ લોકોને રજૂઆત કરી પરંતુ ભાજપના શાસકો અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ એટલા બેરહેમ થઈ ગયા છે કે તેઓ બાળકોનું પણ વિચારતા નથી અને આચાર્યોનું પણ સાંભળતા નથી અને આ ટાવરનું કોઈ નિકાલ કરતા નથી. વધુમાં યાત્રિક પટેલે જણાવ્યું હતું કે, ટાવરનું કોઈ નિકાલ કદાચ એટલા માટે નથી કરતા કારણ કે એ લોકોને બીએસએનએ તરફથી મોટું ભાડું મળે છે. ભાજપના નેતાઓ કદાચ વિચારતા હશે કે "ટાવરના રેડીએશનથી બાળકનું ભવિષ્યમાં જે થવું હોય એ થાય પણ 4G 5Gનું સ્ટ્રોંગ નેટવર્ક મળે" અહીંયા વધુ એક જાણકારી મળી કે આ સ્કૂલ પહેલા બે માળની પાકી ઈમારતવાળી સ્કૂલ હતી પરંતુ તેને તોડીને પછી પતરાવાળી શાળા કરી દેવામાં આવી છે. મારો સવાલ છે કે આ વિકાસશીલ ગુજરાત છે કે અધોગતિવાળું ગુજરાત છે? કેમ કે પાકી ઈમારતવાળી સ્કૂલ તોડીને તમે પતરાવાળી બનાવી દીધી છે. આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAP સમગ્ર ગુજરાતમાં "ભાજપ હટાવો શિક્ષણ બચાવો"નું આંદોલન લઈને નીકળ્યું છે. આ આંદોલન હેઠળ અમે ગુજરાતની તમામ શાળાઓમાં જઈશું અને તેની હાલત જોઈશુ. ત્યારબાદ તમામ માહિતી એકઠી કરીને શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરીશું અને જરૂર પડી તો અમે વાલીઓને સાથે રાખીને રોડ ઉપર પણ આંદોલન ચલાવીશું.

# રાજુ કરપડાના રાજીનામા પાછળ દબાણની શક્યતા: ચૈતર વસાવા

અમદાવાદ | રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યું, એ મુદ્દે આમ આદમી પાર્ટીના ડેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે મને માહિતી મળી છે કે રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપી દીધું છે. મેં રાજુભાઈ સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હજુ સુધી સંપર્ક થઈ શક્યો નથી. ચૈતર વસાવાએ કહ્યું કે તેઓ રાજુભાઈને જેટલા ઓળખે છે, તે મુજબ રાજુ કરપડા ખેડૂતોના મજબૂત અને સંઘર્ષશીલ નેતા રહ્યા છે. આમ આદમી પાર્ટીમાં રહીને તેમણે ખેડૂતોના હક્ક અને ન્યાય માટે અનેક લડતો લડી છે. બોટાદ કડદા પ્રથા નાબૂદ કરવા માટે હડદડમાં કરવામાં આવેલા આંદોલન દરમિયાન તેમને 100 દિવસથી વધુ સમય જેલમાં રહેવું પડ્યું હતું. AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ આક્ષેપ કર્યો કે ભાજપ સરકારની કાર્યપદ્ધતિ વિપક્ષના નેતાઓને ડરાવવાની, ધમકાવવાની અને દબાણ દ્વારા તેમને પોતાના પક્ષે વાળવાની રહી છે. આંદોલનોને કમજોર બનાવવા અને તોડવાના પ્રયાસો સતત કરવામાં આવે છે. રાજુભાઈ કરપડાના મામલે પણ આવી જ નીતિ અપનાવવામાં આવી હોવાની શક્યતા તેમણે વ્યક્ત કરી છે, જેના કારણે રાજુભાઈએ રાજીનામું આપ્યું હોઈ શકે છે. ચૈતર વસાવાએ સ્પષ્ટ કર્યું કે આમ આદમી પાર્ટી ગુજરાતભરમાં ખેડૂતો અને સામાન્ય જનતાના હક્ક માટે લડત લડી રહી છે અને આવનારા દિવસોમાં પણ આ લડત વધુ દ્રઢતા સાથે ચાલુ રાખશે. ગુજરાતની જનતા માટે ન્યાય મેળવવો એ અમારું પ્રથમ કર્તવ્ય છે. અમે હરહંમેશ કાર્યકર તરીકે જનહિત માટે લડતા રહીશું.

### રાજુ કરપડાના રાજીનામા મુદ્દે AAP નેતા પ્રવીણ રામનું નિવેદન

# ભાજપ સરકારની દબાણની રાજનીતિના કારણે રાજુભાઈએ રાજીનામું આપ્યું હોઈ શકે: પ્રવીણ રામ



અમદાવાદ | ગુજરાતના ખેડૂત આગેવાન રાજુભાઈ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપતા, આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ સંગઠન અધ્યક્ષ પ્રવીણ રામે પોતાની પ્રતિક્રિયા આપી હતી. પ્રવીણ રામે જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાના રાજીનામાના સમાચાર સાંભળીને તેઓ વ્યક્તિગત રીતે ખૂબ દુઃખી થયા છે. તેમણે જણાવ્યું કે હડદડ મુકામે તેમણે અને રાજુભાઈએ મળીને ગુજરાતના ખેડૂતો માટે મજબૂત લડત લડી હતી અને ખેડૂતોના હક્ક માટે સશક્ત અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે ગુજરાતમાં ખેડૂતોની આ લડત અને ક્રાંતિને દબાવવા માટે ભાજપ સરકારે તેમને, રાજુભાઈને અને અન્ય નિર્દોષ ખેડૂતોને ષડયંત્રપૂર્વક જેલમાં નાખ્યા હતા. લગભગ 108 દિવસ સુધી તેમને ખોટા કેસોમાં જેલમાં રાખવામાં આવ્યા હતા. જેલ દરમિયાન પણ અમને હેરાન કરવાની કોઈ કસર છોડવામાં આવી નહોતી અને સતત દબાણ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

AAP નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું કે તેમને શંકા છે કે ભાજપ સરકારની દબાણની રાજનીતિના કારણે જ રાજુભાઈએ રાજીનામું આપ્યું હોઈ શકે છે. તેમ છતાં, હજી સુધી રાજુભાઈ સાથે સીધી વાતચીત થઈ નથી. તેમણે કહ્યું કે જ્યારે રાજુભાઈ સાથે વાત થશે અને યોગ્ય કારણ જાણવા પ્રયત્ન કરીશું. કારણ જાણ્યા બાદ સમગ્ર સત્ય ગુજરાતની જનતા સમક્ષ મુકીશું.

# વૃદ્ધને ઈજા, 40 લોકોનું રેસ્ક્યુ:સુખરામનગરના 440 ફ્લેટ રીડેવલોપમેન્ટ પહેલાં ગેલેરી પડવાનો બીજો બનાવ



અમદાવાદ | અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સુખરામનગર ખાતે સંત વિનોબાભાવે નગર સ્લમ ક્વાર્ટર્સમાં બ્લોક નંબર 12ની ગેલેરી ધરાશાયી થવાની ઘટના બની છે. જેમાં એક વૃદ્ધને ઈજા પહોંચી છે. આ દુર્ઘટના બાદ ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરીને ફસાયેલા 40 લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સુખરામનગરના આ 440 ફ્લેટના રીડેવલોપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે, તેમ છતાં છેલ્લા બે મહિનામાં ગેલેરી પડવાનો આ બીજો બનાવ સામે આવતા રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે.અમદાવાદ ફાયર બ્રિગેડના ડિવિઝનલ ફાયર ઓફિસર આર. જે. ગોસ્વામીએ જણાવ્યું કે, સવારે 8:15 વાગ્યે વિનોદભાઈ નામના વ્યક્તિએ કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરી હતી કે સુખરામનગર સ્લમ ક્વાર્ટર્સની એક ગેલેરી પડી ગઈ છે અને ત્યાં માણસો ફસાયા છે. આ મેસેજ મળતા જ મણિનગરથી ઈમરજન્સી ટેન્ડર, ગોમતીપુરથી મિની ફાઈટર, એમ્બ્યુલન્સ અને અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા.ઘટનાસ્થળે પહોંચીને જોતા પરિસ્થિતિ એવી હતી કે કોઈ જગ્યાએથી ઉતરી શકાય તેમ નહોતું. આથી ફાયર વિભાગે આસપાસમાં બેથી ત્રણ જગ્યાએ સીડી લગાવીને લોકોનું રેસ્ક્યુ કર્યું હતું. ફાયર ટીમ પહોંચે તે પહેલાં જ, ગેલેરીનો કાટમાળ પડવાને કારણે ત્યાં સૂતેલા એક 80 વર્ષના માજીને સામાન્ય ઈજાઓ થઈ હતી. સ્થાનિક રહીશોએ તેમને તાત્કાલિક રિક્ષામાં એલ.જી. હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

તેને વધુમાં કહ્યું, આ સ્લમ ક્વાર્ટર્સ ખૂબ જ જર્જરિત હાલતમાં છે અને છેલ્લા બે મહિનામાં ગેલેરી પડવાનો આ બીજો બનાવ છે. આમ છતાં, કેટલાક રહીશો હજુ પણ મકાન ખાલી કરવાની ના પાડી રહ્યા છે. તેમનું કહેવું છે કે જો તેઓ અત્યારે ઘર ખાલી કરે તો જશે ક્યાં? આ રહેઠાણનો પ્રશ્ન હોવાને કારણે તેઓ જોખમી મકાનોમાં રહેવા મજબૂર છે.ક્વાર્ટર્સ 1962-63માં બનેલા છે.

સ્થાનિક હરીશભાઈ ભરવાડે જણાવ્યું કે, સવારે 7.30 વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો છે.

# બક્ષીપંચ મોરચો ઓબીસીના પ્રમુખ તરીકે હિતેશ જે ગોસ્વામીની વરણી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા બક્ષીપંચ મોરચો ઓબીસી ના પ્રમુખ તરીકે હિતેશ જે ગોસ્વામી ની વરણી થતાં પાવર પટ્ટી પંથકમાં ખુશીની લાગણી ફેલાય છે મૂળ નિરોણાના હાલે ભુજ ખાતે રહેતા હિતેશભાઈ ગોસ્વામી અગાઉ પણ વિવિધ હોદ્દા ઉપર નખત્રાણા તાલુકાના પક્ષના વિવિધ હોદ્દા ઉપર થઈ ચૂકે છે તેમની આ વરણીથી તેમને અભિનંદન મળી રહ્યા છે.

### રાજુ કરપડાના રાજીનામા મુદ્દે AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીનું નિવેદન

# રાજુભાઈ કરપડાએ રાજીનામું આપ્યું, એમની કઈ મજબૂરી હશે એના વિશે એમણે કોઈ સ્પષ્ટતા નથી કરી: ઈસુદાન ગઢવી



અમદાવાદ | ગુજરાતના ખેડૂત આગેવાન રાજુભાઈ કરપડાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપતા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાનું મને રાજીનામું મળ્યું છે. તેમની સાથે વ્યક્તિગત વાતચીત હજી થઈ નથી, પરંતુ એટલું નિશ્ચિત છે કે રાજુભાઈએ ખેડૂતોના હક્ક માટે સતત અને દ્રઢ સંઘર્ષ કર્યો છે. તેમણે ખેડૂતોના પ્રશ્નોને લઈને હંમેશા મજબૂત લડત ચલાવી હતી. હડદડ ખાતે યોજાયેલા આંદોલનમાં હજારો ખેડૂતો એકત્રિત થયા હતા અને કડદા પ્રથા બંધ કરાવવાનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાયો હતો. માત્ર એટલું જ નહીં, ગુજરાતભરની એપીએમસીમાં ચાલી રહેલી લૂંટ અને ભ્રષ્ટાચાર સામે પણ જંગ જાહેર કરવામાં આવ્યો હતો. આંદોલન બાદ ભાજપ સરકાર દ્વારા ખેડૂતો અને ખેડૂત નેતાઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો અને રાજુ કરપડા અને પ્રવીણ રામ સહિત આશરે 85 જેટલા ખેડૂત અને આગેવાનો સામે ખોટા કેસ દાખલ કરીને તેમને જેલમાં નાખવામાં આવ્યા હતા. તેમ છતાં ખેડૂતો અને આગેવાનો અડગ રહ્યા અને તેમનો સંઘર્ષ ચાલુ રહ્યો. રાજુભાઈની કઈ મજબૂરી હશે એના વિશે હાલ કોઈ જાણકારી નથી પરંતુ એમણે ખેડૂતોને ન્યાય મળે, ખેડૂતોને સારા ભાવ મળે અને ભાજપ જે લૂંટ ચલાવે છે, એને લઈને તેમણે ખૂબ જ આંદોલન કર્યા. જેના કારણે આમ આદમી પાર્ટી અને ખેડૂતોનું રાજુભાઈને ખુબ જ સમર્થન રહ્યું.વધુમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ત્યારબાદ સુદામડા ખાતે અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માન સાહેબની હાજરીમાં યોજાયેલી વિશાળ સભામાં 50,000થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોની એકતા અને જાગૃતિથી ગભરાઈ ભાજપ સરકારે અંદાજે 10,000 કરોડ જેટલું ખેડૂત રાહત પેકેજ જાહેર કરવું પડ્યું હતું. આ ઉપરાંત આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં અનેક ખેડૂત મહાપંચાયતનું આયોજન કર્યું હતું. રાજ્યના 13,000 ગામોમાં કિસાન ન્યાય પંચાયત યોજાઈ હતી, નાની મોટી બેઠકો કરી અને 80,000થી વધુ ખેડૂતોના સમર્થન હસ્તાક્ષર એકત્રિત કરીને મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. ભાજપ હંમેશા ખેડૂત આંદોલનને કમજોર કરવા અને આમ આદમી પાર્ટીના આગેવાનોને ડરાવવા - ધમકાવવાનો પ્રયાસ કરે છે. ભાજપ કોઈને કોઈ રીતે આમ આદમી પાર્ટીના નેતાઓને તોડવાની અને હેરાન કરવાની કોશિશ કરતી જ રહે છે.

# ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માનો પંચમહાલ પ્રવાસ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત પંચમહાલ જિલ્લાના પ્રવાસે આવેલા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના પ્રાચીન મંદિરમાં દર્શન-પૂજા કરી આશીર્વાદ લીધા. પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતાં તેમણે એકાત્મ માનવદર્શન અને અંત્યોદયના વિચારને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ કાર્યરત હોવાનું જણાવ્યું.

કાલોલ સ્થિત કૃપાલુ આશ્રમ ખાતે યોજાયેલા કાર્યકર્તા સંમેલનમાં સંબોધન કરતા તેમણે કહ્યું કે 450 વર્ષ બાદ પાવાગઢમાં મહાકાળી માતાજીના મંદિરે ધજા ચઢાવવાનો ગૌરવપૂર્ણ પ્રસંગ વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં શક્ય બન્યો. ભાજપ વિકાસ અને જનસેવાની રાજનીતિમાં વિશ્વાસ રાખે છે, જ્યારે કોંગ્રેસ પર તેમણે વોટબેંકની રાજનીતિ કરવાનો આક્ષેપ કર્યો.

પ્રવાસ દરમિયાન શ્રી વિશ્વકર્માએ પાવાગઢ અને કાલોલના બુથ પ્રમુખોના નિવાસસ્થાને જઈ પરિવાર સાથે મુલાકાત કરી ચા-નાસ્તો અને ભોજન લીધું હતું. સંમેલનમાં બુથ પ્રમુખોને મંચ પર સ્થાન આપી તેમણે કાર્યકર્તા આધારિત સંગઠનની પરંપરા પર ભાર મૂક્યો. જિલ્લા ભાજપ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# News Brief

## અમદાવાદને ગેંગ ચલાવવા પસંદ કર્યું ને રવિ ગોદારા ગેંગના બચ્ચા અને ચિન્ટુ દબોચાયા

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વાસણા વેજલપુર રોડ પરથી રાજસ્થાનની કુખ્યાત ગેંગના અમન ઉર્ફે બચ્ચા અને સુહેબ ઉર્ફે ચિન્ટુ પઠાણની ધરપકડ કરી છે. બંનેને પકડવા ક્રાઈમ બ્રાન્ચનું 7 કલાક સુધી ઓપરેશન ચાલ્યું હતું. જેમાં ગેંગસ્ટરને એક પીઆઇ સહિત 6 પોલીસકર્મીની ટીમે ઝડપી પાડ્યા હતા. હાલ બંનેને કોટા પોલીસને સોંપવામાં આવ્યા છે.

ક્રાઈમ બ્રાન્ચે રવિ ગોદારા ગેંગના 2 કુખ્યાત ગેંગસ્ટરને ફેંટામાંથી કોલર પકડીને બહાર કાઢ્યા ને પોલીસ વાનમાં બેસાડ્યા. રાજસ્થાનમા ગેંગ બાદ અમદાવાદને ગેંગ ચલાવવા પસંદ કર્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ આઈ. એન. ઘાસુરાની ટીમને 9 ફેબ્રુઆરીની મોડી રાતે બાતમી મળી હતી કે, એક ગેંગ અમદાવાદમાં છે જેથી ટીમે પીઆઇ ઘાસુરાને જાણ કરી હતી. પીઆઇ ઘાસુરાએ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી, ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચથી એક સરકારી ગાડીમાં અને એક ખાનગી ગાડીમાં પીઆઇ ઘાસુરા, એક PSI અને 4 પોલીસકર્મી સહિતની ટીમ રવાના થઈ હતી. રાતે 12 વાગે ક્રાઈમ બ્રાન્ચનું ઓપરેશન શરૂ થયું હતું. `ક્રાઈમ બ્રાન્ચની ટીમ પાસે માત્ર ગેંગસ્ટરના ફોટો અને ગાડીનો નંબર હતો. પીઆઇ ઘાસુરાએ કંટ્રોલ રૂમની મદદ લીધી હતી. ફેંટા ગાડીનો નંબર કંટ્રોલ રૂમને આપ્યો હતો, જેના આધારે ગાડીની તપાસ કરવામાં આવી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચના ટીમને કંટ્રોલ રૂમ તરફથી વેજલપુર તરફનું લોકેશન મળ્યું હતું જેથી બે અલગ અલગ ગાડીમાં ટીમ વેજલપુર પહોંચી હતી. વેજલપુરમાં ફોટો અને ગાડીના નંબરના આધારે તપાસ કરવામાં આવી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમને જાણ હતી કે તેઓ રાજસ્થાનના કુખ્યાત રવિ ગોદારા ગેંગના આરોપી અમન ઉર્ફે બચ્ચા અને સુહેબ ઉર્ફે ચિન્ટુને પકડવા જઈ રહ્યા છે. આ બંને પોલીસ જાપ્તામાંથી ભાગવા અને હુમલો કરવાની આદત ધરાવે છે જેથી બે અધિકારીઓએ પોતાની સાથે સર્વિસ રિવોલ્વર રાખી હતી.

## બાણગંગા પેપર મિલ્સ લિમિટેડનું નામ બદલીને અસગાર્ડ અલ્કોબેવ લિમિટેડ રાખવામાં આવ્યું; ઉચ્ચ-વૃદ્ધિ આલ્કોહોલિક બેવરેજીસ ક્ષેત્રમાં વ્યૂહાત્મક પ્રવેશ

મુંબઈ, ભારત: બાણગંગા પેપર મિલ્સ લિમિટેડ (BNPL) ને કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) ના સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર (CPC) તરફથી તેનું કોર્પોરેટ નામ બદલીને અસગાર્ડ અલ્કોબેવ લિમિટેડ કરવા માટે સત્તાવાર રીતે મંજૂરી મળી છે, જે કંપનીના આલ્કોહોલિક બેવરેજીસ વ્યવસાયમાં વ્યૂહાત્મક પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.આ નામમાં ફેરફાર 14 જાન્યુઆરી, 2026 ના રોજ યોજાયેલી એક્સ્ટ્રા-ઓર્ડિનરી જનરલ મીટિંગમાં શેરધારકો દ્વારા પસાર કરાયેલા ખાસ ઠરાવને અનુસરે છે, જેમાં તેની સામગ્રી પેટાકંપનીમાં તેના સમગ્ર રોકાણના વેચાણ અને કંપનીના પુનર્ગઠનને મંજૂરી આપવામાં આવી હતી. કંપની ટૂંક સમયમાં તેના નામ અને ટ્રેડિંગ સિમ્બોલમાં ફેરફાર માટે સ્ટોક એક્સચેન્જોને અરજી કરશે.તેની વૃદ્ધિ વ્યૂહરચનાના ભાગ રૂપે, કંપની CMJ બ્રુઅરીઝમાં 78.90% નિયંત્રણ હિસ્સો હસ્તગત કરી રહી છે, જે એક સુસ્થાપિત કોન્ટ્રાક્ટ બ્રુઅરીઝ કંપની છે અને ઉત્તરપૂર્વ ભારતની સૌથી અત્યાધુનિક અને વિશ્વસનીય બ્રુઅરીઝ સુવિધાઓમાંની એક છે. આ ઓછા માર્જિનવાળા પેપર સેગમેન્ટથી ઝડપથી વિકસતા આલ્કોહોલિક પીણાં ક્ષેત્રમાં નિર્ણાયક પરિવર્તન દર્શાવે છે. ભારતીય બીયર બજાર મજબૂત માળખાકીય વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખે છે, જે 2024 માં આશરે 48,310 કરોડ સુધી પહોંચ્યું છે, અને 2025 અને 2034 ની વચ્ચે 10% CAGR પર વૃદ્ધિ પામવાનો અંદાજ છે.

## ગુજરાતમાં ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરાશે, 13 ફેબ્રુઆરીથી ઓનલાઇન નોંધણી

રાજ્યના ખેડૂતો માટે મહત્ત્વના સમાચાર આવ્યા છે. ખેડૂતો પાસેથી વર્ષ 2026-27 માટે ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો આગામી 13 ફેબ્રુઆરીથી 05 માર્ચ, 2026 દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે 'ઈ-સમૃદ્ધિ' પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. આ નોંધણી પ્રક્રિયા VCE દ્વારા આધાર ઓથેન્ટીકેશનના માધ્યમથી સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપવામાં આવશે. ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ચણા માટે પ્રતિ મણ રૂ. 1,175 (રૂ. 5,875 પ્રતિ ક્વિન્ટલ) અને રાઈ માટે પ્રતિ મણ રૂ. 1,240 (રૂ. 6,200 પ્રતિ ક્વિન્ટલ)નો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં વાવેતર અને ઉત્પાદનને ધ્યાને રાખીને પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે. કૃષિ વિભાગ દ્વારા જણાવાયું છે કે રવિ પાકોનું વેચાણ કરતાં પહેલા ખેડૂતોએ નિયત સમયમર્યાદામાં નોંધણી કરાવવી અનિવાર્ય છે. આ વ્યવસ્થા દ્વારા ખેડૂતોને બજારના ઉતાર-ચઢાવ સામે આર્થિક રક્ષણ મળી રહેશે.

# અમૂલ AIનું લોન્ચિંગ: ડેરી ક્ષેત્રમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની નવી ક્રાંતિનો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ ખાતે અમૂલ AI ડિજિટલ પ્લેટફોર્મનું લોકાર્પણ કરીને ડેરી ક્ષેત્રમાં ટેક્નોલોજી આધારિત નવી દિશાનો પ્રારંભ કર્યો. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવામાં અમૂલ AI માઈલસ્ટોન સાબિત થશે.રાજ્યના 18,500થી વધુ ગામોમાં જોડાયેલા 36 લાખ દૂધ ઉત્પાદકો માટે આ પ્લેટફોર્મ સહકારને સ્માર્ટ બનાવશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સરકાર-સહકાર-ટેક્નોલોજીની ત્રિવેણીથી વિકાસની ગતિ અનેકગણી વધી છે અને હવે AI તેને વધુ મજબૂત બનાવશે. કેન્દ્રીય બજેટમાં દૂધ ઉત્પાદકોના હિતમાં જોગવાઈઓ તથા 20 હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા વિશેષ ફંડની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ લોન્ચિંગને ઐતિહાસિક ગણાવ્યું. 'સરલા' એપ દ્વારા દૂધના ફેટ, SNF અને દૈનિક હિસાબ મોબાઈલ પર ઉપલબ્ધ થશે. વૈશ્વિક ટ્રેડ ડિલથી દેશના ડેરી સેક્ટરને લાભ થશે અને ભારત વિશ્વની ડેરી બનવાની દિશામાં આગળ વધશે એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## કોટ વિસ્તારમાં ટનલ પૂર્ણ, ૨.૮ કિમીનો પડકાર પૂરો

# સુરત મેટ્રોની જંગ જીત્યા એન્જિનિયરો

(એજન્સી) સુરત । તા. 11

ડાયમંડ સિટી સુરતના સૌથી ગીચ અને જૂના એવા કોટ વિસ્તારમાં મેટ્રો ટનલ નિર્માણનો સૌથી પડકારજનક તબક્કો આખરે આજે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. ૨.૮ કિમીનું અતિ મુશ્કેલ અંતર કાપીને ટનલ બોરિંગ મશીન (TBM) નિર્ધારિત સ્થળે જમીનમાંથી બહાર આવતા પ્રોજેક્ટ સાથે જોડાયેલા એન્જિનિયરો, શ્રમિકો અને ખાસ કરીને સ્થાનિક રહીશોએ મોટી રાહત અનુભવી છે. આ સફળતા સુરત મેટ્રોના પ્રથમ તબક્કા માટે એક મોટો માઈલસ્ટોન સાબિત થશે.





અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, કોટ વિસ્તારમાં મેટ્રોની અંડરગ્રાઉન્ડ કામગીરી લાંબા સમયથી ચર્ચા અને ચિંતાનો વિષય હતી. જમીનથી અંદાજે ૧૨ મીટર નીચે કાર્યરત આ ટીબીએમ મશીનને કારણે સર્જાતા વાઈબ્રેશનથી જૂના મકાનોને નુકસાન થવાની ભીતિ હતી. સુરક્ષાના ભાગરૂપે મેટ્રો કોન્ટ્રાક્ટર દ્વારા અનેક મિલકતો ખાલી કરાવવામાં આવી હતી, જેના કારણે સ્થાનિકોમાં ઉચાટ જોવા મળતો હતો. જોકે, આજે ૧૦ ફેબ્રુઆરીએ કોઈપણ પ્રકારની જાન-માલની હાનિ વગર મશીન બહાર આવતા જ લોકોના જીવમાં જીવ આવ્યો હતો.

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) એ આ સફળતાને મોટી ટેકનિકલ સિદ્ધિ ગણાવી છે. કોરિડોર-૧ (સરથાણા થી ડ્રીમ સિટી) ના અંડરગ્રાઉન્ડ સેક્શનમાં ડાઉનલાઈન ટનલનું કામ પૂર્ણ થયા બાદ હવે પેરેલલ અપલાઈન ટનલનું કામ પણ અંતિમ તબક્કામાં હોવાનું જણાવાયું છે. ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં મકાનોની સુરક્ષા જાળવીને ટનલિંગ પૂર્ણ કરવું એ એન્જિનિયરિંગનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

### જૂન ૨૦૨૬ માં મેટ્રો દોડવાની શક્યતા

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટીબીએમ મશીન બહાર આવ્યા બાદ હવે આ સેક્શનમાં સ્ટેશન ફિનિશિંગ અને રેલવે ટ્રેક બિછાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે. મીડિયા અહેવાલ પ્રમાણે, સુરત મેટ્રોનો પ્રથમ તબક્કો જૂન ૨૦૨૬ સુધીમાં કાર્યરત થાય તેવી પૂરેપૂરી સંભાવના છે. આ સુવિધા શરૂ થતા જ સુરતીઓને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી મુક્તિ મળશે અને મુસાફરી વધુ ઝડપી તેમજ આરામદાયક બનશે.

### વહીવટીતંત્ર અને રહીશો વચ્ચે સમન્વય

કામગીરી દરમિયાન સ્થાનિક રહીશોએ આપેલા સહકારને પણ જીએમઆરસીએ બિરદાવ્યો છે. ભવિષ્યમાં આ વિસ્તારમાં સ્ટેશનોના નિર્માણ અને પ્રવેશ-નિકાસ દ્વારની કામગીરી પણ હવે સરળતાથી આગળ વધશે. મેટ્રોના અધિકારીઓએ જણાવ્યું છે કે આ સૌથી જટિલ ભાગ હતો, જે હવે પૂરો થઈ ચૂક્યો છે, તેથી પ્રોજેક્ટની ગતિમાં હવે વધારો થશે.

## માંજલપુર: સ્ટિરોઈડ અને હોર્મોન ઈન્જેક્શનના જથ્થા સાથે દુકાનદાર ઝડપાયો



વડોદરા | શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા તુલસીધામ ચાર રસ્તા પાસે 'દેવપુષ્પ કોમ્પ્લેક્સ'ની એક દુકાનમાં ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડીને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી એવી મસલ્સ પાવર અને હોર્મોન્સની દવાઓનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે 'સિધ્ધિ ન્યુટ્રિશન' નામની દુકાનમાં યુવાનોને ગેરમાર્ગે દોરીને હાનિકારક દવાઓનું વેચાણ કરવામાં આવે છે. દરોડા અને મુદ્દામાલની વિગત ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ આર.જી. જાડેજાની ટીમે જ્યારે દુકાનમાં તપાસ હાથ ધરી ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તપાસ દરમિયાન વિદેશથી આયાત કરાયા હોય તેવા વિવિધ બ્રાન્ડના સ્ટિરોઈડ્સ અને ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સ મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી ટેસ્ટોસ્ટેરોન હોર્મોન ઈન્જેક્શન અને અન્ય પ્રતિબંધિત દવાઓ સહિત કુલ ૨.૮૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દુકાનદારની અટકાયત અને પૂછપરછ પોલીસે મકરપુરા વિસ્તારમાં રહેતા દુકાનદાર અભિષકુમાર અશોક કુમાર કોરીની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરી હતી.

## એક જ પરિવારના ત્રણ સભ્યોના રહસ્યમય મોતથી હડકંપ, ફોરેન્સિક અને પોલીસ તપાસમાં અનેક શક્યતાઓ

(એજન્સી) સુરત । તા. 11

દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર સુરતના લાલગેટ પોલીસ સ્ટેશન હેઠળના હરિપુરા સૌય શેરી વિસ્તારમાં મંગળવારે એક ચોંકાવનારી ઘટના બની છે. એક બંધ મકાનમાંથી પતિ, પત્ની અને ૧૨ વર્ષના માસૂમ પુત્રના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ પરિવાર હજુ એક સપ્તાહ પહેલા જ સાઉદી અરેબિયાની યાત્રા પૂર્ણ કરીને સુરત પરત આવ્યો હતો.

મૃતકોની ઓળખ અને ઘટનાક્રમ પ્રાપ્ત વિગતો મુજબ, મૃતકોમાં ૪૦ વર્ષીય ફૈઝ અહેમદ (જેઓ કેમિકલ વ્યવસાય સાથે સંકળાયેલા હતા), ૩૬ વર્ષીય પત્ની મુબીના અને તેમનો ૧૨ વર્ષનો પુત્ર નોમાન સામેલ છે. જ્યારે સ્થાનિકોએ લાંબા સમય સુધી ઘરનો દરવાજો ન ખુલતા પોલીસને જાણ કરી, ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. ઘરના દરવાજા અંદરથી બંધ હતા, જે પ્રાથમિક દ્રષ્ટિએ કોઈ બાહ્ય હુમલાની શક્યતાને નકારે છે.

પોલીસ તપાસ અને મહત્વના મુદ્દા ડીસીપી (DCP) સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. પોલીસ તપાસમાં બહાર આવેલા મુખ્ય પાસાઓ નીચે મુજબ છે: ત્રણેય મૃતદેહોના મોઢામાંથી ફીણ નીકળતા જોવા મળ્યા હતા, જે ઝેરી પદાર્થ અથવા ગેસ ગળતરના સંકેત હોઈ શકે છે. પોલીસે જણાવ્યું કે બંધ ઘરમાં ગેસ ગળતર જેવી દુર્ઘટના પણ બની શકે છે, જોકે ફૂડ પોઈઝનિંગના લક્ષણો શરીર પર દેખાયા નથી. મોતનું ચોક્કસ કારણ જાણવા માટે લોહીના નમૂના અને અન્ય પુરાવાઓ ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું લાલગેટના રહીશો આ ઘટનાથી સ્તબ્ધ છે. એક ખુશખાલ પરિવાર જે હજુ હમણાં જ વિદેશ યાત્રાથી પરત ફર્યો હતો, તેમનું આ રીતે જવું પડોશીઓ માટે માનવામાં આવતું નથી. પોલીસે આપઘાતની દિશામાં પણ તપાસ હાથ ધરી છે, પરંતુ કોઈ સુસાઈડ નોટ મળી આવી છે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

## રાજકોટ: પોલીસ બનવાનું સપનું અધૂરું રહેતા ૧૯ વર્ષીય યુવતીનો આપઘાત

(એજન્સી) રાજકોટ । તા. 11

ગુજરાત પોલીસમાં પીએસઆઈ (PSI) અને લોકરક્ષક દળ (LRD) ની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે રાજકોટની એક ૧૯ વર્ષીય યુવતી માટે આ પરીક્ષા જીવલેણ સાબિત થઈ છે. શહેરની લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીમાં રહેતી અંજુમ અજીતખાન પઠાણે પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, શારીરિક કસોટીમાં માત્ર દોઢ મિનિટના સમયના તફાવતથી નાપાસ થતા તે ઊંડી હતાશામાં સરી પડી હતી.



ઘટનાની કરૂણ વિગતો અંજુમ પઠાણ, જે હાલ PGVCL ના કસ્ટમર કેરમાં નોકરી કરતી હતી, તે છેલ્લા ઘણા સમયથી પોલીસ ભરતી માટે મહેનત કરી રહી હતી. ગત ૨ ફેબ્રુઆરીના રોજ અમદાવાદ ખાતે તેની શારીરિક કસોટી (દોડ) હતી. આ પરીક્ષામાં તે નિયત સમય કરતા માત્ર દોઢ મિનિટ મોડી પડતા નાપાસ જાહેર થઈ હતી. ઘરે પરત ફર્યા બાદ તે શાંત રહેતી હતી. મંગળવારે જ્યારે તેના માસી તેને બોલાવવા ગયા ત્યારે રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. જારીમાંથી જોતા અંજુમ પંખા સાથે લટકતી હાલતમાં મળી આવી હતી.

પરિવાર અને પોલીસની તપાસ થોરાળા પોલીસ સ્ટેશનના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. અંજુમ અપરિણીત હતી અને તેના માતા-પિતા તેની ઉજ્જવળ કારકિર્દીની આશા રાખતા હતા. દોડમાં નાપાસ થવાના કારણે તેણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ છે, પરંતુ પોલીસ અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરી રહી છે.

## રાજકોટ ચાંદી ચોરી કેસ: ૧.૬૨ કરોડના દાગીનાની લૂંટનો માસ્ટર માઈન્ડ રતનસિંહ ઈન્દોરથી ઝડપાયો

(એજન્સી) રાજકોટ/અમદાવાદ । તા. 11

રાજકોટના સામાકાંઠે આવેલી એક પેઢીમાંથી થયેલી રૂા.૧.૬૨ કરોડની કિંમતની ચાંદીની ચોરીના કેસમાં અમદાવાદ અને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત રીતે સપાટો બોલાવ્યો છે.

આ કેસમાં મુખ્ય સૂત્રધાર રાજસ્થાનના રતનસિંહ રાઠોડ અને બોટાદના રાજુ ભોજકની ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધીની તપાસમાં કુલ ૧૪૦ કિલો ચોરાયેલી ચાંદીમાંથી ૧૧૦ કિલો ચાંદી રિકવર કરવામાં પોલીસને સફળતા મળી છે.

અમદાવાદમાં રિસીવરના ઘરે દરોડા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નરોડા વિસ્તારમાં આવેલા લીલા હાઈટ્સમાં રહેતા મંગુસિંહ જબ્બરસિંહ રાઠોડના ઘરે દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસને ૩૦ કિલો ચાંદીના દાગીના અને ૧૦ કિલો ઓગાળેલી ચાંદી મળી આવી હતી.

ચોંકાવનારી વાત એ છે કે, મંગુસિંહના ઘરેથી ચાંદી ઓગાળવા માટેની ભઠ્ઠી અને સાધનો પણ મળી આવ્યા છે, જે સૂચવે છે કે ચોરીનો મુદ્દામાલ તાત્કાલિક ઓગાળીને તેની ઓળખ ભૂંસી નાખવાનું કાવતરું હતું. અગાઉ પ્રદિપ પ્રજાપતિ પાસેથી પણ ૪૦ કિલો ચાંદી ઝડપાઈ હતી.

મુખ્ય સૂત્રધાર ઈન્દોરથી ઝડપાયો બીજી તરફ, રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સના આધારે મુખ્ય સૂત્રધાર રતનસિંહ રાઠોડને મધ્યપ્રદેશના ઈન્દોરથી દબોચી લીધો છે. તેની સાથે બોટાદનો રાજુ ભોજક પણ ઝડપાયો છે. આ બંને પાસેથી ચોરીમાં વપરાયેલી ક્રેટા કાર અને ૩૦ કિલો ચાંદી કબજે કરવામાં આવી છે.

આગામી કાર્યવાહી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમો હજુ પણ વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા માટે વિવિધ સ્થળોએ દરોડા પાડી રહી છે. પોલીસને આશા છે કે આગામી ૨૪ કલાકમાં બાકીની ૩૦ કિલો ચાંદી પણ મળી જશે. આવતીકાલે પોલીસ દ્વારા આ મામલે પ્રેસ કોન્ફરન્સ યોજી વધુ ચોંકાવનારા ખુલાસા કરવામાં આવશે.

## સુરત કતારગામ અકસ્માત: ST બસના ટાયર નીચે કચડાતા BCA ના વિદ્યાર્થીનું મોત



સુરત | સુરતના કતારગામ વિસ્તારમાં વસ્તાદેવડી રોડ પર સોમવારે સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કોલેજથી છૂટીને ઘરે જઈ રહેલા ૨૦ વર્ષીય બીસીએના વિદ્યાર્થી જશ બુંદેલાનું GSRTC ની વોલ્વો બસના પાછળના ટાયર નીચે આવી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જે જોઈને કોઈપણનું કાળજું ધ્રુજી ઉઠે તેમ છે. અકસ્માતની કરૂણ વિગતો પ્રાપ્ત માહિતી અનુસાર, જહાંગીરાબાદ કેનાલ રોડ પર રહેતા અને સિક્યોરિટી સુપરવાઈઝર ગિરીશભાઈ બુંદેલાનો પુત્ર જશ છાપરાભાઠાની જે.ઝેડ. શાહ કોલેજમાં અભ્યાસ કરતો હતો. સોમવારે સાંજે ૪:૩૦ વાગ્યાના સુમારે તે પોતાના મોપેડ પર વસ્તાદેવડી રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. સિંગલ રોડ હોવા છતાં તેણે આગળ જઈ રહેલી એસટી બસને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. તે દરમિયાન સામેથી એક બાઈક આવી જતાં જશે અચાનક બ્રેક મારી હતી, જેને કારણે તેનું મોપેડ સ્લીપ થઈ ગયું હતું અને તે સીધો બાજુમાં ચાલતી વોલ્વો બસના પાછલા ટાયર નીચે પટકાયો હતો.

મહિલાલક્ષી યોજનાઓ અને કાયદાકીય જાગૃતિ: તિલકવાડામાં યોજાયો વિશેષ સંવાદ

## બેટી બચાવો, બેટી પઢાવો: તિલકવાડામાં 48 તેજસ્વી દીકરીઓનું એજ્યુકેશન કીટ આપી સન્માન

(એજન્સી) રાજપીપલા । તા. 11

નર્મદા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત તિલકવાડાની કે.એમ. શાહ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દીકરીઓને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવાની સાથે તેમને કાયદાકીય અને સામાજિક સુરક્ષા અંગે જાગૃત કરવાનો હતો.

સાયબર સુરક્ષા અને સ્વ-રક્ષણ પર ભાર કાર્યક્રમ દરમિયાન તિલકવાડા પોલીસ સ્ટેશનની સી-ટીમ (SHE Team) સાથે એક ખાસ સંવાદ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓને વર્તમાન સમયના મોટા જોખમ એવા 'સાયબર ક્રાઈમ' થી કેવી રીતે બચવું, સોશિયલ મીડિયાના ઉપયોગમાં કઈ સાવચેતી રાખવી અને મુશ્કેલ સમયમાં પોતાનું 'સ્વ-રક્ષણ' (Self-Defense) કેવી રીતે કરવું તે અંગે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત મહિલાઓ માટેની વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓની પણ માહિતી આપવામાં આવી હતી.

તેજસ્વી તારલાઓનું બહુમાન આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર દીકરીઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી:

ગત વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર ૪૦ દીકરીઓને એજ્યુકેશન કીટ (સ્કૂલ બેગ, વોટર બોટલ, ડ્રોઈંગ કીટ વગેરે) આપવામાં આવી હતી.



અન્ય ૮ તેજસ્વી દીકરીઓને પણ તેમની શૈક્ષણિક સિદ્ધિ બદલ કીટ વિતરણ કરી સન્માનિત કરાઈ હતી. શાળાના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર વિદ્યાર્થીનીઓને પણ વિશિષ્ટ બહુમાન અપાયું હતું.

ઉપસ્થિત મહાનુભાવો આ સેમિનારમાં શાળાના આચાર્ય, જિલ્લા મહિલા અને બાળ અધિકારી, મહિલા સહાયતા કેન્દ્ર રાજપીપળા, સખી વન સ્ટોપ સેન્ટર તેમજ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તમામ વક્તાઓએ દીકરીઓને સશક્ત બની દેશના વિકાસમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું.

## વડોદરા સયાજી હોસ્પિટલ:

# કાશ્મીરના બાળકની વ્હારે આવ્યા તબીબો

(એજન્સી) વડોદરા । તા. 11

ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ ગણાતી સયાજી હોસ્પિટલ (SSG) ની ખ્યાતિ હવે માત્ર ગુજરાત પૂરતી સીમિત રહી નથી, પરંતુ છેક ઉત્તર ભારતના છેવાડાના વિસ્તારો સુધી પહોંચી છે. તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના સોપોર વિસ્તારનો એક મુસ્લિમ પરિવાર પોતાના નાના બાળકની સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાં બાળકની સફળતાપૂર્વક વિનામૂલ્યે સારવાર કરવામાં આવી છે.

સમસ્યા અને નિદાન સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ બાળક લાંબા સમયથી ગળામાં મોટા કાકડા (Tonsils) ને કારણે ગંભીર ઈન્ફેક્શનથી પીડાતું હતું. આ બીમારી એટલી હદે વકરી હતી કે બાળક રાત્રે શાંતિથી ઊંઘી શકતું નહોતું અને તેને ખોરાક ગળવામાં પણ ભારે પીડા થતી હતી. કાશ્મીરમાં યોગ્ય સારવારના અભાવે અથવા અન્ય કારણોસર પરિવારને જ્યારે સયાજી હોસ્પિટલની ખ્યાતિ વિશે જાણવા મળ્યું, ત્યારે તેઓ આશા સાથે વડોદરા આવ્યા હતા.

તબીબોની સફળતા અને પરિવારનો સંતોષ હોસ્પિટલના ઈએનટી (ENT) વિભાગના તબીબોએ બાળકની તપાસ કરી તાત્કાલિક ઓપરેશનનો નિર્ણય લીધો હતો. સફળ ઓપરેશન બાદ હવે બાળક સંપૂર્ણ સ્વસ્થ છે અને તેને શ્વાસ લેવામાં કે ખાવામાં કોઈ તકલીફ નથી. બાળકની માતાએ હોસ્પિટલના સ્ટાફ અને ડોક્ટરોની કાળજીના ભૂરી-ભૂરી વખાણ કર્યા હતા. બાળકના પિતાએ પણ ગુજરાત સરકાર અને સયાજી હોસ્પિટલના તબીબોનો આભાર માનતા જણાવ્યું હતું કે, "આવી ઉત્તમ અને નિઃશુલ્ક સારવાર કાશ્મીરમાં પણ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા સરકારી તંત્રએ કરવી જોઈએ."

## વડોદરાની વિશ્વામિત્રીમાં 417 મગરોનો અડ્ડો: 17 કિમીમાં નવો સર્વે



વડોદરા | સંસ્કારી નગરી વડોદરાના હૃદયમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મગરોની લેટેસ્ટ ગણતરીના આંકડા જાહેર થયા છે. એમ.એસ. યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના વરિષ્ઠ અધ્યાપક ડો. રણજિતસિંહ દેવકરના નેતૃત્વમાં કરાયેલા સર્વે મુજબ, દેણાથી તલસટ સુધીના ૧૭ કિમીના પટ્ટામાં કુલ ૪૧૭ મગરો વસવાટ કરી રહ્યા છે. મહત્વની વાત એ છે કે ૨૦૨૫માં ગીર ફાઉન્ડેશન દ્વારા કરાયેલી ૪૪૨ની ગણતરીમાં તળાવોના મગરો પણ સામેલ હતા, જ્યારે આ વખતે માત્ર નદીના પટ્ટા પર જ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. મગરોની વર્તણૂંક અને પ્રજનન સર્વે દરમિયાન સૌથી પ્રોત્સાહક બાબત એ સામે આવી છે કે ગત વર્ષે નદી ઊંડી અને પહોળી કરવાની કામગીરી છતાં મગરોની વર્તણૂંક પર કોઈ નકારાત્મક અસર પડી નથી. નિષ્ણાતોએ પાંચ સ્થળોએ મગરોને પ્રજનન માટે સક્રિય જોયા છે, જે દર્શાવે છે કે તેઓ તણાવમુક્ત છે.

## ભાવ ગત વર્ષ કરતા બમણા, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

# લાલ મરચાના ભાવમાં તોતિંગ ઉછાળો અને લાલચોળ તેજી

(એજન્સી)ગોંડલ/રાજકોટ। તા. 11

ગુજરાતના મસાલા બજારમાં હજુ તો નવી સીઝનનો પ્રારંભ થાય તે પહેલા જ લાલ મરચાના ભાવમાં 'લાલચોળ' તેજી જોવા મળી રહી છે. ગત વર્ષની સરખામણીએ મરચાના ભાવમાં બમણાથી પણ વધુનો વધારો ઝીંકાયો છે, જેના કારણે સામાન્ય જનતા અને ખાસ કરીને ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવાય તેવી પૂરેપૂરી શક્યતા છે. ક્લાયમેટ ચેન્જ અને કમોસમી વરસાદને કારણે મરચાના ઉત્પાદનમાં થયેલો ઘટાડો આ તોતિંગ ભાવવધારાનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ફેબ્રુઆરી-૨૦૨૫માં સૂકા મરચાના પ્રતિ ૨૦ કિલોના ભાવ ૮૦૦ થી ૨૩૦૦ રૂપિયાની વચ્ચે હતા. જોકે, વર્ષ ૨૦૨૬ ની શરૂઆતથી જ બજાર ગરમ થવા લાગ્યું હતું. ગત મહિને જે મરચા ૨૯૦૦ થી ૪૪૦૦ રૂપિયામાં મળતા હતા, તેના ભાવ આજે ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વધીને ૩૭૦૦ થી ૬૪૫૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. એટલે કે, માત્ર એક જ મહિનામાં મરચાના ભાવમાં પ્રતિ ૨૦ કિલોએ ૧૧૦૦ થી ૨૦૦૦ રૂપિયાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે.



મીડિયા અહેવાલ મુજબ, દેશમાં મરચાનું સૌથી વધુ ઉત્પાદન કરતા આંધ્રપ્રદેશમાં આ વર્ષે પાકને ભારે નુકસાન થયું છે. પ્રતિકૂળ હવામાન અને કમોસમી વરસાદને કારણે મરચાની ઉપજમાં મોટો ઘટાડો થયો હોવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૪ માં દેશમાં ૨૯ લાખ ટન મરચાનું ઉત્પાદન થયું હતું, જેમાં ગુજરાતનો હિસ્સો ૨૭ હજાર ટન રહ્યો હતો. પરંતુ આ વર્ષે સ્થાનિક સ્તરે પણ ગોંડલ સહિતના યાર્ડોમાં આવક ઓછી રહેવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે સ્ટોકિસ્ટો પણ સક્રિય થયા છે.

### સીઝન પૂર્વે જ ગૃહિણીઓમાં ચિંતા

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, સામાન્ય રીતે ગુજરાતમાં ધુળેટી પછી મસાલા ભરવાની સીઝન શરૂ થતી હોય છે. માર્ચ મહિનામાં જ્યારે ગૃહિણીઓ આખા વર્ષના મરચાના પાવડરની ખરીદી માટે બજારમાં નીકળે છે, ત્યારે જ ભાવ આસમાને પહોંચ્યા છે. છૂટક બજારમાં સારી ગુણવત્તાના મરચામાં પ્રતિ કિલોએ ૫૦ થી ૧૦૦ રૂપિયાનો વધારો અત્યારથી જ જોવા મળી રહ્યો છે. જો આ જ સ્થિતિ રહી તો આગામી દિવસોમાં મરચું સામાન્ય માણસની પહોંચથી દૂર જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

મરચાની ઓછી આવક અને સામે સતત વધતી માંગને કારણે ભાવમાં હજુ પણ વધારો થઈ શકે છે. વેપારીઓ માને છે કે જો દક્ષિણ ભારતના રાજ્યોમાંથી આવક નહીં વધે, તો માર્ચ મહિનામાં જ્યારે ખરીદીની પીક સીઝન હશે ત્યારે ભાવ હજુ વધુ લાલચોળ બની શકે છે. હાલમાં તો ખેડૂતોને સારા ભાવ મળી રહ્યા છે, પરંતુ ગ્રાહકો માટે રસોડાનો સ્વાદ મોંઘો સાબિત થઈ રહ્યો છે.


## કચ્છના નાના રણમાં વન વિભાગનો માસ્ટર પ્લાન

# વન્યજીવો માટે ૧.૩૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થશે

(એજન્સી)ગાંધીનગર/કચ્છ। તા. 11

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત વન વિભાગ દ્વારા કચ્છના નાના રણ વિસ્તારમાં પર્યાવરણીય સંતુલન જાળવવા માટે એક અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ આ પ્રોજેક્ટની વિગતો આપતા જણાવ્યું હતું કે, શુષ્ક વાતાવરણ ધરાવતા રણ વિસ્તારમાં હવે વરસાદી પાણીનો સંગ્રહ કરી એક આખી ઈકો સિસ્ટમ વિકસાવવામાં આવશે.

પાણીનો સંગ્રહ અને વન્યજીવોનું સંવર્ધન આ પ્રોજેક્ટ હેઠળ આશરે ૧ કિમીના વિસ્તારમાં ત્રણ વિશેષ પ્રકારના પાળાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ આયોજનથી ચોમાસા દરમિયાન વહી જતું



૧.૩૫ કરોડ લિટર વરસાદી પાણી સંગ્રહિત થશે. રણના ખારા અને શુષ્ક વાતાવરણમાં શિયાળા સુધી વન્યપ્રાણીઓને કુદરતી રીતે પીવાનું મીઠું પાણી મળી રહેશે, જે રણની જીવસૃષ્ટિ માટે 'અમૃત' સાબિત થશે. ઈકો-સિસ્ટમ અને જૈવવૈવિધ્યમાં સુધારો મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટ માત્ર જળ સંચય પૂરતો મર્યાદિત નથી. માટીમાં ભેજ વધવાથી જમીનની ફળદ્રુપતા વધશે અને રણ વિસ્તારમાં કુદરતી રીતે સ્થાનિક ઘાસ ઉગશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું.

**મિથુન : ક. છ. ઘ.**

તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો.

**કર્ક : ડ. હ.**

રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**સિંહ : મ. ટ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે.

**તુલા : ર. ત.**

તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે.

**મકર : ખ. જ.**

જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.

**મીન : દ. ચ. ઝ. થ.**

લાગણીની દ્દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે.

### ટ્રાફિક ઝુંબેશ તેજ બની

## ભાવનગરમાં ટ્રાફિક પોલીસે ૯ દિવસમાં ૬ લાખનો દંડ વસૂલ્યો

ભાવનગર: ભાવનગર શહેરમાં માર્ગ અકસ્માતો ઘટાડવા અને ટ્રાફિક શિસ્ત જાળવવા માટે પોલીસ વિભાગ દ્વારા એક વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર સીટી નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંઘાલના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં ૯ દિવસ સુધી ચાલેલી આ ઝુંબેશમાં પોલીસે નિયમભંગ કરનારા વાહનચાલકો સામે લાલ આંખ કરી છે. આ સમયગાળા દરમિયાન પોલીસે કુલ ૧૨૭૯ વાહનોને મેમો ફટકારીને રૂ. ૬.૧૨ લાખથી વધુનો દંડ વસૂલ કર્યો છે, જ્યારે ૧૦૬ જેટલા વાહનોને કાયદાકીય પ્રક્રિયા હેઠળ ડિટેઈન કરવામાં આવ્યા છે.

તાજેતરમાં શહેરમાં ભારે વાહનો દ્વારા સર્જાયેલા અકસ્માતોની ઘટનાઓને ગંભીરતાથી લઈને પોલીસ દ્વારા આ સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવી હતી. ૨૩ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચાલેલી આ કાર્યવાહીમાં ટ્રાફિક શાખા ઉપરાંત નિલમબાગ, ઘોઘારોડ, ગંગાજળીયા, બોરતળાવ અને ભરતનગર જેવા પોલીસ મથકોના ઈન્ચાર્જ દ્વારા સંયુક્ત કામગીરી કરવામાં આવી હતી.

**૧૨૭૯ મેમો ફટકારી લાખોનો દંડ વસૂલ કરાયો**

ખાસ કરીને પ્રતિબંધિત સમયે શહેરમાં પ્રવેશતા ભારે વાહનો અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા ચાલકો વિરુદ્ધ એમ.વી. એક્ટ મુજબ કેસ કરવામાં આવ્યા હતા.પોલીસે આ ડ્રાઈવ દરમિયાન વિવિધ પ્રકારના ગુનાઓ માટે અલગ-અલગ દંડ ફટકાર્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નંબર પ્લેટ વગર વાહન ચલાવતા ૯૫ ચાલકો પાસેથી રૂ. ૨૯,૨૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. સૌથી ગંભીર બાબત એ સામે આવી કે ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરનારા ૯૮ લોકો ઝડપાયા હતા, જેમને રૂ. ૪૮,૪૦૦નો દંડ કરવામાં આવ્યો હતો. વાહન ચલાવતી વખતે ફોનનો ઉપયોગ અકસ્માતનું મુખ્ય કારણ બનતો હોવાથી પોલીસ આ બાબતે વધુ કડક જણાઈ રહી છે.

### ભવનાથ તળેટી 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના નાદથી ગુંજી

# જૂનાગઢ ભવનાથના મીની કુંભ સમાન મહાશિવરાત્રીના મેળાનો ધ્વજારોહણ સાથે ભવ્ય અને દિવ્ય પ્રારંભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.11.

આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરતા મહાશિવરાત્રીના મેળાનો આજે મહાવદ -૯ ના હર હર મહાદેવના જયકાર સાથે વિધિવત પ્રારંભ થયો છે. ઐતિહાસિક બનવા જઈ રહેલા મહા શિવરાત્રીનો મેળોનો સાધુ સંતો, પદાધિકારી અને અધિકારીઓએ ધ્વજાજીના શાસ્ત્રોક્ત પૂજન સાથે ભવનાથ મંદિર ખાતે ધ્વજારોહણ કરીને ભક્તિમય માહોલમાં શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સમગ્ર ભવનાથ તળેટી 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના નાદથી ગુંજી ઉઠી હતી. મહાશિવરાત્રીના મેળામાં આ વર્ષે પ્રથમ વખત અધિકારીઓ પદાધિકારીઓએ -સાધુ સંતોએ ભરડાવાવથી પદયાત્રા કરી હતી.મહાશિવરાત્રીના મેળાના પ્રારંભ વેળાએ શ્રી ઈન્દ્રભારતી બાપુ, શ્રી મહેન્દ્રાનંદ ગીરીબાપુ, શ્રી ભારદ્વાજ ગીરીબાપુ, શ્રી હરિહરાનંદ બાપુ શ્રી રામદાસ બાપુ, શ્રી કિશનદાસ બાપુ, શ્રી હંસ ગીરીબાપુ, તેમજ જુના આહવાન અને





અગ્નિ અખાડા,જુદા જુદા અખાડાના સાધુઓ ઉપરાંત મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ, ઠુંમર, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી. પટેલ, ડેપ્યુટી મેયરશ્રી આકાશ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી શ્રીમતી પલ્લવીબેન ઠાકર, પવિત્ર યાત્રાધામ બોર્ડના સભ્ય સચિવશ્રી રમેશ મેરજા, કમિશનરશ્રી તેજસ પરમાર, મેળા અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, તથા શ્રી ધવલભાઈ દવે, યોગીભાઈ પઢીયાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી સંપન્ન થયેલ ધ્વજારોહણ વિધિ સંપન્ન થઈ હતી.ઉલ્લેખનીય છે કે, ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનો સંગમરૂપ પાંચ દિવસ સુધી ચાલનારા આ મેળામાં દેશભરમાંથી નાગા સાધુઓ, અને લાખો ભક્તો દર્શનાર્થે આવે છે.

### ગઢડાના માણેકચોકમાં ધોળા દિવસે લૂંટ

## ગઢડામાં ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો પચીસ હજાર લૂંટી ફરાર

(એજન્સી) ગઢડા | તા.11

ગઢડા શહેરના સૌથી વ્યસ્ત અને ધમધમતા માણેકચોક વિસ્તારમાં ધોળા દિવસે ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. એક પ્રોવિઝન સ્ટોરમાં ગ્રાહક બનીને આવેલા બે ગઠિયાઓએ અત્યંત ચાલાકીપૂર્વક વેપારીની નજર ચૂકવીને પચીસ હજાર રૂપિયાની રોકડ ભરેલું પાકીટ ચોરી લીધું હતું. આ ઘટનાને પગલે સમગ્ર ગઢડાના વેપારી આલમમાં ભારે ચકચાર અને રોષની લાગણી જન્મી છે. ચોરીની આ પદ્ધતિ પરથી જણાય છે કે આ કોઈ રીઢા ગુનેગારોનું કામ હોઈ શકે છે જેઓ ભીડભાડવાળા વિસ્તારોમાં વેપારીઓને નિશાન બનાવે છે. માણેકચોક સ્થિત 'આર.કે. જોષી' પ્રોવિઝન સ્ટોરના સંચાલક રસિકભાઈ દિનકરરાય જોષી જ્યારે પોતાની દુકાને હાજર હતા, ત્યારે બે અજાણ્યા શખ્સો અલગ-અલગ સમયે ગ્રાહક તરીકે આવ્યા હતા. પ્રથમ ગ્રાહકે ચાની ભૂકી ખરીદી અને પાંચસોની નોટ આપી હતી. વેપારી જ્યારે પાકીટમાંથી પરચુરણ કાઢી રહ્યા હતા, ત્યારે જ બીજો શખ્સ અચાનક મીઠાની થેલી લેવા માટે આવ્યો અને ઉતાવળ કરવા લાગ્યો હતો. વેપારીએ પાકીટ કાઉન્ટર પર જ મૂકીને મીઠું લેવા અંદર ગયા, જેની તક ઝડપીને ગઠિયાએ પચીસ હજાર રૂપિયા ભરેલું પાકીટ સરકાવી દીધું અને બંને પળવારમાં ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા.

### પરીક્ષા/ બંદોબસ્ત

## ખેડા જિલ્લા 69 કેન્દ્રો પર 47,405 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, 2,561 કર્મચારીઓનો બંદોબસ્ત

નડિયાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૬ ફેબ્રુઆરીથી લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ખેડા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. જિલ્લાના કુલ ૬૯ સેન્ટરો પરથી ૪૭,૪૦૫ પરીક્ષાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે ૨,૫૬૧ કર્મચારીઓની નિમણૂક સાથેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૬ ફેબ્રુઆરીથી રાજ્યવ્યાપી પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. ખેડા જિલ્લામાં આ પરીક્ષાઓ ગેરરીતિ મુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા શિક્ષણ વિભાગે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આ વર્ષે જિલ્લામાં એસએસસી અને એચએસસીના કુલ ૪૭,૪૦૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેમના માટે ૬૯ પરીક્ષા કેન્દ્રોના ૧૭૩ મકાનોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષાર્થીઓની વિગતો જોઈએ તો, એસએસસીમાં સૌથી વધુ ૨૯,૭૨૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

### જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ પગપાળા ચાલીને ભવનાથમાં સાધુ સંતોના આશ્રમો-અખાડા ઓની મુલાકાત કરી સંતોના આશીર્વાદ મેળવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ : જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ ભવનાથ મંદિર ખાતે ધ્વજારોહણ બાદ પગપાળા ચાલીને ગીરનાર તળેટી સ્થિત જુદા જુદા આશ્રમોની પગપાળા ચાલીને દર્શનાર્થે પહોંચ્યા હતા અને સાધુ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. જિલ્લા કલેકટરશ્રીએ ભવનાથ વિસ્તારમાં સાધુ સંતોના આશ્રમો- અખાડાઓની મુલાકાત કરી હતી, આ આશ્રમો ખાતે ભાવપૂર્વક દર્શન કરવાની સાથે સાધુ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા, જિલ્લા કલેકટરશ્રી એ ભારતી આશ્રમ, ઈન્દ્રભારતી બાપુના આશ્રમ સહિત જુદા જુદા અખાડાઓની મુલાકાત કરી હતી અને સાધુ સંતો સાથે જોડાઈને ધ્વજારોહણકર્યું હતું. શ્રી મુક્તાનંદ બાપુ, શ્રી ઈન્દ્રભારતી બાપુ, શ્રી હરીહરાનંદ બાપુ સહિતના સંતોએ પદાધિકારી અધિકારીઓને આવકારવાની સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

### કાયદાના લીરેલીરા

## અધિકારીઓએ પોતાની કચેરીના જ હુકમની માહિતી છુપાવવા અરજદારને ધક્કા ખવડાવ્યા

નડિયાદ: નડિયાદમાં મિશન રોડ પરની શાળાના રૂમો ફાળવવા બાબતના પત્રની માહિતી છુપાવવા પાલિકાના અધિકારીઓએ અરજદારને એક મહિના સુધી ધક્કે ચઢાવી માહિતી અધિકારના કાયદાની મજાક ઉડાવી હોવાનું બહાર આવ્યું છે. પોતાની જ કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી આપવાને બદલે અરજી વારંવાર તબદીલ કરી ગેરમાર્ગે દોરનાર માહિતી અધિકારી વિરુદ્ધ કડક પગલાં લેવા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવી છે.નડિયાદ મહાનગરપાલિકામાં માહિતી અધિકારના કાયદાનો ઉલાળિયો કરવામાં આવતો હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક નાગરિક દ્વારા મિશન રોડ પર આવેલી નગર પ્રાથમિક શાળા નંબર ૨૨ના મકાનમાં બી.એમ. પટેલ બાલ અધ્યાપન મંદિરને બેસવા દેવાની મંજૂરી અંગેની માહિતી માંગવામાં આવી હતી. આ માહિતી નડિયાદ નગરપાલિકાના તત્કાલીન મુખ્ય અધિકારી અને હાલના ઈન્ચાર્જ નાયબ મ્યુનિસિપલ કમિશનરના હુકમથી જ અપાઈ હોવા છતાં, જન માહિતી અધિકારીએ અરજદારને માહિતી આપવાને બદલે અરજી વારંવાર તબદીલ કરીને ગેરમાર્ગે દોર્યા હોવાની ફરિયાદ ઉઠી છે.

### વેચાણ નોંધો મંજૂર કરવાનું કૌભાંડ

## રતનપુરા ગામની જમીન પચાવી પાડવા મામલે માતરના નાયબ મામલતદાર સહિત 7 સામે છેતરપિંડીની ફરિયાદ

નડિયાદ: રતનપુરા ગામની કરોડોની કિંમતની જમીન પચાવી પાડવા માટે નાયબ મામલતદાર સહિત સાત શખ્સોએ મિલીભગત કરી બોગસ પેઢીનામું અને પંચક્યાસ ઉભા કર્યાના આક્ષેપ સાથેની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. વર્ષ ૧૯૯૯ના રજિસ્ટર્ડ વિલને અવગણીને ૧૮ વર્ષ બાદ સત્તાનો દૂરુપયોગ કરી ગેરકાયદેસર વારસાઈ અને વેચાણ નોંધો મંજૂર કરવાનું મસમોટું કૌભાંડ આચરવામાં આવ્યાના આક્ષેપો થઈ રહ્યાં છે. આ પ્રકરણમાં આથક લાભ મેળવી હકદાર વારસદારનો હક ડુબાડવા માટે અધિકારીએ જેલમાં પૂરવાની ધમકી આપી હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.આ ખેલમાં માતરના નાયબ મામલતદારે પોતાના હોદ્દાનો દૂરુપયોગ કરી સિવિલ કોર્ટમાં દાવો ચાલુ હોવા છતાં વારસાઈ અને વેચાણની નોંધો મંજૂર કર્યાનો આક્ષેપજમીન હડપી લેવાના ઈરાદે નાયબ મામલતદાર અને અન્ય મળતિયાઓએ મળીને કૌભાંડ આચર્યું હોવાના આક્ષેપ સાથેની લેખિત ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. આ કેસની વિગત મુજબ, ફરિયાદીના માસી સુરજબેન વાઘેલાએ વર્ષ ૧૯૯૯માં પોતાની સ્થાવર મિલકતો અને રહેણાંકના મકાનો અંગે કાયદેસરનું રજિસ્ટર્ડ વિલ બનાવી ફરિયાદીને વારસદાર નિમ્યા હતા. સુરજબેનનું વર્ષ ૨૦૦૦માં અવસાન થયા બાદ આ મિલકતો પર મીટ માંડીને બેઠેલા અન્ય આરોપીઓએ ૧૮ વર્ષ બાદ એટલે કે, વર્ષ ૨૦૧૯માં કાવતરું રચ્યું હતું. જેમાં ખોટા પંચક્યાસ, સોગંદનામા અને બનાવટી પેઢીનામું તૈયાર કરી મિલકત પચાવી પાડવાનો પ્રયાસ કરાયો હતો. આ સમગ્ર ખેલમાં માતરના નાયબ મામલતદાર જે.વી. પટેલે પોતાના હોદ્દાનો દૂરુપયોગ કરી સિવિલ કોર્ટમાં દાવો ચાલુ હોવા છતાં આથક લાભો મેળવીને ગેરકાયદેસર રીતે વારસાઈ અને વેચાણની નોંધો મંજૂર કરી દીધી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદીએ જ્યારે આ બાબતે રજૂઆત કરી ત્યારે અધિકારીએ જેલમાં પૂરી દેવાની ધમકી આપી હોવાના પણ આક્ષેપ ઉઠયાં છે. આરોપીઓએ ઉભા કરેલા ખોટા પંચક્યાસમાં એવી ગંભીર ભૂલ સામે આવી છે કે, પંચ તરીકે જે વ્યક્તિઓના નામ દર્શાવ્યા છે તેમની ઉંમર માત્ર ૩૧ વર્ષ બતાવી છે. જ્યારે જે-તે સમયે જેમના મૃત્યુ અંગે સાક્ષી પુરાવી છે, તે ઘટના ૫૦ વર્ષ જૂની છે. આમ, જે આરોપીઓનો જન્મ પણ થયો ન હતો, તેઓએ વર્ષો જૂની ઘટનાના સાક્ષી તરીકે સહીઓ કરી હોવાનું રેકોર્ડ પર આવતા કૌભાંડ છતું થયું છે...


### વગર પરવાને ચાલતી ઘીની પેઢી વિરુદ્ધ કાર્યવાહી: ૧૫૧૩ કિલો જથ્થો જપ્ત કરાયો

## જૈનમ બ્રાન્ડના નામે ચાલતું નકલી ઘીનું કૌભાંડ પકડાયું

પાલનપુર : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર દ્વારા જાહેર જનતાના આરોગ્યના હિતમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર શ્રી ટી.એચ. પટેલ અને ફૂડ સેફ્ટી ઓફિસર શ્રી ઇ.એસ. પટેલની ટીમ દ્વારા તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના માહી ખાતે આવેલા ગુડલક એસ્ટેટના પ્લોટ નં. ૫૯૦૦ પર સ્થિત મે.ખુશ્બુ એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ પેઢીના માલિક શ્રી અલમદારઅલી અબ્બાસ અલી સુણસરા કોઈપણ પ્રકારના કાયદેસરના પરવાના કે મંજૂરી વગર શંકાસ્પદ ઘીના ઉત્પાદન અને વેચાણનો ધંધો કરતા હતા. આ તપાસ દરમિયાન પેઢીમાં કલર, એસેન્સ, સોયાબીન ઓઈલ, પામોલીન ઓઈલ અને વનસ્પતિનો







ઉપયોગ કરી મોટા પાયે શંકાસ્પદ ઘીનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ થતું હોવાનું જણાયું હતું. ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા પંચોની હાજરીમાં કરાયેલી તપાસમાં 'જૈનમ' બ્રાન્ડનું ૧ લિટરના પેકિંગમાં શુદ્ધ ગાયનું ઘી તેમજ લૂઝ ઘીનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત, ભેળસેળ માટે વપરાતા જલારામ રિફાઈન્ડ સોયાબીન તેલ, પામોલીન તેલ, સુર્યા ગોલ્ડ વનસ્પતિ, વેજીટેબલ ફેટ, બીટા કેરોટીન કલર અને આર્ટિફિશિયલ ફ્લેવર સબસ્ટન્સ જેવા પદાર્થો પણ મોટી માત્રામાં મળી આવ્યા હતા. આ પેઢી 'જૈનમ' બ્રાન્ડના નામે ગાય અને ભેંસનું ઘી બનાવીને જુદા-જુદા રાજ્યોમાં તેનું વેચાણ કરતી હોવાનું પણ તપાસમાં ખૂલ્યું હતું.

આ કાર્યવાહી અંતર્ગત ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શંકાસ્પદ ઘી અને એડલટ્રન્ટના કુલ ૦૮ નમૂનાઓ લેવામાં આવ્યા છે, જેને ચકાસણી અર્થે સરકારી ફૂડ લેબોરેટરી ખાતે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. વિભાગ દ્વારા આશરે ૧૫૧૩ કિલોગ્રામ જેટલો શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, જેની અંદાજિત કિંમત રૂ. ૩,૬૭,૯૮૬/- થાય છે. હાલ આ મામલે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીશ્રી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રઢુ, હલધરવાસ અને નડિયાદમાંથી જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

નડિયાદ: ખેડા જિલ્લામાં જુગારની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી છે. ત્યારે પોલીસે રઢુ, હલધરવાસ અને નડિયાદમાં હાર જીતનો જુગાર રમતા સાત જુગારીયાઓને ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે જે-તે પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવેલ છે. ખેડા ટાઉન પોલીસ સોમવારે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, રઢુ સીમમાં વારસંગ રોડ ઉપર કેટલાક લોકો પોતાના ફાયદા સારું પત્તા પાનાનો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેડ પાડતા પત્તા પાનાનો જુગાર રમતા બટુક નારણભાઈ પટેલ, રમેશ હમીરભાઈ ઠાકોર અને વિઠ્ઠલભાઈ જીવાભાઈ ઠાકોરને જુગાર રમવાના સાધનો તેમજ રોકડ રૂ.૧,૫૫૦ સાથે ઝડપી પાડયા હતા.

### નખત્રાણા તાલુકા કોંગ્રેસ મહામંત્રી એ ઉઠાવી ઉગ્ર આંદોલન કરવાની ચિમકી

## રોડ ક્રોસ કરી નાના બાળકો ને જવું પડે છે સ્કુલે જે વાલીઓ માટે મોટી ચિંતા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) મધ્યે પ્રાથમિક શાળાના રૂમો જર્જરિત હાલત હોતા હાલ વૈકલ્પિક વ્યવસ્થા ના ભાગરૂપે ગામની શ્રી સરકારી માધ્યમિક હાઈસ્કૂલમાં વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય ચાલુ કરવામાં આવેલ છે પરંતુ પ્રાથમિક શાળાના નાના બાળકોને હાજીપીર રોડ પસાર કરી જીંજાય રોડ ઉપર હાઈસ્કૂલ ભણવા જવું પડે છે જેથી વાલીઓને સતત ચિંતિત રહે છે કારણ કે હાજીપીર રોડ સતત ટ્રાફિકથી ધમધમતો રહે છે અને નવી મફત નગર અને હાઈસ્કૂલનું અંતર 1કિ મી હોવાથી બાળકોને ઉભા રોડે આવા જવામાં ખૂબ જ બીક લાગે છે જેથી કોઈ મોટી ઘટના બને તે પહેલા મૂડ જગ્યાએ પ્રાથમિક શાળામાં ટેન્ટ અથવા બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી શિક્ષણ ચાલુ કરવામાં નહીં આવે તો ના છૂટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે જેની નોંધ લેશ તેવું નખત્રાણા તાલુકા કોંગ્રેસ મહામંત્રીશ્રી જુસબ સોઢાની યાદી જણાવ્યું હતું

**પ્રાથમિક શાળા ટેન્ટ અથવા બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગ_ હાઈસ્કૂલનું અંતર 1 કિ.મી દુર વિદ્યાર્થીઓ ને આવવા જવા માટે ભયંકર તકલીફ**

### સ્ટેટ જીએસટી વિભાગની મોટી કાર્યવાહી | બીલ વગરના વ્યવહારો અંગે સઘન તપાસ

# ભાવનગરમાં અગ્રણી પરફ્યુમ વેપારીના ત્રણ સ્થળોએ જીએસટી વિભાગના દરોડા

(એજન્સી) ભાવનગર | તા.11

સુરતમાં પરફ્યુમ ઉદ્યોગ સાથે સંકળાયેલી પેઢીઓ પર થયેલી કાર્યવાહી બાદ હવે સ્ટેટ જીએસટી વિભાગે ભાવનગરના પરફ્યુમ ઉત્પાદકો અને વેપારીઓ પર સકંજો કસ્યો છે. બુધવારે (૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬) વહેલી સવારે સ્ટેટ જીએસટીની અલગ-અલગ ટીમોએ શહેરની અગ્રણી પરફ્યુમ ઉત્પાદક પેઢીના ત્રણ મુખ્ય સ્થળો પર એકસાથે દરોડા પાડતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાથમિક તપાસમાં કરોડો રૂપિયાના બીલ વગરના વ્યવહારો અને ચીઠ્ઠી પર થતા આર્થિક લેવડ-દેવડની વિગતો સામે આવવાની શક્યતા જણાઈ રહી છે.ભાવનગરના હાર્દ સમા આંબાચોક વિસ્તારમાં આવેલા 'મનીષ પરફ્યુમર્સ' ના રિટેઈલ આઉટલેટ પર જીએસટીની ટીમો સવારે ઉઘડતી બજારે ત્રાટકી હતી. આ ઉપરાંત, મોતીતળાવ વીઆઈપી પ્લોટમાં સ્થિત તેમના મેન્યુફેક્ચરિંગ યુનિટ 'મનિષ ઈન્ડસ્ટ્રીઝ' અને 'મનીષ ઈન્ટરનેશનલ' તેમજ ગોડાઉન પર પણ સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. અધિકારીઓએ પેઢીના શિશુવિહાર વિસ્તારમાં આવેલા રહેણાંકના સ્થળે પણ કાગળોની ચકાસણી કરી હતી. આ દરોડામાં સ્ટેટ જીએસટીના ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો જોડાયો હતો.સ્ટેટ જીએસટી વિભાગને શંકા હતી કે આ પેઢી દ્વારા મોટા પાયે બીલ વગરના અને કાચી ચીઠ્ઠી પર વ્યવહારો કરવામાં આવી રહ્યા છે. ઉત્પાદન એકમ અને રિટેઈલ શોરૂમ વચ્ચે થતા માલના પરિવહન અને સ્ટોક રજિસ્ટરમાં ગંભીર વિસંગતતાઓ જોવા મળી છે. અધિકારીઓએ ડિજિટલ ડેટા, બેંક ખાતાઓ અને વર્ષ દરમિયાન થયેલા ખરીદ-વેચાણના હિસાબો કબ્જે કર્યા છે. ખાસ કરીને પરફ્યુમ અને તેની બનાવટમાં વપરાતા કેમિકલ્સના સ્ટોક પર તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે.

તાજેતરમાં સુરતમાં થયેલા દરોડા દરમિયાન પરફ્યુમ વેપારીઓ દ્વારા આચરવામાં આવતી કરચોરીની નવી મોડસ ઓપરેન્ડી બહાર આવી હતી. તેના તાર ભાવનગર સુધી જોડાયેલા હોવાની આશંકાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર આંકડા જાહેર કરવામાં આવ્યા નથી, પરંતુ તપાસ મોડી સાંજ સુધી ચાલુ રહી હતી અને આવતીકાલે પણ ચાલુ રહેવાની પૂરી શક્યતા છે. પેઢીના માલિકોની પૂછપરછમાં અન્ય કેટલીક પેઢીઓના નામ પણ બહાર આવે તેવી સંભાવના છે.

### એક જ મહિનામાં બીજીવાર ગાબડું પડયું

## મીયાપુર ગામની સીમમાં કેનાલમાં ગાબડું પડવાથી તમાકુના પાકમાં પાણી ફરી વળ્યાં

નડિયાદ: મહુધા તાલુકાના મીયાપુર ગામની સીમમાંથી પસાર થતી કેનાલમાં ગાબડું પડયું છે. જેથી કેનાલના પાણી આજુબાજુના ખેતરોમાં ભરાઈ જતા તમાકુના ઉભા પાકને વ્યાપક નુકસાન થતા ખેડૂતો કફોડી હાલતમાં મુકાયા છે. મહુધા તાલુકાના મીયાપુર ગામની સીમમાંથી કેનાલ પસાર થાય છે. આ નહેરમાં એક જ મહિનામાં બીજીવાર કેનાલના પાળામાં ગાબડું પડયું છે. હાલમાં તમાકુનો પાક તૈયાર થવા આવ્યો છે, ત્યારે જ આજુબાજુના ખેતરોમાં તમાકુના ઉભા પાકમાં પાણી ભરાઈ જવાથી ખેડૂતોએ કરેલ મોંઘા બિયારણ, દવા અને મજૂરીનો ખર્ચ માથે પડયો છે. સ્થાનિક લોકો અને ખેડૂતોના જણાવ્યા અનુસાર, એક માસ અગાઉ જ આ માઈનોર કેનાલનું



રિપેરિંગ કામ કરવામાં આવ્યું હતું. છતાં ટૂંકા ગાળામાં ફરી ગાબડું પડતા કામની ગુણવત્તા સામે સવાલો ઉઠયા છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, રિપેરિંગમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે, જેના કારણે વારંવાર ગાબડાં પડી પાણી ફરી વળે છે. તમાકુના પાકમાં પાણી ભરાઈ જવાથી ખેડૂતોને આથક ફટકો પડયો છે. ખેડૂતોએ આક્ષેપ કર્યો છે કે, તંત્રની બેદરકારી અને નબળા બાંધકામને કારણે તેમણે મોંઘા ભાવના બિયારણ અને ખેતીના અન્ય ખર્ચાઓ ગુમાવવાનો વારો આવ્યો છે.

## એમ્ફી ડેટા રિપોર્ટ મુજબ બજારમાં ઘટાડો | રોકાણકારોનો ઉત્સાહ જળવાતા એયુએમ વિક્રમી સ્તરે

# ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડમાં રોકાણના પ્રવાહમાં ચૌદ ટકાનો ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 11

ભારતીય શેરબજારમાં જોવા મળેલી ભારે અસ્થિરતા અને ઉતાર-ચઢાવની સીધી અસર હવે રોકાણકારોના માનસ પર જોવા મળી રહી છે. જાન્યુઆરી મહિના દરમિયાન ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડમાં થતા નવા રોકાણમાં ૧૪ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ મુજબ, ડિસેમ્બરમાં થયેલા રૂપિયા ૨૮,૦૫૪ કરોડના રોકાણની સરખામણીએ જાન્યુઆરીમાં આ આંકડો ઘટીને રૂપિયા ૨૪,૦૨૯ કરોડ પર આવી સ્થિર થયો છે. જોકે, આ ઘટાડા છતાં રોકાણકારોનો લાંબા ગાળાનો ભરોસો અકબંધ હોવાનું બજારના નિષ્ણાતો માની રહ્યા છે. જાન્યુઆરી માસના અંતે મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગની કુલ અસ્કયામતોમાં પ્રોત્સાહક સ્થિતિ જોવા મળી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ્સની એસેટસ અન્ડર મેનેજમેન્ટ એટલે કે એયુએમ રૂપિયા ૩૪.૮૬ લાખ કરોડના સ્તરે પહોંચી ગઈ છે. બીજી તરફ, દેવા આધારિત અથવા ડેટ ઓરિએન્ટેડ સ્કીમ્સની સંપત્તિ પણ રૂપિયા ૧૮.૯૦ લાખ કરોડ નોંધાઈ છે. સમગ્ર મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગમાં જાન્યુઆરી દરમિયાન કુલ રૂપિયા ૧.૫૬ લાખ કરોડનો ચોખ્ખો ઈન્ફલો જોવા મળ્યો છે, જે બજારમાં



નાણાકીય તરલતા સૂચવે છે. રોકાણના પ્રકારો પર નજર કરીએ તો, ફ્લેક્સી કેપ ફન્ડસમાં રોકાણકારોએ સૌથી વધુ રસ દાખવ્યો છે. આ શ્રેણીમાં રૂપિયા ૭,૬૭૨ કરોડનું નવું ભરોસાપાત્ર રોકાણ આવ્યું છે. જોકે, મિડ-કેપ અને સ્મોલ-કેપ ફન્ડસમાં અગાઉના મહિનાની સરખામણીએ રોકાણનો પ્રવાહ ધીમો પડ્યો છે. મિડ-કેપમાં રૂપિયા ૩,૧૮૫ કરોડ અને સ્મોલ-કેપમાં રૂપિયા ૨,૯૪૨ કરોડનું રોકાણ થયું છે, જે ડિસેમ્બરમાં અનુક્રમે ૪,૧૭૬ કરોડ અને ૩,૮૨૪ કરોડ હતું. આશ્ચર્યજનક રીતે, લાર્જ કેપ ફન્ડસમાં રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે અને તેમાં રૂપિયા ૨,૦૦૫ કરોડનો ઈન્ફલો જોવા મળ્યો છે, જે સપ્ટેમ્બર પછીનો સૌથી વધુ આંકડો છે.

મીડિયા અહેવાલ મુજબ, હાઈબ્રિડ સ્કીમ્સમાં પણ રૂપિયા ૧૭,૩૫૬ કરોડનું તંદુરસ્ત રોકાણ આવતા રોકાણકારો સુરક્ષિત વળતર તરફ વળ્યા હોવાનું જણાય છે. સૌથી મહત્વની વાત એ છે કે, ડિસેમ્બરમાં ડેબ્ટ ફન્ડસમાંથી જે જંગી આઉટફ્લો જોવા મળ્યો હતો, તેનાથી વિપરીત જાન્યુઆરીમાં આ સેક્ટરમાં રૂપિયા ૭૪,૮૨૭ કરોડનું નવું રોકાણ આવ્યું છે. ટેક્સ સેવિંગ ફન્ડસ એટલે કે ઈએલએસએસમાં સતત વેચવાલીનો દોર ચાલુ રહ્યો છે, જોકે આઉટફ્લોની ગતિ ધીમી પડીને રૂપિયા ૫૯૪ કરોડ રહી છે.બજારના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ભલે મુખ્ય ઈક્વિટી રોકાણમાં ૧૪ ટકાનો ઘટાડો થયો હોય, પરંતુ સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા થતું રોકાણ હજુ પણ મજબૂત છે. સેક્ટરલ અને થિમેટિક ફન્ડસમાં પણ સામાન્ય સુધારો જોવા મળ્યો છે, જ્યાં રૂપિયા ૧,૦૪૩ કરોડનું રોકાણ નોંધાયું છે. રોકાણકારો અત્યારે “થોભો અને રાહ જુઓ”ની નીતિ અપનાવી રહ્યા હોય તેવું આ આંકડાઓ પરથી સ્પષ્ટ જણાય છે. આગામી

## સેમિકન્ડક્ટર ટેકનોલોજી વિસ્તરણ માટે તોતિંગ પાંત્રીસ લાખ કરોડનું બજેટ

તાઈપેઈ: વિશ્વની સૌથી મોટી કોન્ટ્રાક્ટ ચિપમેકર કંપની તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની (TSMC) દ્વારા ટેકનોલોજી જગતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધતા વ્યાપ અને તેની વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૪૪.૯૬ અબજ યુએસ ડોલર (આશરે રૂપિયા ૩૭.૭૬ લાખ કરોડ) ના મૂડી બજેટને મંજૂરી આપી છે. આ ઐતિહાસિક નિર્ણય જાપાનના કુમામોટો ખાતે મળેલી કંપનીની પ્રથમ બોર્ડ મીટિંગમાં લેવામાં આવ્યો હતો, જે વિશ્વભરમાં સેમિકન્ડક્ટરની અછતને દૂર કરવા અને અદ્યતન ટેકનોલોજીના નિર્માણમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.



કંપનીના સત્તાવાર નિવેદન અને મીડિયા અહેવાલ મુજબ, આ તોતિંગ ભંડોળનો ઉપયોગ અદ્યતન પેકેજિંગ સુવિધાઓના અપગ્રેડેશન, નવા ફેબ્રિકેશન પ્લાન્ટ્સના નિર્માણ અને જરૂરી ફેસિલિટી સિસ્ટમ્સના ઈન્સ્ટોલેશન માટે કરવામાં આવશે. કંપનીનો ઉદ્દેશ્ય લાંબા ગાળાના ટેકનોલોજી રોડમેપને પૂર્ણ કરવાનો છે. ખાસ કરીને જાપાનમાં બીજા પ્લાન્ટને અપગ્રેડ કરીને ત્યાં ૩-નેનોમીટર ચિપ્સનું ઉત્પાદન કરવાની યોજના છે. આ હાઈ-ટેક ચિપ્સ ભવિષ્યના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ઉપકરણો અને સુપર કોમ્પ્યુટર્સ માટે અત્યંત મહત્વની સાબિત થશે. ચિપમેકર નફામાં ઉછાળો આવતા કંપનીએ તેના કર્મચારીઓ પર પણ ધનવર્ષા કરી છે. વર્ષ ૨૦૨૫ માટે કંપનીએ કુલ ૨૦૬.૧૫ અબજ તાઈવાન ડોલર (આશરે ૬.૫૩ અબજ યુએસ ડોલર) ના બિઝનેસ પરફોર્મન્સ બોનસ અને પ્રોફિટ-શેરિંગને મંજૂરી આપી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગત વર્ષની સરખામણીમાં બોનસની રકમમાં ૪૬.૬૨ ટકાનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. તાઈવાનમાં કાર્યરત અંદાજે ૭૮,૦૦૦ કર્મચારીઓને સરેરાશ ૨.૬૪ મિલિયન તાઈવાન ડોલર (આશરે ૮૩,૫૮૦ યુએસ ડોલર) ની રકમ મળશે, જે કંપનીની સતત વધતી જતી નફાકારકતા સૂચવે છે.

## News Brief

### ભારતની ઓર્ગેનિક ઈકોસિસ્ટમ હવે વૈશ્વિક સ્તરે પરિપક્વ બની છે

ન્યુરેમબર્ગ (જર્મની): ભારતની ખેતી અને જૈવિક ઉત્પાદન ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થયો છે. જર્મનીના ન્યુરેમબર્ગ ખાતે યોજાયેલા વિશ્વના સૌથી મોટા ઓર્ગેનિક પ્રદર્શન ‘બાયોફેક ૨૦૨૬’ માં ભારતે પોતાની તાકાત બતાવી છે. કેન્દ્રીય વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે ભારતની ઓર્ગેનિક ઈકોસિસ્ટમ હવે સંપૂર્ણ રીતે પરિપક્વ બની ગઈ છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ૨૭ જાન્યુઆરીએ મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) પૂર્ણ થયા બાદ આ પ્રથમ મોટું આંતરરાષ્ટ્રીય જોડાણ છે, જે ભારતીય ઓર્ગેનિક ઉત્પાદનો માટે યુરોપ અને વિશ્વના અન્ય વિકસિત બજારોના દ્વાર ખોલશે. વાણિજ્ય સચિવે ભાર મૂક્યો હતો કે ભારત પાસે ભૌગોલિક સંકેત (GI) ટેગ ધરાવતી અનેક વિશિષ્ટ પેદાશો છે, જે ગુણવત્તાના માપદંડો પર ખરી ઉતરે છે. બાયોફેક જેવા વૈશ્વિક મંચ પર જ્યારે વિદેશી ખરીદદારો આટલી મોટી સંખ્યામાં ભારતીય ઉદ્યોગો, ઉત્પાદકો અને ખેડૂત જૂથોને મળે છે, ત્યારે બંને પક્ષો વચ્ચે વિશ્વાસનું નિર્માણ થાય છે. આ પ્રદર્શનમાં ૧૦૦ થી વધુ દેશોના ખરીદદારો ભાગ લઈ રહ્યા છે, જેનાથી ભારતની નિકાસ ક્ષમતામાં વૃદ્ધિ થવાની પ્રબળ શક્યતાઓ છે. સરકારના વિવિધ કાર્યક્રમો હેઠળ સ્થાનિક સ્તરે તૈયાર થયેલું આ માળખું હવે વૈશ્વિક સપ્લાય ચેઈનનો હિસ્સો બનવા તૈયાર છે.ચાલુ વર્ષે ભારતનું પ્રતિનિધિત્વ અગાઉની આવૃત્તિઓ કરતા અનેકગણું વિશાળ છે. એપેડા (APEDA) દ્વારા ૧,૦૭૪ ચોરસ મીટરના વિસ્તારમાં વિશાળ પેવેલિયન તૈયાર કરવામાં આવ્યું છે.

## સ્થિર સંપત્તિ વૃદ્ધિથી ઉદ્યોગોમાં ભારે ઉત્સાહ

# કોર્પોરેટ મૂડીખર્ચ છ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો

### ભારતીય અર્થતંત્ર વેગ પકડતા રોકાણમાં મોટો ઉછાળો

(એજન્સી) અમદાવાદ | તા 11

દેશના આર્થિક જગતમાંથી અત્યંત આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ માસિક ગાળામાં ભારતની અગ્રણી લિસ્ટેડ કંપનીઓના ડેટા વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે કોર્પોરેટ ક્ષેત્રમાં મૂડીખર્ચ એટલે કે કેપેક્સમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે. નાણાકીય અને તેલ-ગેસ ક્ષેત્ર સિવાયની કંપનીઓની સ્થિર સંપત્તિમાં ૧૩.૧ ટકાનો વધારો નોંધાયો છે, જે છેલ્લા છ વર્ષની સૌથી ઝડપી વૃદ્ધિ દર્શાવે છે. આ આંકડાઓ સૂચવે છે કે ભારતીય ઉદ્યોગ જગત હવે વિસ્તરણ અને નવી અસ્કયામતો ઊભી કરવા માટે આક્રમક રીતે આગળ વધી રહ્યું છે.સપ્ટેમ્બર ૨૦૨૫ના અંતે પૂરા થયેલા છ મહિનાના ગાળામાં ૭૦૨ અગ્રણી કંપનીઓની કુલ સ્થિર સંપત્તિ વધીને રૂપિયા ૩૭.૭૮ લાખ કરોડના સ્તરે પહોંચી ગઈ છે. પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો રૂપિયા ૩૩.૪૧ લાખ કરોડ હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ અને બીજા ભાગમાં અનુક્રમે ૭.૯ ટકા અને ૬.૯ ટકાનો સામાન્ય વધારો જોવા મળ્યો હતો, જેની સરખામણીએ વર્તમાન વૃદ્ધિ દર બમણા જેટલો થવા જાય છે. બિન-નાણાકીય કંપનીઓનો કુલ મૂડી ખર્ચ વાર્ષિક ધોરણે ૨૦ ટકા વધીને રૂપિયા ૬૦.૮ લાખ કરોડ પર પહોંચ્યો છે, જે આર્થિક તેજીનો મજબૂત સંકેત છે. ચાલુ વર્ષે રોકાણના ક્ષેત્રે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે મેદાન માર્યું છે. કંપનીનો મૂડી ખર્ચ ૮૪.૨ ટકાના પ્રચંડ ઉછાળા સાથે રૂપિયા ૧૨.૮૯ લાખ કરોડ નોંધાયો છે, જે ગત વર્ષે રૂપિયા ૮.૧ લાખ કરોડની આસપાસ હતો. તેવી જ રીતે, આદિત્ય બિરલા ગ્રુપની કંપની ગ્રાસિમની સ્થિર સંપત્તિ પણ ૩૦ ટકા વધીને રૂપિયા ૧.૨૫ લાખ કરોડ થઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આ વધારામાં અલ્ટ્રાટેક સિમેન્ટનો મોટો ફાળો રહ્યો છે, જેની અસ્કયામતોમાં ૪૧.૨ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે. આ કંપનીઓએ બજારમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે નવા એકમો અને સંપાદન પર ભાર મૂક્યો છે. માત્ર ખાનગી ક્ષેત્ર જ નહીં, પરંતુ જાહેર ક્ષેત્રની કંપનીઓએ પણ ખર્ચમાં મોટો વધારો કર્યો છે. એનટીપીસીનો મૂડી ખર્ચ ૮ ટકા વધીને રૂપિયા ૩.૮૨ લાખ કરોડ થયો છે, જ્યારે



## GST સુધારા બાદ કોર્પોરેટ લોન લેવામાં મોટો ઉછાળો આવ્યો

અમદાવાદ: ભારતીય અર્થતંત્રમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ના માળખાગત સુધારાઓ બાદ વેપાર-ઉદ્યોગ જગતમાં નવીન ઉર્જાનો સંચાર થયો છે. સાધારણ વૃદ્ધિના લાંબા ગાળા બાદ, હવે ભારતના અગ્રણી ધિરાણકર્તાઓની કોર્પોરેટ બેલેન્સ શીટમાં મજબૂત અને ઝડપી વૃદ્ધિ જોવા મળી રહી છે. આર્થિક પ્રવૃત્તિઓમાં થયેલા નોંધપાત્ર વધારાને કારણે કંપનીઓને મોટા પાયે કાર્યકારી મૂડીની જરૂરિયાત ઊભી થઈ છે. કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં વ્યાજ દરો ઊંચા સ્તરે હોવાથી, કંપનીઓ હવે મૂડી એકત્ર કરવા માટે બેંકો તરફ વળી રહી છે, જેના પરિણામે કોર્પોરેટ લોન ક્ષેત્રે નવી તેજી જોવા મળી રહી છે.દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના આંકડાઓ બેંકિંગ ક્ષેત્રની મજબૂતીનો પુરાવો આપી રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સ્ટેટ બેંકે જથ્થાબંધ ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૩ ટકાનો પ્રોત્સાહક વધારો નોંધાવ્યો છે. આ વૃદ્ધિ પાછળ મુખ્યત્વે સેવા ક્ષેત્ર, પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ્સ જેવા પાયાના ઉદ્યોગોનો મોટો ફાળો રહ્યો છે. બેંકનું કોર્પોરેટ ધિરાણ રૂપિયા ૭.૯ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું છે. આ આંકડામાં એવી લોનનો પણ સમાવેશ થાય છે જે મંજૂર થઈ ચૂકી છે પરંતુ કંપનીઓ દ્વારા હજુ ઉપાડવામાં આવી નથી, જે ભવિષ્યમાં રોકાણ વધવાના સંકેત આપે છે.માત્ર સ્ટેટ બેંક જ નહીં, પરંતુ અન્ય સરકારી બેંકોમાં પણ કોર્પોરેટ બુક તેજીમાં છે. બેંક ઓફ બરોડાની હોલસેલ બુકમાં વાર્ષિક ધોરણે ૮.૧ ટકા અને ત્રિમાસિક ધોરણે ૪.૬ ટકાનો વધારો થયો છે, જેની પાસે હાલ રૂપિયા ૭૫,૦૦૦ કરોડની લોન પાઈપલાઈન છે. મીડિયા અહેવાલ મુજબ, બેંક ઓફ ઈન્ડિયાના કોર્પોરેટ પોર્ટફોલિયોમાં ૧૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે અને તેમની પાસે રૂપિયા ૬૫,૦૦૦ કરોડની નવી લોનની દરખાસ્તો વિચારાધીન છે. આ ઉપરાંત, બેંક ઓફ મહારાષ્ટ્ર ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૧૪.૫ ટકાનો પ્રભાવશાળી વૃદ્ધિ દર હાંસલ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે.

ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંકો પણ આ રેસમાં પાછળ નથી. એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંક જેવી સંસ્થાઓની કોર્પોરેટ લોન બુકમાં ઝડપી વિસ્તરણ જોવા મળ્યું છે. કોટક મહિન્દ્રા બેંક સહિતના ખાનગી ધિરાણકર્તાઓ પણ ઉદ્યોગોને કાર્યકારી મૂડી પૂરી પાડવામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. જીએસટી સુધારાને કારણે વ્યવહારોમાં પારદર્શિતા આવતા અને બજારમાં રોકડની માંગ વધતા બેંકો માટે ધિરાણ આપવાનું કામ સરળ બન્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં આર્થિક ગતિવિધિઓ ચરમસીમાએ પહોંચતા લોનનો મહત્તમ ઉપયોગ થયો છે.

## વોર્નર બ્રધર્સ ટેકઓવર જંગમાં પેરામાઉન્ટની નવી આક્રમક ઓફર

લોસ એન્જલસ: વૈશ્વિક મનોરંજન જગતમાં અત્યારે ‘વોર્નર બ્રધર્સ ડિસ્કવરી’ (WBD) ને હસ્તગત કરવા માટે બે દિગ્ગજ કંપનીઓ વચ્ચે મહાયુદ્ધ છેડાયું છે. એચબીઓ, ડીસી સ્ટુડિયો અને સીએનએન જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની માતૃ કંપનીને ખરીદવા માટે પેરામાઉન્ટ ગ્લોબલે પોતાની ઓફરમાં ધરખમ સુધારો કરીને નેટફ્લિક્સને સીધો પડકાર ફેંક્યો છે. પેરામાઉન્ટ દ્વારા રજૂ કરવામાં આવેલી નવી દરખાસ્તમાં શેરધારકો માટે ‘ટિકિંગ ફી’ ની જાહેરાત કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય કોઈપણ ભોગે આ ઐતિહાસિક સોદો પોતાના નામે કરવાનો છે.પેરામાઉન્ટ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન મુજબ, જો આ સોદો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ પછી પૂર્ણ કરવામાં વિલંબ થશે, તો કંપની શેરધારકોને દર ત્રિમાસિક ગાળા દીઠ શેર દીઠ ૨૫ સેન્ટની વધારાની ‘ટિકિંગ ફી’ ચૂકવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ફીની રોકડ કિંમત દર ત્રણ મહિને અંદાજે ૬૫૦ મિલિયન યુએસ ડોલર (આશરે રૂપિયા ૫,૪૬૦ કરોડ) જેટલી થશે. આ પગલા દ્વારા પેરામાઉન્ટ એ સાબિત કરવા માંગે છે કે તેમની ઓફર પારદર્શક છે અને શેરધારકોના હિતમાં છે.મનોરંજન જગતમાં મહાયુદ્ધ ત્યારે શરૂ થયું જ્યારે નેટફ્લિક્સે વોર્નર બ્રધર્સની પ્રીમિયમ સામગ્રી અને સ્ટ્રીમિંગ સેવાઓ ખરીદવા માટે ૮૩ અબજ યુએસ ડોલરની ઓફર કરી હતી. તેની સામે પેરામાઉન્ટ ગ્લોબલે (જેનું તાજેતરમાં સ્કાયડન્સ મીડિયા સાથે જોડાણ થયું છે) સમગ્ર કંપની ખરીદવા માટે ૧૦૮.૪ અબજ યુએસ ડોલર (આશરે રૂપિયા ૯.૧૦ લાખ કરોડ) ની તોતિંગ ઓફર રજૂ કરી છે. મીડિયા અહેવાલ મુજબ, પેરામાઉન્ટની શેર દીઠ ૩૦ ડોલરની રોકડ ઓફર નેટફ્લિક્સની મહત્તમ ૨૭.૭૫ ડોલરની ઓફર કરતા ઘણી ચડિયાતી છે.પેરામાઉન્ટ માત્ર વધુ કિંમત જ નથી ચૂકવી રહ્યું, પરંતુ તે વોર્નર બ્રધર્સ પરના દેવા અને નેટફ્લિક્સ સાથેના કરાર તોડવાના દંડની જવાબદારી પણ લેવા તૈયાર છે. જો વોર્નર બ્રધર્સ નેટફ્લિક્સ સાથેનો કરાર રદ કરે, તો પેરામાઉન્ટ તે બદલ ચૂકવવાની થતી ૨.૮ અબજ યુએસ ડોલરની ટર્મિનેશન ફી પોતે ચૂકવશે.

## MIT-WPU ભારતની નવી પેઢીની વર્કફોર્સને દિશા આપવા HR કોન્ક્લેવ 2026માં 20થી વધારે કંપનીઓને એકમંચ પર લાવી



(એજન્સી) પૂણે | તા 11

MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટી (MIT-WPU), પૂણેએ સફળતાપૂર્વક HR કોન્ક્લેવ 2026નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું, જે આધુનિક કાર્યસ્થળની બદલાતી અપેક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા પર કેન્દ્રિત રાષ્ટ્રીય સ્તરનો ઉદ્યોગ-શિક્ષણજગત વચ્ચેનો સંવાદ છે. કોન્ક્લેવની મુખ્ય થીમ હતી - ન્યૂ જનરેશન ટેલેન્ટ રેડિનેસ: એક્ષ્પેક્ટેશન્સ vs. રિયાલિટી. આ કોન્ક્લેવમાં વરિષ્ઠ HR લીડર, ઉદ્યોગજગતના અનુભવીઓ અને શિક્ષાવિદો ગ્રેજ્યુએટ રોજગારદક્ષતા અને કાર્યસ્થળ માટે જરૂરી સજ્જતા વચ્ચે વધતા ફરક પર ચર્ચા કરવા એકમંચ પર આવ્યા હતા. આ ચર્ચાઓનાં કેન્દ્રમાં બે મુખ્ય મુદ્દાઓ હતા : પ્લગ-એન્ડ-પ્લે અથવા ટ્રેઈન-એન્ડ ટ્રાન્સફોર્મ? એચઆર પર્સ્પેક્ટિવ્સ ઑન ન્યૂ-જનરેશન ટેલેન્ટ અને એમ્પ્લોયેબિલિટી vs. વર્ક રેડીનેસ: વ્હેર એજ્યુકેશન એન્ડ્સ એન્ડ ઈન્ડસ્ટ્રી બીગિન્સ. પેનલ ચર્ચાઓમાં પ્રસિદ્ધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓમાંથી HR લીડર સામેલ થયા હતા, જેમાં ઈન્ફોસીસ BPM, નોવાર્ટિસ, કલ્યાણી ગ્રૂપ, SKF ઈન્ડિયા, યુનાઈટેડ એરલાઈન્સ, વિપ્રો એન્જિનીયરિંગ, મેટ્રો ગ્લોબલ સોલ્યુશન્સ, BNY મેલ્લૉં, SEARCE, PwC અને ઈન્નોમેટિક્સ રિસર્ચ લેબ્સ સામેલ છે. MIT વર્લ્ડ પીસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. આર. એમ. ચિટનિસે કહ્યું હતું: “HR પ્રોફેશનલ કર્મચારીઓના વિકાસ અને ભાવનાત્મક સ્વાસ્થ્યને ટેકો આપે છે, પણ સાથે સાથે વ્યક્તિએ પોતાનું ધ્યાન રાખવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે. વિકાસ સર્વાંગી હોવો જોઈએ - શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય, સંબંધો અને નાણાકીય સલામતી સંયુક્તપણે સફળતાને પરિભાષિત કરે છે. જ્યારે વ્યક્તિઓ સંતુલિત અને સંતોષી રહે છે, ત્યારે કંપનીઓ સ્વાભાવિક રીતે મજબૂત, વધારે ઉત્પાદકીય અને માનવીય બને છે.”

## કન્ટેન્ટ ક્રિએટર્સને સશક્ત બનાવવા માટે Sandisk® એ ભારતમાં રજૂ કરી ક્રિએટર સિરીઝ

દિલ્હી : સેન્ડિસ્કની નવી ક્રિએટર સિરીઝ, આજના કન્ટેન્ટ ક્રિએટર્સ માટે રચાયેલ સ્ટોરેજ સોલ્યુશન્સની એક પ્રોફેશનલ-ગ્રેડ શ્રેણી, ભારતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. લાઈનઅપમાં એક microSD કાર્ડ, એક SD UHS-II કાર્ડ, અલ્ટ્રા-ફાસ્ટ USB-C ફ્લેશ ડ્રાઈવ, iPhone® માટે MagSafe®-સુસંગત SSD અને ભારતીય કન્ટેન્ટ ક્રિએટર્સ માટે વ્યાપક ઉપકરણ સુસંગતતા પ્રદાન કરતી ફોન ડ્રાઈવનો સમાવેશ થાય છે.SANDISK® ક્રિએટર સિરીઝ ઝડપ, વિશ્વસનીયતા અને ટકાઉપણું પ્રદાન કરે છે અને હાઈ-રિઝોલ્યુશન



વિડિઓ, જનરેટિવ AI પ્રોજેક્ટ્સ અને ઝડપી ગતિવાળા ક્રિએટર વર્કફ્લો માટે આદર્શ હતી. 4K વિડિઓ રેકોર્ડ કરવાથી લઈને વર્કફ્લોનું સંચાલન કરવા અથવા મોટી ફાઈલોનો બેકઅપ લેવા સુધી, તે ક્રિએટર્સને તેમના કાર્યને સરળતાથી કેપ્ચર, ટ્રાન્સફર, ઍડિટ અને સુરક્ષિત કરવામાં મદદરૂપ હતી. આ સૉલ્યુશન્સ Adobe® સૉફ્ટવેર મેમ્બરશિપદના મફત ટ્રાયલ સાથે આવ્યા હતા, જે Adobe Lightroom® ના ત્રણ મહિના અથવા Adobe Creative Cloud® ના એક મહિનાની ઑફર પ્રદાન કરે છે.

## CDSLએ તેના વાર્ષિક પરિસંવાદની ત્રીજી આવૃત્તિ, રિઈમેજીન : સિક્યોરિટીઝ માર્કેટ થ્રુ ડેટા સિનર્જીનું આયોજન કર્યું

મુંબઈ : એશિયાની પ્રથમ લિસ્ટેડ ડિપોઝિટરી અને 17.5 કરોડથી વધુ ડીમેટ એકાઉન્ટ્સની વિશ્વસનીય કસ્ટોડિયન, CDSL તેના વાર્ષિક પરિસંવાદ, ‘રીઈમેજિન: સિક્યોરિટીઝ માર્કેટ થ્રુ ડેટા સિનર્જી ’ની ત્રીજી આવૃત્તિનું મુંબઈમાં આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં પોલિસી મેકર્સ, રેગ્યુલેટર્સ, અગ્રણી માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થાઓ, મધ્યસ્થીઓ, ઉદ્યોગજગતના આગેવાનો અને ટેકનોલોજી ઈનોવેટર્સને ભવિષ્ય માટે તૈયાર સિક્યોરિટીઝ માર્કેટને આકાર આપવા ડેટાની ભૂમિકા પર ચર્ચા કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. રીઈમેજિન પ્લેટફોર્મના ભાગ



રૂપે, CDSLએ પ્રારંભિક રીઈમેજિન આઈડિયાથોન 2026ના વિજેતાઓની પણ જાહેરાત કરી, જે વિકસિત ભારત માટે રોકાણકારોના શિક્ષણની પુનઃ કલ્પના કરવા માટે વિદ્યાર્થીઓને આમંત્રિત કરતી રાષ્ટ્રવ્યાપી સ્પર્ધા છે. SEBIના ચેરમેન શ્રી તુહિન કાંતા પાંડેએ રીઈમેજિન પરિસંવાદની અધ્યક્ષતા મુખ્ય અતિથિ તરીકે કરી હતી. આ કાર્યક્રમમાં સેબીના પૂર્ણકાલીન સભ્ય શ્રી સંદીપ પ્રધાન અને HDFCના ભૂતપૂર્વ વાઈસ ચેરમેન તેમજ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી કેકી મિસ્ત્રી, અતિથિ વિશેષ તરીકે તેમજ સિક્યોરિટીઝ માર્કેટના જાણીતા વક્તાઓ અને પેનલિસ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉંચા વેલ્યુએશનનો લાભ લઈ પ્રમોટર્સ સક્રિય

# નિફ્ટી 500 હિસ્સો અત્યાર સુધીના તળિયે

મુંબઈ: ભારતીય શેરબજારમાં હાલ એક મોટો વળાંક જોવા મળી રહ્યો છે, જ્યાં લિસ્ટેડ કંપનીઓના પ્રમોટર્સ ઉંચા વેલ્યુએશનનો લાભ ઉઠાવીને પોતાનો હિસ્સો સતત ઘટાડી રહ્યા છે. મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસના તાજેતરના અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં ‘નિફ્ટી ૫૦૦’ ઈન્ડેક્સની કંપનીઓમાં પ્રમોટર્સની માલિકી ઘટીને ૪૮.૮ ટકાની ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચી ગઈ છે. બજારમાં પ્રવાહિતા અને રોકાણકારોની મજબૂત ભૂખને કારણે પ્રમોટર્સને ઉંચા ભાવે પોતાનું હોલ્ડિંગ વેચવાની સુવર્ણ તક મળી છે. છેલ્લા ત્રણ ત્રિમાસિક ગાળામાં પ્રાથમિક બજાર એટલે કે આઈપીઓ માર્કેટમાં જે રીતે રિકવરી જોવા મળી છે, તેણે પ્રમોટર્સને પ્રોત્સાહિત કર્યા છે. અહેવાલમાં જણાવ્યા મુજબ, પ્રમોટર્સનું હોલ્ડિંગ જે ઐતિહાસિક રીતે ચોક્કસ મર્યાદામાં રહેતું હતું, તે વાર્ષિક ધોરણે ૯૦ બેસિસ પોઈન્ટ અને ત્રિમાસિક ધોરણે ૫૦ બેસિસ પોઈન્ટ ઘટ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, જ્યારે બજારમાં કંપનીઓના મૂલ્યાંકન ખૂબ ઊંચા હોય છે, ત્યારે પ્રમોટર્સ ઘણીવાર મૂડી છૂટી કરવા અથવા અન્ય વ્યવસાયિક વિસ્તરણ માટે શેરનું વેચાણ કરવાનું પસંદ કરે છે. એક તરફ પ્રમોટર્સ હિસ્સો ઘટાડી રહ્યા છે, તો બીજી તરફ ભારતીય સંસ્થાગત રોકાણકારો (DIIs) સતત ખરીદી કરીને પોતાની પકડ મજબૂત બનાવી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૫ના અંતે DIIs ની માલિકી ૨.૧૦ ટકા વધીને ૨૦.૬ ટકાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ૨૪ માંથી ૨૨ સેક્ટરમાં સ્થાનિક રોકાણકારોએ પોતાનું રોકાણ વધાર્યું છે, જેમાં ટેકનોલોજી, ટેલિકોમ, રીટેલ અને જાહેર ક્ષેત્રની બેંકો અગ્રેસર છે. આ દર્શાવે છે કે વિદેશી રોકાણકારો કરતા સ્થાનિક સંસ્થાઓ ભારતીય કંપનીઓના ભાવિ અંગે વધુ આશાવાદી છે.વિદેશી સંસ્થાગત રોકાણકારો (FIIs) ની વાત કરીએ તો, તેમના હિસ્સામાં વાર્ષિક ધોરણે સામાન્ય ઘટાડો નોંધાયો છે.

## સલામત રોકાણ આકર્ષણ વધતા સોનામાં તેજી | બજારમાં અનિશ્ચિત સ્થિતિ વચ્ચે પીળી ધાતુ ચમકી

# ગોલ્ડ ઈટીએફમાં રોકાણનો પ્રવાહ બમણો વધી ચોવીસ હજાર કરોડ

(એજન્સી) મુંબઈ | તા 11

વૈશ્વિક સ્તરે આર્થિક અને ભૌગોલિક તણાવને કારણે સર્જાયેલી બજારની અનિશ્ચિત સ્થિતિ વચ્ચે ભારતીય રોકાણકારો હવે પરંપરાગત અને સુરક્ષિત ગણાતા સોના તરફ વધુ આકર્ષાયા છે. ગોલ્ડ કેન્દ્રીત એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ એટલે કે ગોલ્ડ ઈટીએફમાં જાન્યુઆરી માસ દરમિયાન રોકાણનો પ્રવાહ બમણાથી પણ વધુ વધીને રૂપિયા ૨૪,૦૦૦ કરોડને પાર કરી ગયો છે. આશ્ચર્યની વાત એ છે કે, સોનાના ભાવ ઐતિહાસિક ઉચ્ચતમ સપાટીએ હોવા છતાં, રોકાણકારોમાં આ ડિજિટલ ગોલ્ડ પ્રત્યેનો ઉત્સાહ જરા પણ ઓછો થયો નથી, જે સુરક્ષિત સંપત્તિના નિર્માણનો મજબૂત સંકેત આપે છે.
એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા ડેટા મુજબ, જાન્યુઆરી ૨૦૨૬માં ગોલ્ડ ઈટીએફમાં કુલ રૂપિયા ૨૪,૦૩૯.૯૬ કરોડનો નેટ



ઈન્ફલો નોંધાયો છે. ડિસેમ્બર ૨૦૨૫માં આ આંકડો રૂપિયા ૧૧,૬૪૬.૭૪ કરોડ હતો, જેની તુલનામાં જાન્યુઆરીમાં રોકાણનો વેગ ૧૦૬ ટકા જેટલો વધ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, છેલ્લા એક વર્ષથી ગોલ્ડ ઈટીએફમાં સતત ગતિશીલતા જોવા મળી રહી છે, પરંતુ વર્તમાન નાણાકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં રોકાણકારોએ જે પ્રકારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે તે અભૂતપૂર્વ છે.ચાલુ વર્ષે રોકાણના વલણોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. જાન્યુઆરી મહિનામાં ગોલ્ડ ઈટીએફમાં આવેલો ઈન્ફલો લગભગ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડમાં આવેલા રૂપિયા ૨૪,૦૨૯ કરોડના ઈન્ફલોની સમાન સ્તરે પહોંચી ગયો છે. સામાન્ય રીતે ભારતીય બજારમાં ઈક્વિટી રોકાણ હંમેશા આગળ રહેતું હોય છે, પરંતુ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તાજેતરના મહિનાઓમાં શેરબજારમાં જોવા મળતી ભારે વોલેટિલિટીને કારણે રોકાણકારોએ પોતાના પોર્ટફોલિયોમાં સંતુલન જાળવવા માટે સોનાના રોકાણમાં વધારો કર્યો છે.
બજારના વિશ્લેષકોના મતે, ગોલ્ડ ઈટીએફમાં રોકાણ વધવાનું મુખ્ય કારણ સોનાને ‘સેફ હેવન’ એટલે કે સુરક્ષિત આશ્રયસ્થાન માનવામાં આવે છે તે છે. ઊંચા ભાવ હોવા છતાં રોકાણકારો સોનામાં નાણાં રોકી રહ્યા છે કારણ કે તેઓ તેને ભવિષ્યના આર્થિક જોખમો સામે રક્ષણ આપતી અસ્કયામત માને છે. એમ્ફીના ડેટા દર્શાવે છે કે માત્ર ગોલ્ડ જ નહીં, પરંતુ અન્ય પ્રકારના ઈટીએફ અને વિદેશલક્ષી ફન્ડ શ્રેણીમાં પણ રોકાણકારોનો રસ વધ્યો છે, જેમાં જાન્યુઆરીનો કુલ ઈન્ફલો રૂપિયા ૩૯,૯૫૪.૬૩ કરોડ નોંધાયો છે.છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળાથી રોકાણકારોના આકર્ષણમાં જે પ્રકારે વધારો થયો છે, તે જોતા નિષ્ણાતો માને છે કે ગોલ્ડ ઈટીએફ આગામી સમયમાં રોકાણકારો માટે પ્રથમ પસંદગી બની રહેશે. ભૌતિક સોનાની સરખામણીએ ઈટીએફમાં સંગ્રહ કરવાની સમસ્યા રહેતી નથી અને તેમાં શુદ્ધતાની પણ પૂરેપૂરી ખાતરી મળે છે. અન્ય શ્રેણીના ઈટીએફમાં પણ સ્થિર આકર્ષણ જળવાઈ રહ્યું છે, જે એકંદરે ભારતીય નાણાકીય બજારની મજબૂતી અને રોકાણકારોની પરિપક્વતા સૂચવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-10

# દિલ્હીમાં બિશ્નોઇ ગેંગનો વધતો દબદબો

દિલ્હી-એનસીઆર દેશની રાજધાની છે અને અહીં ઝેડ સિક્યુરીટીવાળી બે ડઝનથી વધુ વ્યક્તિઓ રહે છે. આમ જોવા જઈએ તો દિલ્હીની ગણના દેશના એક સૌથી સુરક્ષીત શહેર તરીકે થવી જોઈએ. જોકે હકીકત એવી છે કે, દિલ્હીમાં રાત્રે ૮ વાગ્યા પછી બહાર નીકળતા યુવતીઓ ડરે છે અને પોશ ગાડીમાં ફરતા ઉદ્યોગપતિઓ- બિઝનેસમેનો પણ સતત અસલામતી અનુભવે છે. ખંડણી માટે દરરોજ અપહરણો અને હત્યા થતા રહે છે. દિલ્હીના બવાના વિસ્તારમાં બિઝનેસમેન વૈભવ ગાંધીની હત્યા થઈ ત્યારે આ વાત ફરીથી સાબિત થઈ છે. આ હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઇ ગેંગે લીધી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર બિશ્નોઇ ગેંગના ગેંગસ્ટરે આ હત્યાની જવાબદારી સ્વિકારી છે. ગેંગના કહેવા પ્રમાણે એમણે આ હત્યા લૂંટફાટ માટે નહીં, પરંતુ એક ખંડણીના કેસમાં બિઝનેસમેનએ વચેટીયાની ભૂમિકા ભજવી હોવાથી કરી છે.

હવે આખો કિસ્સો દિલ્હી પોલીસ સમક્ષ ગયો છે. પોલીસે 'ઓપરેશન ફોર સ્ટાર્સ' શરૂ કરી દીધું છે. હવે તપાસ થશે કે જે પુસ્તક પ્રકાશીત કરવાની સહમતી ભારત સરકારે નહોતી આપી એ પુસ્તક ભારતમાં કઈ રીતે વેચાઈ રહ્યું છે? પુસ્તક કયાં છપાયું? કોણે છાપ્યું? કોણે સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યું? જેવી બાબતોની પોલીસ તપાસ કરશે. તપાસ રાહુલ ગાંધીના ઘર સુધી પહોંચશે. આખી વાત ઓફિસયલ સિક્રેટ એક્ટ અને નેશનલ સિક્યુરીટી સાથે જોડાયેલી છે. એટલા માટે પગલા પણ ગંભીર લેવાશે. જેમણે આ પુસ્તકના કન્ટેન્ટ લીક કર્યા છે એમની પૂછપરછ પણ કરવામાં આવશે.

ઉત્તર પ્રદેશના સંભલમાં ડીએસપી રહેલા અનુજ ચૌધરીને અલ્હાબાદ હાઈકોર્ટે રાહત આપી છે. સીજેએમએ અનુજ ચૌધરી સહીત ૨૨ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટે સીજેએમ કોર્ટના આ હુકમ સામે સ્ટે આપ્યો છે. હવે પાંચ અઠવાડિયા પછી કેસની સુનાવણી થશે. સંભલ જામા મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસા સંદર્ભે સંભલના તત્કાલ સીઓ અનુજ ચૌધરી અને બીજા અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમને અનુજ ચૌધરી ઉપરાંત રાજ્ય સરકારે પણ હાઈકોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સંભલમાં થયેલી હિંસા વખતે અનુજ ચૌધરી અને એની પોલીસ ટીમ ફક્ત સંભલ જ નહીં, સમગ્ર ઉત્તર પ્રદેશમાં હીરો બની ગયા હતા. અનુજ ચૌધરીની કામગીરીનો વિડિયો ખૂબ વાયરલ થયો હતો.


બિહાર વિધાન પરિષદમાં થયેલી ધાધલીના સમાચાર આખા દેશમાં ચમક્યા છે. સ્પિકરે તમામ વિરોધપક્ષ પર કાર્યવાહી કરી છે. સ્પિકરે એક દિવસ માટે તમામ એમએલસીને ગૃહમાંથી બહાર કાઢી મૂક્યા છે. એમણે માર્શલને હુકમ કરીને તમામ વિરોધપક્ષના એમએલસીને બહાર કઢાવ્યા હતા. ત્યાર પછી ગરમાગરમી વધી ગઈ હતી. બહાર આવીને વિરોધપક્ષે સત્તાપક્ષ પર ગંભીર આરોપો મૂક્યા હતા. એમણે કહ્યું હતું કે અમારો અવાજ દબાવવાની કોશિષ થાય છે. ગૃહમાં કાર્યવાહી શરૂ થતા પહેલા વિપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આરજેડીના એમએલસી અબ્દુલ બારી સિદ્દીકીએ કહ્યું હતું કે મુખ્યમંત્રી નિતિશકુમારે વિરોધપક્ષના રાબડી દેવી સાથે જે વ્યવહાર કર્યો હતો એ ખોટો હતો. એમણે માફીની માંગણી કરી હતી. સ્પિકરે વિરોધ પક્ષ તરફ જોઈને કહ્યું હતું કે, તમને મારી તટસ્થતા પર સંદેહ હોય તો હું માફી માંગુ છું. આ સાંભળીને વિરોધપક્ષોએ કહ્યું હતું કે સ્પિકર હોશમા લાગતા નથી.

રાજકારણમાં અચાનક મૃત્યુ સત્તાના સમીકરણ બદલી નાખે છે. ભૂતકાળમાં આપણે આ જોઈ ગયા છીએ. પ્રમોદ મહાજન, ગોપીનાથ મુંડે અને અજીત પવાર જેવી વ્યક્તિઓના મૃત્યુ પછી એમનો વારસો સચવાઈ ગયો છે. જોકે ત્યાર પછી જ આંતરીક સ્પર્ધા શરૂ થાય છે. અજીત પવારના મૃત્યુ પછી હવે પવાર કુટુંબ સમક્ષ એક પ્રશ્નો ઉભો થયો છે. એનસીપીએ હવે અજીત પવારના ઉત્તરાઅધિકારી શોધવા જોઈએ કે શરદ પવારના. અજીત પવાર જ્યાં સુધી હયાત હતા ત્યા સુધી શરદ પવારના ઉત્તરાઅધિકારી તરીકે એમનું નામ લેવામાં આવતું હતું. હવે અજીત પવારના પત્ની સુનેત્રા પવારે ઉપમુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા પછી લાગતુ નથી કે તેઓ શરદ પવારના ઉત્તરાઅધિકારીને સ્વિકારે. અજીત પવારના બે પુત્રોમાંથી ભવિષ્યમાં કયો પુત્ર વારસદાર બનશે એ વિશે પણ ચર્ચા થઈ રહી છે.

# BAPS સંસ્થાના સોરઠ પંથકના 300 બાળ-બાલિકાઓએ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં મેળવ્યું સ્થાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

BAPS વડા પરમ પૂજ્ય મહંત સ્વામિ મહારાજ લિખિત નિયમ ધર્મ ની વિસ્તૃત છણાવટ સાથેનો સત્સંગ દીક્ષા ગ્રંથ કે જેમાં ૩૧૫ સંસ્કૃત શ્લોકો આવેલા છે. જે જીવનમાં સામાજિક, આધ્યાત્મિક, કૌટુંબિક શાંતિ માટે ખુબ જ જરૂરી માહિતી સાથે જીવનના ઉચ્ચ મૂલ્યો ધરાવતો ગ્રંથ છે. પરમ પૂજ્ય મહંત સ્વામિ મહારાજનાં એક સંકલ્પે BAPS નાં માત્ર ૩ વર્ષથી ૧૩ વર્ષ સુધીના 15000 થી વધુ બાળ બાલિકાઓ એ માત્ર એક વર્ષમાં ૩૧૫ સંસ્કૃત શ્લોકો કંઠસ્ત કરી લીધા હતા. ગત તારીખ ૨ ફેબ્રુઆરી ૨૦૨૬નાં રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જન્મજયંતિ મહોત્સવ, અટલાદરા એટલે કે વડોદરા ખાતે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સમિતિનાં અનેક ઉચ્ચ



અધિકારીઓની ટિમ દ્વારા વિસ્તૃત ચકાસણી બાદ BAPS સંસ્થાને એક સાથે ૧૨૭૨૩ બાળ વિદ્વાનો દ્વારા આ સંસ્કૃત શ્લોકોનાં સમૂહગાન ને પ્રતિષ્ઠિત ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માં સ્થાન આપવામાં આવ્યું હતું.આ ૧૨૭૨૩ બાળ વિદ્વાનોમાં જૂનાગઢના ૩૦૦ જેટલા બાળ બાલિકા વિદ્વાનો હતા જે આપણા સોરઠ પંથક માટે ગૌરવ લેવા જેવું છે. આ તમામ બાળકોને એક નવી ઉર્જા મળે અને જીવનમાં બહુ મૂલ્યો દ્વારા જીવન ઉચ્ચ કક્ષાએ મળે તેવાં પ્રયત્નો સંસ્થાનાં સંતો અને અનેક બાળ કાર્યકરો રાત દિવસ જોયા વગર આ બાળ વિદ્વાનો અને વિવિધ વિસ્તારોમાં ચાલતી બાળ સભાઓ દ્વારા બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે સેવામાં જોડાયેલા છે અને ગુરુ મહંત સ્વામિ મહારાજને રાજી કરી રહ્યા છે.

# ગાંધીધામ ક્ષેત્રથી ઉત્તરી ભારત માટે ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે બેઠક યોજાઈ

ગાંધીધામ : ગાંધીધામમાં સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશનના પ્રતિનિધિઓ અને રેલ અધિકારીઓ વચ્ચે ગાંધીધામ ક્ષેત્રથી દિલ્હી અને અન્ય ઉત્તરી ક્ષેત્રો માટે ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. બેઠકમાં અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, વરિષ્ઠ મંડળ સંચાલન પ્રબંધક ડૉ. જેનિયા ગુપ્તા, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અનૂ ત્યાગી, ગાંધીધામના ક્ષેત્રીય રેલ પ્રબંધક શ્રી આશિષ ધાનિયા સહિત રેલવેના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા. ઉપરાંત, સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશનના પ્રતિનિધિઓ અને કાંડલા ટિમ્બર એસોસિએશનના નવ સભ્યો પણ બેઠકમાં ભાગ લીધો હતો. બેઠકનો મુખ્ય ઉદ્દેશ ટિંબરના પરિવહનને રોડ



માર્ગથી રેલ માર્ગ તરફ સ્થળાંતર કરવા માટે પ્રોત્સાહન આપવાનું હતું. ચર્ચાના દરમિયાન આ નોંધાયું કે ગાંધીધામ ક્ષેત્રમાં લગભગ 750 આરા મિલ્સ (સૉ મિલ્સ) છે, છતાં રેલ માર્ગથી ટિંબરનું પરિવહન હજુ પણ બહુ ઓછું છે. બેઠકમાં રેલ આધારિત ટિંબરની લોડિંગને પ્રોત્સાહન આપવા, લોજિસ્ટિક્સ સહયોગને મજબૂત બનાવવા અને સંચાલન સંબંધિત પડકારોના ઉકેલ માટે વિવિધ વ્યૂહરચનાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો. તમામ ભાગીદારોએ ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે પરસ્પર સહયોગથી કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. રેલ માર્ગથી લાકડાનું વધુ પરિવહન થવાથી લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધશે, રસ્તાઓ પર ભીડ ઘટશે અને પર્યાવરણ અનુકૂળ માલ પરિવહનને પ્રોત્સાહન મળશે.

# ડાંગના છેવાડાના ગામોમાં માનવતાનો પ્રકાશ પ્રેરણા ગ્રુપ-સહ્યાદ્રી એસોસિએશનની સેવા ઝુંબેશ

સુશીલ પવાર | ડાંગ

તાજેતરમાં સામાજિક ઉત્તરદાયિત્વનાં ભાગરૂપે ચિખલી પ્રેરણા ગ્રુપ અને સહ્યાદ્રી ડાંગ માઉન્ટેનિયરિંગ એન્ડ એડવેન્ચર એસોસિએશન, ચિરાપાડાનાં સંયુક્ત ઉપક્રમે એક સુંદર સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ અંતર્ગત ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વસતા જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.સેવા અને સાહસનો સંગમ. એક તરફ 'પ્રેરણા ગ્રુપ'ની સેવા કરવાની ધગશ અને બીજી તરફ 'સહ્યાદ્રી ડાંગ એસોસિએશન'નું પહાડો જેવું સાહસ - આ બંનેના સમન્વયથી ડાંગ જિલ્લાનાં નવ ગામો, જેમ કે શામગહાન, ભુરાપાણી, ભાપખલ, રાનપાડા, બારીપાડા, ચિરાપાડા, મહારાઈચોંડ, બોરીગાંવઠા અને ચિખલી ખાતે નિરાધાર, વૃદ્ધ, અપંગ અને વિધવા સહિતના ૭૦થી વધુ જરૂરિયાતમંદ વ્યક્તિઓને એક મહિના સુધી પૂરતું રહે તેવું અનાજ કીટ (દાળ, ચોખા, લોટ, તેલ) તેમજ બિસ્કિટનું નિસ્વાર્થ વિતરણ કરવામાં આવ્યુ.કીટ પ્રાપ્ત કરનાર વૃદ્ધોના ચહેરા પરનો હરખ અને બાળકોની મુસ્કાન આ સેવાકાર્યની સફળતાની જીવંત સાક્ષી બની હતી.આ કાર્યક્રમનું



આયોજન ચિરાપાડા પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમમાં ચિખલી રિધમ ફાર્મ તથા ભદરપાડા શાળાના નિવૃત્ત શિક્ષક કિશોરભાઈ પટેલ, સ્થાનિક યુવા સામાજિક આગેવાન નીતિનભાઈ રાઉત, બારીપાડા પંચાયતના સરપંચ સોનુભાઈ ચૌર્યા, ભાપખલ પંચાયતના ઉપસરપંચ ગોપાળભાઈ બંગાળ, પર્વતારોહક ભોવાનભાઈ રાઠોડ,સામાજિક આગેવાન કોંજુભાઈ ગાવિત તેમજ પ્રેરણા ગ્રુપ ચિખલી (જિ. નવસારી) અને સહ્યાદ્રી ડાંગ માઉન્ટેનિયરિંગ એન્ડ એડવેન્ચર એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સ્વયંસેવકોએ જણાવ્યું હતું કે, "અમારો ઉદ્દેશ્ય માત્ર સામગ્રી આપવાનો નથી, પરંતુ જરૂરિયાતમંદ ભાઈઓ-બહેનોને એ અહેસાસ કરાવવાનો છે કે તેઓ એકલા નથી - આખો સમાજ તેમની સાથે છે."આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છેવાડાના માનવી સુધી સહાય પહોંચાડવાનો અને સમાજમાં સેવાની જ્યોત પ્રગટાવવાનો હતો. પહાડોની વચ્ચે વસતા પરિવારોના ચહેરા પરનું સ્મિત જ અમારી સાચી કમાણી છે - આવા ઉમદા વિચારો સાથે પ્રેરણા ગ્રુપ ચિખલી અને સહ્યાદ્રી ડાંગ એસોસિએશનના સભ્યોએ ભારે ઉત્સાહપૂર્વક જોડાઈને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## કચ્છી હાથવણાટ કામ લાઈવ જોવા સ્પેનની ગોરી મેમ સિસ્લિવાએ સ્પે. કચ્છની મુલાકાત લીધી



મહેશ એલ.સોની નખત્રાણા

સોશિયલ મીડિયાનો વ્યાપ વધતા કચ્છની રોગાન, હાથવણાટ સહિતની ઘણી બધી હસ્તકલા આજે વિશ્વ પ્રસિદ્ધ બની લોકપ્રિયતામાં અગ્રેસર સ્થાન મેળવી રહી છે સાથે સાથે હસ્તકલા કારીગરો માટે પણ ઊજળી તકો ઉભી થઈ છે. કચ્છની વણાટ કામની ગરમ શાલ, મફલર, સાડી સહિતની ઘણી બધી બનતી આઈટમથી પ્રભાવિત થઈ સ્પેનની એક ગોરી મેમ સિસ્લિવા ખાસ કચ્છની મુલાકાત લઈ હસ્તકલા પર બનતી આઈટમ પર હાથ અજમાવી રોમાંચ અનુભવ્યો હતો. આ અંગે વાત એમ છેકે કચ્છના કોટે નામના નાના એવા ગામમાં વસતા પ્રવિણ ભાઈ સંજોટ જેઓ હાથશાળની કલામાં અદ્ભુત માસ્ટરી ધરાવે છે. જે તેમનો વારસાગત ધંધો છે તેમના પિતા પણ વણાટકામના સારા એવા કારીગર હતા પ્રવિણ ભાઈ દ્વારા સર્જાયેલ અદ્ભુત હાથશાળની આઈટમથી અંત્યંત પ્રભાવિત થઈ હજારો માઈલ દૂર સ્પેનની ગોરી મેમ સિસ્લિવા તેમના ઘરે પધારી હતી જ્યાં પ્રવિણ ભાઈની બહેન ડોલીએ કચ્છનું સ્કાર્ફ પહેરાવી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વણાટકામ પર હાથ અજમાવતા ગોરી મેમને ડોલીએ સાડીમાં પફ અને ઝરી બાંધવાનું શિખવ્યું તો પ્રવિણભાઈ ના પત્ની મિતલબેન સ્ટોલમાં પફ બાંધતા શીખવ્યું તેમજ પ્રવિણભાઈએ હાથશાળનો લાઈવ ડેમો બતાવ્યો. આથી ખુશ ખુશાલ સિસિલ્વાએ હસ્તકલાની ઘણી બધી આઈટમનો ઓર્ડર આપતા કચ્છની આ વણાટકલા હવે સ્પેનની ધરતી પર પણ જોવા મળશે આમ આ કલા થકી થકી કચ્છનું ગૌરવ વધ્યું છે. સિસિલ્વાની મુલાકાત વેળા કુલદિપભાઈએ ભાષા અનુવાદકની ભૂમિકા સુપેરે નિભાવી હતી.

## વઢીયાર ગોળ દરજી સુથાર સમાજનો ૧૮મો સમૂહલગ્ન યોજાયો

### ૧૪ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડી સાંસારીક જીવનનો શુભારંભ કર્યો





નિતીન ઠાકર | રાધનપુર

રાધનપુર ખાતે રવિવારે શ્રી વઢીયાર ગોળ દરજી સુથાર સમાજ દ્વારા ૧૮ મા સમુહ લગ્ન યોજાયો હતો જેમાં ૧૪ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડી નવા સાંસરીક જીવનનો શુભારંભ કર્યો હતાં દાતાઓ દ્વારા ભોજન સમારંભ સહિત સમૂહલગ્ન દાન ની સખાવત કરી દાતા ઓને સમાજ ઋણ અદા કર્યું હતું જ્યારે સમાજના પ્રમુખ ભરતભાઈ દહિયા પ્રફુલભાઈ સહિત સમાજના શ્રેષ્ઠીઓના માર્ગદર્શન દ્વારા સમાજ કાર્યકરો યુવાનો દ્વારા લગ્નોત્સવ સંપન્ન થયો હતો જ્યારે નવિનભાઈ વાઘેલા (દરજી) ચંદુમાણા વાળાએ સમુદ લગ્નોત્સવનું સુંદર સંચાલન કર્યું હતું મોટી સંખ્યામાં સમાજના ભાઈબહેનો લગ્ન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

## કરછ જિલ્લાના દિવ્યાંગોને જી.કે જનરલ હોસ્પિટલ ભુજ દિવ્યાંગ સર્ટિફિકેટ મળવા મુશ્કેલી





જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ભુજ જી કે જનરલ હોસ્પિટલ અંદર દિવ્યાંગ ભાઈબહેનો ને દિવ્યાંગ સર્ટિફિકેટ માટે સિવિલ સર્જનની ઓફીસમાં દિવ્યાંગોને બહૂ તકલીફ થાય છે અને સિવિલ સર્જનની ઓફીસમાં જે જવાબદાર હોય છે તે દિવ્યાંગોને વ્યવસ્થિત જવાબ નથી આપતા અને લાઇનમાં ઊભો રહેવાનું કહે છે લાઈન બહુ ઘણી હોય છે જેમાં વધારે મેડિકલ પિકનિક વાળા આવે છે એટલે પાંચ નંબરની બારી છે જેની અંદર સિવિલ સર્જન સાહેબ હોતા જ નથી જે ચાર્જ માં ગાંધીધામ મધ્યે હોય છે માટે દિવ્યાંગોને બહુ મુશ્કેલી પડે છે દિવ્યાંગોને સહાય માટે કે અન્ય કામકાજ માટે દિવ્યાંગ સર્ટિફિકેટ મેન આધાર ડોક્ટર સર્ટિફિકેટ જ છે એના કારણે દિવ્યાંગોને બહુ મુશ્કેલી પડે છે પાંચ નંબરની બારી માં જે બેસે છે તે મનમાની કરે છે દિવ્યાંગ દ્વારા એવું જાણવા મળ્યું જે 50 - 50 રૂપિયા આપે એનું કામ જલ્દી થઈ જાય અને એની અંદર ઓફિસમાં બોલાવીને કામ થાય અને દિવ્યાંગો લાંબી લાઈનમાં ઊભું રહેવું પડે છે એવું સ્પષ્ટ આ તસવીર દેખાય છે અને જે સર્ટિફિકેટ રીન્યુ કરાવવા માટે જે ઓટોમેટીક ડોક્ટર 36 નંબરનું તેમજ 105 માં આંખ વિભાગમાં દિવ્યાંગોને બહુ હેરાનગતિ કરે છે એવું જાણવા મળે છે અને અમારી કચ્છ જિલ્લાના દિવ્યાંગો ની માંગ છે કે અમને અલગથી એક ઓફિસ રાખવામાં આવે અને અમારું કામ જલ્દી થાય એવી અમારી માંગ છે તેવું કરછ જીલ્લા દિવ્યાંગ મંચના પ્રમુખ માલશી માંતગ જણાવ્યુ હતુ.

## નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનું કેશોદ એરપોર્ટ ખાતે ઉષ્માભેર સ્વાગત: ગાર્ડ ઓફ ઓનર અપાયું

નરેન્દ્રદવેજૂનાગઢ

જૂનાગઢતા.૧૧ નાયબમુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનું કેશોદ એરપોર્ટ ખાતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ, તેમની સાથે જ પધારેલા સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા અને ઉર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા ને જૂનાગઢ જિલ્લાના પદાધિકારી-અધિકારીઓએ આવકાર્યા હતા. જૂનાગઢમાં ભવનાથ ખાતે ગીરી તળેટીમાં યોજાતા મહાશિવરાત્રી મેળામાં સહભાગી થવા પધારેલા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ને જિલ્લા પોલીસ દ્વારા કેશોદ એરપોર્ટ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાંઆવ્યું હતુ.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'વિશ્વ કઠોળ દિવસ'ની ઉજવણી કરાઈ



માહિતી બ્યુરો, પાલનપુર

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત કઠોળ સંશોધન કેન્દ્ર દ્વારા ગત ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ 'વિશ્વ કઠોળ દિવસ'ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રારંભમાં કઠોળ સંશોધન કેન્દ્રના યુનિટ હેડ ડૉ. એમ.એસ.પટેલે ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સહ-સંશોધન વૈજ્ઞાનિક ડૉ. અશોક ચૌધરીએ કેન્દ્રની વિવિધ સિદ્ધિઓ અને ચાલતી સંશોધન કામગીરી વિશે વિગતે માહિતી આપી હતી. ટેકનિકલ સત્રમાં કેન્દ્રના વૈજ્ઞાનિકો ડૉ. બિંદુ પાનીકર, ડૉ. અનિરુદ્ધ ચટ્ટોપાધ્યાય, ડૉ. સલોની જોષી, ડૉ. દિગ્વિજયસિંહ પઢીયાર અને ડૉ. દિક્ષીતાબેન પટેલ દ્વારા કઠોળ પાકોની સુધારેલી જાતો, પોષણમૂલ્ય, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અને રોગ-જીવાત નિયંત્રણ અંગે પ્રેરક વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. દાનાભાઈ જાદવ અને ડૉ. હર્ષ પુરોહિતના માર્ગદર્શન હેઠળ તકનીકી સ્ટોલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જ્યારે ડૉ. વર્ષાબેન પ્રજાપતિ અને નેહાબેન પટેલ દ્વારા ખેડૂતો માટે ફાર્મ મુલાકાત યોજી પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના સમાપન અવસરે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકી મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અન્ય મહાનુભાવોમાં ભૂતપૂર્વ કુલપતિ ડૉ. આર.એમ. ચૌહાણ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલ તેમજ સહ-સંશોધન નિયામક ડૉ. એન. એન. પ્રજાપતિએ હાજર રહી ખેડૂતોને આધુનિક ખેતી અપનાવવા અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર રહેલા ખેડૂત ભાઈ-બહેનોને સંબોધતા મહાનુભાવોએ કઠોળના પાક દ્વારા જમીનની ફળદ્રુપતા અને આર્થિક સમૃદ્ધિ વધારવા પર ભાર મૂક્યો હતો. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ડૉ. સંયમ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ ઉજવણીના માધ્યમથી ખેડૂતોને આધુનિક કૃષિ પદ્ધતિઓથી માહિતગાર કરવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## તિલકવાડા પોલીસે 2 લાખ 91 ની કિંમત નો દારૂ નો જથ્થો પકડ્યો

પોલીસે બોલેરો ગાડીનો પીછો કરતા ચાલક ગાડી મૂકી નાસી ગયો .

રાજપીપલા | નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકા પોલીસે એક ગાડી નો પીછો કરી બેલાખ એકાણું હજાર થી વધુ કિંમત નો દારૂ નો જથ્થો પકડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી . પ્રાપ્ત માહિતી મુજબ તિલકવાડા પોલીસે મહિન્દ્રા કંપની ની બોલેરો ગાડી નો શક ને આધારે પીછો કરતા અત્રે ઉંધઈમાંડવા ગામ પાસે વાહન ચાલક ગાડી મૂકી નાસી છૂટ્યો હતો પોલીસે ગાડી ની તપાસ કરતા તેમાંથી ઈંગ્લીશ બનાવટ ના બિયર ના ટીન અને ક્વાટરીયા કુલ 1336 નંગ જેની કુલ કિંમત રૂ. 2,91,744 નો મુદ્દામાલ તથા બોલેરો ગાડી જપ્ત કરી.

## કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ દાહોદ જિલ્લાના વિવિધ વિભાગીય કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ


દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને દાહોદ જિલ્લાના તમામ વિભાગોની કામગીરી અંગેની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ દરમ્યાન સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓએ પ્રેઝન્ટેશન થકી પોતાના વિભાગ થકી દાહોદ જિલ્લાના તમામ તાલુકા વાઈઝ કરવામાં આવતી કામગીરી અંગે વિસ્તાર પૂર્વક આંકડાકીય માહિતી સાથે વિગતો રજૂ કરી હતી. આ દરમ્યાન કલેકટરશ્રી યોગેશ નિરગુડે એ આપસી સંકલન થકી નિયમોની અંદર રહીને કામગીરી કરવા સૂચના આપી હતી. પ્રાંત અધિકારીશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને મામલતદારશ્રીઓ એ મળીને કામગીરી કરશે તો કામગીરી કરવામાં સરળતા રહેશે એમ જણાવ્યું હતું. નાગરિકો હેલ્મેટનો ઉપયોગ કરે, એલ. ઈ. ડી. લાઈટ અને કારમાં બ્લેક ફિલ્મનો ઉપયોગ ના થાય એ માટે ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં કાયદો અને વ્યવસ્થા, લેન્ડ ગ્રેમ્બિંગ, ડિસ્ટ્રિક્ટ રોડ એન્ડ સેફટી કમિટી, ભારતમાલા પરિયોજના, ખાણ ખનીજો, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, મહેસુલી અધિકારીશ્રીઓની માસિક બેઠક, પીએમ પોષણ યોજના, અન્ન પુરવઠા વિભાગ, એસ. આઈ. આર. જેવા વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓએ પ્રેઝન્ટેશન થકી પોતાના વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે માહિતી રજૂ કરી હતી.

# ભાજપના સંગઠનને મજબૂત કરવા પ્રદેશ મહામંત્રીનો ઝંઝાવાતો પ્રવાસ, કાર્યકરો દ્વારા ભવ્ય અભિવાદન

સુશીલ પવાર | ડાંગ

ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને દક્ષિણ ગુજરાતના પ્રભારી ડો. પ્રશાંતભાઈ કોરાટ દ્વારા આજે ડાંગ જિલ્લાનો વિશેષ પ્રવાસ ખેડવામાં આવ્યો હતો.'મારો પ્રવાસ-મારું કર્તવ્ય' ના સૂત્ર સાથે આયોજિત આ કાર્યક્રમમાં વઘઇ, સુબિર અને આહવા ખાતે વિવિધ સંગઠનાત્મક બેઠકો અને અભિવાદન કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ડાંગ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રવાસની શરૂઆત સવારે વઘઇ ખાતેથી કરવામાં આવી હતી. APMC હોલ, વઘઇ ખાતે વઘઇ મંડળના હોદ્દેદારો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી કાર્યક્રમો અને સંગઠનના માળખાને વધુ સુદ્રઢ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ધૂબીટા ખાતે બૂથ પ્રમુખ રાજુભાઈ પવારના નિવાસ્થાને ભોજન લઈ જનસંપર્ક વધારવા પર ભાર મૂક્યો હતો. બપોર બાદ પ્રશાંતભાઈ કોરાટ સુબિર પહોંચ્યા હતા, જ્યાં શબરી રિસોર્ટ ખાતે સુબિર મંડળના હોદ્દેદારો સાથે બેઠક યોજી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ ડાંગના મુખ્ય મથક આહવા ખાતે પટેલપાડામાં



નવનિર્મિત ભાજપા કાર્યાલયની મુલાકાત લીધી હતી. આહવામાં સેવાધામ ખાતે આહવા મંડળના હોદ્દેદારો અને જિલ્લા સંગઠનના નવનિયુક્ત હોદ્દેદારો સાથે પરિચય બેઠક યોજાઈ હતી.આ સમગ્ર પ્રવાસ દરમિયાન જિલ્લા સંગઠન પ્રભારી રાજેશભાઈ દેસાઈ (સહ સંયોજક- પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન) વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.બેઠકો દરમિયાન ડો. પ્રશાંતભાઈ કોરાટે જણાવ્યું હતું કે, કાર્યકરો જ પક્ષનો પાયો છે અને છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓ પહોંચાડવી એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.ડાંગ જિલ્લા ભાજપ દ્વારા આ પ્રવાસને સંગઠન માટે અત્યંત મહત્વનો ગણાવવામાં આવ્યો છે.સાથે સુબિર તાલુકાનાં નારાજ કાર્યકરોની નારાજગી દૂર કરી પાછા કામે લગાડવાની ઝુંબેશ હાથ ધરાશે.સાથે નવનિયુક્ત હોદ્દેદારોએ આ પ્રવાસથી નવી ઊર્જા મેળવી હોવાનો સૂર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈન,ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત, મહામંત્રીઓમાં ધર્મેશભાઈ પટેલ,બુધુભાઈ કામડી,શંકરભાઈ પવાર સહીત પદાધીકારી અને કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢમાં ગિરનારી ગ્રુપ દ્વારા શિવોત્સવ મીની કુંભ મેળામાં ભારતી આશ્રમ, ભવનાથ ખાતે રક્તદાન કેમ્પ તથા પ્રાથમિક સારવાર કેન્દ્રનો થયેલ પ્રારંભ



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા. ૧૧. જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની એક યાદીમાં જણાવવામાં આવેલ છે કે, તા. 11/02/26 ને બુધવારના ગીરીવર ગિરનારની ગોદમાં ભવનાથ તળેટીમાં ભારતી આશ્રમ ખાતે ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા શિવોત્સવ (મીની કુંભ) - 2026 માં જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા રક્તદાન શિબિર, પ્રાથમિક સારવાર કેન્દ્ર તથા ફિઝિયોથેરાપી કેમ્પ નું આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ મહામંડલેશ્વર શ્રી શ્રી 1008 સ્વામીશ્રી હરિહરાનંદભારતીજી મહારાજ મહંતશ્રી જૂનાગઢ, સરખેજ, કેવડિયા, વાક્યા તથા સાધુ સંતોના વરદ હસ્તે વિધિવત રીતે પ્રારંભ કરવામાં આવેલો હતો. જેમાં આજે પહેલા દિવસે આ મિનિ કુંભમાં પુણ્યનું ભાથું બાંધવા આવેલ ભક્ત ગણો દ્વારા રક્તદાન કરવામાં આવેલ હતું. અને પ્રાથમિક સારવાર કેન્દ્રનો પણ લાભ લેવામાં આવી રહ્યો છે તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના અભ્યાસ માળખાને વિષયવાર સુદ્રઢ બનાવવા બોર્ડ ઓફ સ્ટડીઝની બેઠકો મળી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા. ૧૧, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા યુનિ.એફીલેટેડ શૈક્ષણિક કોલેજો-સંસ્થાઓમાં વિવિધ વિષયે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦નાં માળખાને ધ્યાને લઈને સુચારૂ અભ્યાસક્રમ બની રહે અને સમયનાં બદલાતા આયામો, નવિનત્તમ સંશોધનોનાં આવિશકારોનો અભ્યાસક્રમમાં સંમિલ્લીત કરવા સહિતની બાબતો પર ચર્ચા સમીક્ષા કરવા આજે સમાજશાસ્ત્ર, ગુજરાતી, ઈતિહાસ, હિન્દી, મનોવિજ્ઞાન,અને પોલીટીકલ સાયન્સ વિષયોની બોર્ડ ઓફ સ્ટડીઝની બેઠક કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં વિષય નિષ્ણાંતો અને બોર્ડ ઓફ સ્ટડીઝનાં સદસ્યોની ઉપસ્તિતીમાં આજે યુનિ.ભવન ખાતે યોજાઇ હતી. બોર્ડ ઓફ સ્ટડિઝની આજની છ વિષયોની યોજાયેલ વિષયવાર બેઠકોમાં ઉપસ્થિત તજજ્ઞો સાથે રાષ્ટ્રીયશિક્ષાનીતિ અને યુનિ.નાં અભ્યાસમાળખા અંગે વાત કરતા કૂલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સંશોધન, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગારલક્ષી કૌશલ્યો પર સરકારશ્રીએ જ્યારે વધુ ધ્યાન આપવા સાથે અભ્યાસ માળખું વિદ્યાર્થીઓને વધુ લવચીકતા અને રોજગારલક્ષી શિક્ષણ પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં થયુ હોય ત્યારે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તથા તબીબી ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કલા, વિજ્ઞાન અને વ્યવસાયિક અભ્યાસક્રમો વચ્ચેની સીમાઓ દૂર થયે પોતાની પસંદગીના વિષયો ભણી શકે એવી ભલામણ છે ત્યારે વિદ્યાર્થીઓને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકો ને પ્રોત્સાહન મળી રહે યુનિ.નો ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે સમગ્ર શિક્ષણ પ્રણાલીના માળખાને નવેસરથી તૈયાર કરવું પડશે જેથી વધુ અસરકારક અધ્યયન કૌશલ્યોનો વિકાસ કરી શકાય અને સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય.બોર્ડ ઓફ સ્ઠડીઝનાં છ વિષયોની વિવિધ બેઠકોમાં વિષયનિષ્ણાંતો સાથે પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે જ્ઞાન ફલક પર વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ બિગ ડેટા, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં થઈ રહેલા ઘણા બધા વૈજ્ઞાનિક અને તકનીકી વિકાસને કારણે ડેટા વિજ્ઞાન, કમ્પ્યૂટર સાયન્સ અને ગણિતના ક્ષેત્રોમાં એવા કુશળ વ્યક્તિઓની જરૂરિયાત અને માંગ વધશે કે જેઓ વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને માનવ વિદ્યાશાખાના એકથી વધુ ક્ષેત્રનું જ્ઞાન અને લાયકાત ધરાવતા હોય. ઊર્જા, પાણી, સ્વચ્છતા વગેરેની આવશ્યકતાઓ પૂરી કરવા માટે નવા નવા માર્ગો શોધવા પડશે.

શાળામાં ઉદ્ઘાટનની આળસે બાળકો મુશ્કેલીમાં, નવું મકાન તૈયાર છતાં વિદ્યાર્થીઓ જૂની ઈમારતમાં ભણવા મજબૂર

# વેલંજાની શાળામાં જગ્યાનો અભાવ, બે પાળીમાં ચાલી રહ્યો છે અભ્યાસ : રાકેશ હિરપરા AAP

અમદાવાદ | સુરત આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી તથા સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય રાકેશ હિરપરાએ સુરતના વેલંજામાં આવેલી શાળાની હાલત અંગે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે નવું શાળાનું મકાન સંપૂર્ણ તૈયાર હોવા છતાં માત્ર ઉદ્ઘાટન માટે સમય ન મળતા બાળકોને જૂના અને જર્જરિત મકાનમાં ભણવા માટે મજબૂર થવું પડી રહ્યું છે. માહિતી મુજબ ધોરણ 1 થી 5 માં 639 વિદ્યાર્થીઓ અને ધોરણ 6 થી 8 માં 397 વિદ્યાર્થીઓ ભણે છે. જગ્યાના અભાવે એક જ શાળામાં બે પાળી ચલાવવામાં આવે છે. તેમ છતાં પૂરતી જગ્યા ન હોવાથી બાળકોને ગીચોગીચ પરિસ્થિતિમાં, લોબીમાં અને અયોગ્ય ઓરડાઓમાં બેસાડી પરીક્ષા લેવાઈ રહી છે.AAP નેતા રાકેશ હિરપરાએ વધુમાં જણાવ્યું કે ત્રણ-ત્રણ વખત ઉદ્ઘાટનની તારીખો જાહેર કરવામાં આવી હોવા છતાં કાર્યક્રમ યોજાયો નથી. પરિણામે નવું મકાન બંધ પડ્યું છે અને બાળકો ખુલ્લામાં તથા સંકુચિત જગ્યામાં ભણવા મજબૂર છે. પરીક્ષાના સમયગાળામાં વિદ્યાર્થીઓને શ્વાસ લેવામાં પણ તકલીફ પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. તેમણે વધુમાં જણાવ્યું કે કોમ્પ્યુટર રૂમ સહિતના નાના ઓરડાઓમાં વિદ્યાર્થીઓને ગોઠવી પરીક્ષા લેવાઈ રહી છે, જે સુરક્ષા અને આરોગ્ય બંને દ્રષ્ટિએ જોખમી છે. કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે ? રાકેશ હિરપરાએ ભાજપના શાસકોને અપીલ કરી કે તેમને જેટલી ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવી હોય તે કરી લે, પોતાનું નામ લગાવી દે, પરંતુ બાળકોને તેમના અધિકારરૂપ શાળાનું નવું મકાન તાત્કાલિક સોંપવામાં આવે. બાળકોની શિક્ષણની ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારનો રાજકીય ખેલ ન રમાવો જોઈએ અને તરત જ નવું મકાન વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મૂકવું જોઈએ.

# ગાંધીધામ ક્ષેત્ર થી ઉત્તરી ભારત માટે ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે બેઠક યોજાઈ



અમદાવાદ | ગાંધીધામમાં સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC)ના પ્રતિનિધિઓ અને રેલ અધિકારીઓ વચ્ચે ગાંધીધામ ક્ષેત્રથી દિલ્હી અને અન્ય ઉત્તરી ક્ષેત્રો માટે ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. બેઠકમાં અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, વરિષ્ઠ મંડળ સંચાલન પ્રબંધક ડૉ. જેનિયા ગુપ્તા, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અનૂ ત્યાગી, ગાંધીધામના ક્ષેત્રીય રેલ પ્રબંધક (ARM) શ્રી આશિષ ધાનિયા સહિત રેલવેના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા. ઉપરાંત, સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC) ના પ્રતિનિધિઓ અને કાંડલા ટિમ્બર એસોસિએશનના નવ સભ્યો પણ બેઠકમાં ભાગ લીધો હતો.બેઠકનો મુખ્ય ઉદ્દેશ ટિંબરના પરિવહનને રોડ માર્ગથી રેલ માર્ગ તરફ સ્થળાંતર કરવા માટે પ્રોત્સાહન આપવાનું હતું. ચર્ચાના દરમિયાન આ નોંધાયું કે ગાંધીધામ ક્ષેત્રમાં લગભગ 750 આરા મિલ્સ (સૉ મિલ્સ) છે, છતાં રેલ માર્ગથી ટિંબરનું પરિવહન હજુ પણ બહુ ઓછું છે.બેઠકમાં રેલ આધારિત ટિંબરની લોડિંગને પ્રોત્સાહન આપવા, લોજિસ્ટિક્સ સહયોગને મજબૂત બનાવવા અને સંચાલન સંબંધિત પડકારોના ઉકેલ માટે વિવિધ વ્યૂહરચનાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.

# સશક્તિકરણ, કાયદેસરની પ્રક્રિયા અને ગૌરવ: ભારતના ડિજિટલ જાહેર ક્ષેત્રમાં સિન્થેટિક મીડિયાનું સંચાલન



લેખક : એસ. કૃષ્ણન
સચિવ, ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY)

ભારતનું ડિજિટલ જાહેર ક્ષેત્ર એક નિર્ણાયક વળાંક પર છે. આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સમાં થયેલી પ્રગતિ, ખાસ કરીને ઑડિયો, વિઝ્યુઅલ અને ઑડિયો-વિઝ્યુઅલ કન્ટેન્ટના નિર્માણ અને ફેરફારમાં, માહિતી કેવી રીતે બને છે, તેનો ઉપયોગ કેવી રીતે થાય છે અને તેને કેવી રીતે વિશ્વસનીય માનવામાં આવે છે તે સંપૂર્ણપણે બદલી દીધી છે. જ્યાં આ તકનીકો અભિવ્યક્તિ, સર્જનાત્મકતા અને સુલભતાની શક્યતાઓને વિસ્તારે છે, ત્યાં તે નવા જોખમો પણ ઊભા કરે છે જે વ્યક્તિગત ગૌરવ, સામાજિક સુમેળ અને બંધારણીય મૂલ્યોને સીધી અસર કરે છે. કૃત્રિમ રીતે જનરેટ કરાયેલી માહિતીથી ઉભા થતા વિશિષ્ટ પડકારોને ઓળખીને, ભારત સરકારે ડિજિટલ મધ્યસ્થીઓને સંચાલિત કરતી કાયદાકીય અને નીતિગત રચનાને મજબૂત કરી છે. નવેમ્બર 2025માં ઈન્ડિયા AI મિશન હેઠળ બહાર પાડવામાં આવેલી ઈન્ડિયા AI ગવર્નન્સ ગાઈડલાઈન્સ, 2025 સાથે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (ઈન્ટરમીડિયરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ, 2021માં તાજેતરના સુધારાઓ એક સંકલિત અને સુયોજિત અભિગમ દર્શાવે છે, જેમાં વાસ્તવિક નુકસાનને સંબોધવા માટે કાયદેસરની બંધનકર્તા જવાબદારીઓનો સમાવેશ થાય છે, જે જવાબદાર AI અપનાવવા માર્ગદર્શન આપતા નીતિગત સિદ્ધાંતો દ્વારા સમર્થિત છે.હિતધારકો સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ તૈયાર કરાયેલા આ દસ્તાવેજો, સ્પષ્ટ શાસન ઉદ્દેશ્યનો સંકેત આપે છે કે તકનીકી પ્રગતિ એવા માળખામાં આગળ વધવી જોઈએ જે પારદર્શિતા, જવાબદારી અને નાગરિકના ગૌરવને જાળવી રાખે.સિન્થેટિક મીડિયાના જોખમો સામે વૈધાનિક પગલાંસુધારેલા મધ્યસ્થી નિયમો સૌ પ્રથમ "કૃત્રિમ રીતે જનરેટ કરાયેલી માહિતી" ની એક ચોક્કસ અને વ્યાવહારિક વ્યાખ્યા રજૂ કરે છે. આ વ્યાખ્યા કાળજીપૂર્વક ઘડવામાં આવી છે. તે એવી સામગ્રીને આવરી લે છે જે કૃત્રિમ રીતે અથવા ગાણિતીક રીતે બનાવેલી કે બદલેલી હોય, અને જે વાસ્તવિકતા જેવી પ્રામાણિક અથવા તેનાથી અલગ ન પાડી શકાય તેવી દેખાય, જ્યારે તકનીકી સંપાદન, સુલભતા સુધારણા, શૈક્ષણિક કે સંશોધન સામગ્રી, અને કાયદેસર સર્જનાત્મક ઉપયોગ જેવી દિનપ્રતિદિનની સદ્ભાવનાપૂર્ણ પ્રવૃત્તિઓને સ્પષ્ટપણે બાકાત રાખે છે.આ વ્યાખ્યાત્મક સ્પષ્ટતા એક મહત્વપૂર્ણ કાનૂની કાર્ય કરે છે. યથાયોગ્ય ચકાસણી, ફરિયાદ નિવારણ અને મધ્યસ્થીની જવાબદારીના હેતુઓ માટે કૃત્રિમ રીતે જનરેટ કરાયેલી માહિતીને 'માહિતી' ના કાર્યક્ષેત્રમાં સ્પષ્ટપણે લાવીને, આ નિયમો સુનિશ્ચિત કરે છે કે ડિજિટલ નુકસાનના ઉભરતા સ્વરૂપોને અનૌપચારિક નિયમન પ્રણાલીઓ પર છોડી દેવાને બદલે હાલના કાયદાકીય માળખામાં સંબોધવામાં આવે.એટલું જ મહત્ત્વનું એ સ્પષ્ટતા છે કે મધ્યસ્થીઓ દ્વારા સ્વયંચાલિત સાધનો અથવા અન્ય વ્યાજબી તકનીકી પગલાં દ્વારા સદ્ભાવનાપૂર્વક લેવાયેલાં પગલાં કાયદાકીય સુરક્ષાને અસર કરતા નથી. જવાબદારી સુનિશ્ચિત કરવાની સાથે, આ પાલન-સક્ષમ વાતાવરણને મજબૂત બનાવે છે.એ સ્પષ્ટ સ્પષ્ટતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે કે મધ્યસ્થીઓ દ્વારા સ્વચાલિત સાધનો અથવા અન્ય વાજબી તકનીકી પગલાં દ્વારા લેવામાં આવતા પગલાં કાયદાકીય રક્ષણને અસર કરતા નથી. આ જવાબદારી જાળવી રાખીને પાલન-સક્ષમ વાતાવરણને મજબૂત બનાવે છે.

## પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે સમર્પણ દિવસ ની સંખેડા તડવી સમાજની વાડી ખાતે ભાજપ કાર્યકરો દ્વારા ઉજવણી કરાઈ





કમલેશ પટેલ | સંખેડા |પંડિત દીનદયાળ ઉપાધ્યાય એક મહાન વિચારક, સમાજસેવક અને રાજકારણી હતા. તેમણે ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી અને 'એકાત્મ માનવવાદ'ના પ્રણેતા તરીકે જાણીતા છે, જે દરેક વ્યક્તિના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. તેમના 'અંત્યોદય'ના વિચારે ભારતના વિકાસ મોડેલને પ્રેરણા આપી છે.આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત રાજ્યના ઉપાધ્યક્ષ રસિકભાઈ પ્રજાપતિ, જિલ્લા ભાજપના પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભિસિંગ તડવી, જિલ્લા પંચાયત પ્રમુખ માલ્કાબેન પટેલ અને સંખેડા મંડળના પ્રમુખ જૈમિનભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુરકોંગસેલેક - પાસીઘાટ નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટના મુરકોંગસેલેક - સિલે વિભાગમાં CRS નિરીક્ષણ હાથ ધરવામાં આવશે




માલીગાંવ | રેલવે સલામતી કમિશનર (CRS), NF સર્કલ, શ્રી સુમીત સિંઘલ 12 અને 13 ફેબ્રુઆરી, 2026 ના રોજ નવા બનેલા મુરકોંગસેલેક-સિલે વિભાગ (આશરે 15.60 કિમી) નું બે દિવસનું વૈધાનિક નિરીક્ષણ કરશે. આ વિભાગ ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) ના તિનસુકિયા વિભાગ હેઠળ 26.15 કિમી લાંબા મુરકોંગસેલેક-પાસીઘાટ નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો છે. આ નિરીક્ષણ અને ત્યારબાદની અધિકૃતતા સફળ રીતે પૂર્ણ થવાથી માલ અને મુસાફરો બંને માટે સિલે સુધી નિયમિત ટ્રેન કામગીરી શરૂ કરવાનો માર્ગ મોકળો થશે, જેનાથી પ્રદેશમાં રેલ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થશે. નિરીક્ષણ દરમિયાન, CRS ની સાથે NFR બાંધકામ સંગઠનના વરિષ્ઠ અધિકારીઓ રહેશે, જેમની દેખરેખ હેઠળ કામો હાથ ધરવામાં આવ્યા છે. નિરીક્ષણ મુરકોંગસેલેક સ્ટેશનથી સવારે 08:30 વાગ્યે શરૂ થવાનું છે.મુરકોંગસેલેક-પાસીઘાટ નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટ 26.15 કિમી સુધી ફેલાયેલો છે, જે આસામના મુરકોંગસેલેકથી શરૂ થાય છે અને અરુણાચલ પ્રદેશના પાસીઘાટ સુધી ફેલાયેલો છે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં બનાવવામાં આવ્યો છે - તબક્કો-1: મુરકોંગસેલેક-સિલે (15.60 કિમી) અને તબક્કો-2: સિલે-પાસીઘાટ (10.55 કિમી). આ સંરેખણમાં ત્રણ નવા સ્ટેશનો, જેમ કે સિલે, લાબો અને પાસીઘાટ, તેમજ ઘણા મોટા અને નાના પુલ, રોડ ઓવર બ્રિજ (ROB), રોડ અંડર બ્રિજ (RUB) વગેરેનો સમાવેશ થાય છે.સમગ્ર 26.15 કિમી પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, આ લાઇન અરુણાચલ પ્રદેશના લોકો માટે આસામ અને દેશના બાકીના ભાગ સાથે જોડાણમાં નોંધપાત્ર સુધારો કરશે.

## અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પં. દીનદયાળ ઉપાધ્યાયના નિર્વાણ દિને ભાવવંદના સાથે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.





અશોક મણવર | અમરેલી | ભારતીય જનતા પાર્ટીના આદર્શ, જનસંઘનાં સ્થાપક, એકાત્મ માનવ દર્શન તેમજ અંત્યોદય વિચારધારાનાં વાહક પં. દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિએ અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે ભાજપ આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.૧૯૬૮ની સાલમાં ૧૧ ફેબુઆરીએ ટ્રેન મુસાફરી દરમિયાન ભેદી સંજોગોમાં પંડિતજીનું નિધન થયેલું. સંગઠન અને અંત્યોદય ને જીવનમંત્ર બનાવનાર પં. દીનદયાળ ઉપાધ્યાયજીનાં નિર્વાણ દિવસને ભારતીય જનતા પાર્ટી દ્વારા 'સમર્પણ દિન' તરીકે મનાવવામાં આવે છે. તે અંતર્ગત અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં માર્ગદર્શનમાં પ્રદેશ ભાજપ અગ્રણી અને ભાવનગર મહાનગરનાં પૂર્વ પ્રમુખ અભયસિંહ ચૌહાણ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં.

### ધીરુભાઈ ખુમાણના પુત્રની અમરેલી સુધી હેલિકોપ્ટર મારફતે વરરાજાની જાજરમાન જાન પહોંચી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં લગ્નોત્સવનો સૌથી વધારે મહત્વ છે અને અલગ અલગ રીતે લગ્નોત્સવની ઉજવણી કરવામાં આવે છે પરંતુ હવે સૌરાષ્ટ્રમાં હેલીકૉપટરનો ટ્રેન શરૂ થયો છે લગ્નોત્સવમાં વરરાજા માટે ખાસ હૅલોકોપટર બોલાવવામાં આવે છે અમરેલી જિલ્લામાં એક અનોખું દ્રશ્ય સામે આવ્યું છે.લોઠપુર ગામથી અમરેલી શહેર સુધી હેલિકોપ્ટર મારફતે જાન પહોંચતા સમગ્ર વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર ખાતે ૧૮ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ચેરમેનશ્રી ચંદ્રકાંત કુંભાણીના અધ્યક્ષ સ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ.તેમજ આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માં થનાર કામગીરીનો અહેવાલ કેવિકેના વિષય નિષ્ણાંતોએ રજૂ કર્યો હતો તથા કેવિકે દ્વારા ખેડૂતલક્ષી હિત કઈ રીતે થઈ શકે તે અંગે ઉપસ્થિત સમિતિના સભ્યો પાસેથી માર્ગદર્શન અને સોનેરી સૂચનો મેળવ્યા હતા. ઉપરાંત ઉપસ્થિત સૌએ ટીમ દ્વારા થતી કામગીરીને બિરદાવી હતી.

### તિલકવાડા પોલીસે 2 લાખ 91 ની કિંમત નો દારૂ નો જથ્થો પકડ્યો

રાજપીપલા | નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકા પોલીસે એક ગાડી નો પીછો કરી બેલાખ એકાણું હજાર થી વધુ કિંમત નો દારૂ નો જથ્થો પકડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી . પ્રાપ્ત માહિતી મુજબ તિલકવાડા પોલીસે મહિન્દ્રા કંપની ની બોલેરો ગાડી નો શક ને આધારે પીછો કરતા અત્રે ઉધઈમાંડવા ગામ પાસે વાહન ચાલક ગાડી મૂકી નાસી છૂટ્યો હતો પોલીસે ગાડી ની તપાસ કરતા તેમાંથી ઈંગ્લીશ બનાવટ ના બિયર ના ટીન અને ક્વાટરીયા કુલ 1336 નંગ જેની કુલ કિંમત રૂ. 2,91,744 નો મુદ્દામાલ તથા બોલેરો ગાડી જપ્ત કરી.

### અમરેલીમાં એક નિવૃત્ત કર્મચારી ની મરણ મૂડી બચાવી ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદ સજા ચેકની દોઢી રકમ ચૂકવવા પણ કોર્ટનો આદેશ

કિશોરઆર.સોલંકી|જાફરાબાદ

અમરેલી શહેરમાં રહેતા અને પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા એક નિવૃત્ત કર્મચારી એ પોતાની સોસાયટીમાં રહેતા અને પારિવારિક મિત્ર રમેશ યશવંતભાઈ ચૌહાણ ને ૨૫૦૦૦૦ જરૂર પડતા રૂપિયા જે આ કામના ફરિયાદી નિવૃત્તિ સમયે મળેલ રકમ જે હાથ ઉપર હોય તે પૈકી રૂપિયા અઢી લાખ પુરા ૨૫૦.૦૦૦ હાથ ઉછીના આપેલા. ત્યારબાદ આ કામના ફરિયાદીએ પોતાના વાયદા મુજબ ઉછીની ઉછીના પેટે આપેલી રૂપિયા ૨૫૦.૦૦૦ અઢી લાખની રકમ અંગે આ કામના આરોપી પાસે ઉઘરાણી કરતા.

### ગોરાદના શખ્સને ચેક રીટર્નના કેસમા ચાણસ્મા કોર્ટે એક વર્ષની સજા ફટકારી

નિતીન ઠાકર | ચાણસ્મા | બનાવની હકીકત એવી છે કે, બ્રાહ્મણવાડા, તા. ચાણસ્માના વતની અને હાલ સનવિલા સોસાયટી, મહેસાણા મુકામે રહેતા ચૌધરી દેવરાજભાઈ ગોવાભાઈ પાસેથી પટેલ મુકેશભાઈ કાન્તિલાલ મૂળ રહે. ગોરાદ તા.જી મહેસાણા હાલ રહે. ફરિયાદી દેવરાજભાઈ ચૌધરીએ આરોપી પટેલ મુકેશભાઈ પાસે ઉઘરાણી કરતા આરોપીએ ધી મહેસાણા અર્બન કો ઓ બેંક લી. મહેસાણા શાખાનો રૂપિયા ૫,૦૦,૦૦૦/- ના લેણા પેટે ચેક લખી આપેલો.

### સાંઈ જલારામ મંદિર આનંદનગર, નખત્રાણા ખાતે ૧૪મો પાટોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો

જગદીશ દવે | દેશલપર | નખત્રાણા ખાતે આવેલ સાંઈ જલારામ મંદિર આનંદનગરમાં ૧૪માં પાટોત્સવની ઉજવણી ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવી હતી.પાટોત્સવ નિમિત્તે સવારથી જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ધાર્મિક કાર્યક્રમોમાં જોડાયા હતા અને મંદિર પરિસરમાં ભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો.

પાટોત્સવની શરૂઆત સવારના સમયે ગૌસેવાના પુણ્ય કાર્યથી કરવામાં આવી, જેમાં ગાયોને લીલો ચારો અર્પણ કરવામાં આવ્યો હતો.

### હું શ્વાસ ચાલે ત્યાં સુધી રામને ગાતો રહીશ:પુ મોરારિબાપુ

તખુભાઈ સાંડસુર | દ્વારકા ખાતે ગવાઈ રહેલી 972મી રામકથામાં એક ખૂબ મહત્વની પોતાની જીવન યાત્રાની સાથે જોડાયેલી વાત પ્રસ્તુત કરી. પુ બાપુએ સાતમા દિવસની રામકથાના ચિંતનમાં એક જીજ્ઞાસા કે જેમાં પોતાના પરિવારમાં કોઈ બેન એમ કહે તેમના પરિવારમાં બધાને રામમાં શ્રદ્ધા નથી. પણ ઘરમાં માનસનુ સ્થાપન થયેલું છે.તેમના ઈસ્ટ બીજા છે તો પણ આપણી પાસે માનસ હોય અને માનસની ચોપાઈ અને દોહા સોરઠા ઉપર આપણી આંગળી પડતી રહે તો પણ આપનું જીવન ધન્ય થઈ જાય છે.

### જાફરાબાદ ની સંસ્થા જે અઢારે વર્ણને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે આવેલ જા.કે.ઉ. મંડળ સંચાલિત પારેખ મહેતા હાઈસ્કૂલ માં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને (N. C . C.) ના ભૂતપૂર્વ કેડેટ પ્રવિણભાઈ એમ. ધાખદા ને પોલીસ ખાતામાં પીએસઆઈ માંથી પીઆઈ તરીકે નું પ્રમોશન મળતા વડોદરા પોલીસ કમિશનર દ્વારા વડોદરા ખાતે એલસીબી માં મુકવામાં આવ્યા છે. પ્રવિણભાઈ ધાખડા રાજુલા તાલુકાના ધારા નેસ ના ગામના વતની છે.

## દવાઓ ઉપચાર



- રુપાલી દવે

વિચાર કરો કે વર્તમાન સમય ને આધુનિક ટેક્નોલોજી એટલે "સાયન્સ નું વિશ્વ" માનવામાં આવે છે તો માનવ જીવન ને એનો ફાયદો થવાના બદલે નુકશાન કેમ થઈ રહ્યું છે? આ વિષય પર નાનકડું રિસર્ચ ખુદ પર કરતા સમજાયું કે "પીડા" નામના શબ્દ થી માણસ ડરી જાય છે એટલે સામન્ય છીંક આવતા જ ઝડપથી મેડિસન લઈ લે છે,કેમ? વધારે તબિયત બગડી જશે તો. કામચલાઉ દવાઓ ની અસર થતા રોગ તાત્કાલિક મટી તો જાય છે પણ શરીર ની અંદર થી સંપૂર્ણ પણે રોગ નો નિકાલ થતો નથી.અફસોસ!!શરીર માંથી સંપૂર્ણપણે રોગ મટાડી શકે એવુ રીસર્ચ સાયન્સ કરી શક્યું નથી. હાર્ટ એટેક આવ્યા બાદ સપોર્ટ સિસ્ટમ "આઈ સી યુ" કુત્રિમ શ્વાસોશ્વાસ લઈ શકાય એ તો શોધાયું છે પણ હાર્ટ એટેક થી બચવાની ગેરંટી ડોક્ટર આપતા નથી એટલે તો ઓપરેશન કરતા પહેલા"દર્દી ને કંઇ થયું તો અમે જવાબદાર નથી" ફોર્મ માં સહી કરાવે છે. કેન્સર માટે કોમો થેરપી વગેરે છે પણ આ બધી પ્રક્રિયા માંથી પસાર થયા બાદ "બચવા ના ચાન્સ ૦.૧ આપે છે. શરીર ની અંદર પ્રસરી ને અંગે અંગ ને ઉધઈ ની માફ્ક ખાઈ જતા રાક્ષસ જેવા રોગ "ડાયાબિટીસ" ની દવાઓ તો શોધાય છે પરંતુ ડોક્ટર એ લખેલ દવાઓ ડાયાબિટીસ ના મોટાભાગ ના દર્દીઓને માફ્ક આવતી નથી હોતી.ઘણા દર્દીઓ ને ડાયાબિટીસ ની દવાઓ લીધા બાદ ડાયરીયા, વોમિટ,ચક્કર,અપચ વગેરે વગેરે જેવી સમસ્યાઓ થતી હોય છે. માન્યું કે ડાયાબિટીસની દવાઓ એ ડાયાબિટીસ ના દર્દીઓને અન્ય રોગો બીપી અને કેલેસ્ટ્રોલ વગેરેથી બચાવે છે. ડાયાબિટીસ ની દવાઓની આડ અસર ને લીધે કિડની અને લિવર ને લગતા રોગો પણ થઇ શકે છે.વાસ્તવિકતા તો એ છે કે ડાયાબિટીસ ના દર્દીઓને અપાતી દવાઓમાં થોડું રિસર્ચ થવું જરૂરી છે,કેમ? શારીરિક પ્રકૃતિ ના મામલે એક માણસ કરતા બીજા માણસ ની પ્રકૃતિ અલગ જ હશે. માન્યું ભગવાન એ એક બીબા માંથી સેંકડો માણસો બનાવ્યા છે પરંતુ શારીરિકપ્રકૃતિ,આદત,ઈચ્છા એટલે કે એક ને ગળ્યું ભાવતું હોય તો બીજા ને તીખું.

આધુનિક મોર્ડન મેડિસન ના સમય નું મોટામાં આશ્ચર્ય એ છે કે રોગ નાના કે મોટા એના દર્દ માં ઝડપી રાહત થાય છે પણ જડમુળ થી રોગ મટતા નથી.શરદી,ઉધરસ,તાવ વગેરે રોગોમાં એલોપથી દવાઓની આદત શરીર ને પડી જતા ઘરેલું ઉપચારની અસર ખાસ થતી નથી. શરદી ઉધરસ અને તાવની જ ઢગલા બંધ અનેક બ્રાન્ડની એલોપેથીક દવાઓ માર્કેટ માં આસાની થી મળી જતા લોકો ડોક્ટર પાસે જવાના બદલે મુખવાસ ની માફ્ક લીધા કરતા હોય છે. આ કારણોસર કદાચ અમુક વરસો બાદ એલોપથી દવાઓની અસર પણ માનવ બોડી માં ઘરેલું ઉપચારની માફ્ક ઓછી થઇ જશે.પ્રશ્ન એ થાય કે આધુનિક સાધન સગવડતા વાળી હોસ્પીટલ અને ઉતમ મેડિસિન ઉપલબ્ધ હોવા છતાંય માણસ નો મૃત્યુ આંક ઓપરેશન અને ઉપચાર દરમિયાન ઘટવા ને બદલે વધ્યો કેમ છે? દવાઓ ની આડ અસર કે દવાઓનું સેવન જ માણસ ના મૃત્યુ નું કારણ?

ઉદાહરણ : શરીર ની અંદર લીવર એક જ હોય છે ને લિવર જ આખા શરીર નું સંચાલન કરે છે એટલે લીવર બગડ્યું તો સમજો બોડી ધીમે ધીમે ફંક્શન કરવાનું બંધ કરી દેશે. સો એ માત્ર એક ને માંડ થતો લિવર સૌરાસિસ નામનો રોગ નો આંકડો કેન્સર ના દર્દીઓના આંકડાની માફ્ક વધ્યો છે. "ક્વીન" હિન્દી ફિલ્મ માં કંગના રનૌતની નો ડાયલોગ "મેરે ફુફાજી ને લાઈફ મેં એક બાર ભી દારૂ ચખી તો સ્મેલ ભી નહી કી.. અરે!!ઉન્હોને સોડા ભી મુહ પે લગાયી નહી..અફસોસ!!ફિર ભી ઉન્હેં લીવર સોયરસીસ મતલબ વો લિવર કી બીમારી હોં ગઈ થી" આ મૂવી માં કંગના રનૌતની નો ડાયલોગ મજાક ના મૂડ માં દર્શાવવા માં આવ્યો છે એટલે સામન્ય દર્શક ને તો ખડખડાટ હસવું જ આવ્યું હશે.સાચું કહું અતિ નિકટ ના પરિવાર ના ત્રણ સદસ્યોએ લાઈફમાં કોલ્ડ ડ્રિંક્સ સુધા પીધું નહતું છતાંય લીવર સોયરસીસ ના રોગ ને લીધે મૃત્યુ પામ્યા ત્યારે મને મૂવી ના ડાયલોગમાં મજાક ને બદલે પીડિતની કરૂણતા સંભળાઈ છે. જીવરાજ મહેતા હોસ્પિટલ માં સ્વજન ની સારવાર માટે જવાનું થતું હતું ત્યારે લીવર સોયરસીસ ના રોગના સ્પેશિયલિસ્ટ ડોક્ટર સર ને મે લીવર બગડવા નું કારણ પૂછ્યું ત્યારે ડોક્ટર સર એ કહ્યું હતું કે



વધારે પડતા દારૂ નું સેવન,દવાઓનુ વધારે પડતું સેવન, વેંચાતી મીઠાઈઓ અને ફરસાણ ખાવાની આદત,પેક કરેલ નાસ્તાઓ,રસોઈ બનાવવામાં ઉપયોગ માં લેવાતા કલરો સમજો.ડોક્ટર સર એ કીધેલ વાત પર વિશ્વાસ મૂકીને ઘરના સ્વજન ની રૂટિન ભોજન અને લાઈફ સ્ટાઈલ વિશે નાનકડું રિસર્ચ કર્યું. સ્વજન ને શરદી ઉધરસ વારંવાર થઈ જતી ત્યારે એ ખાસ બ્રાન્ડ ની મેડિસન અને સીરપ લીધા કરતા હતા.નિયમિત સવારે નાસ્તા માં ગરમા ગરમ ગાંઠિયા ખાતા હતા, નિયમિત જમતી વખતે મીઠાઈઓ, ગળપણ ખાવાની આદત હતી.

શરદી ઉધરસ અને તાવ : મહા માસથી ફાગણ માસ એટલે જાન્યુઆરીથી ફેબ્રુઆરી અને ફેબ્રુઆરી થી માર્ચ વચ્ચે ના ૩૦ દિવસો.આ ૩૦દિવસોમાં વસંત પંચમી,મહા શિવરાત્રિ વગેરે તહેવાર આવે છે. શિયાળા ની ઋતુ પૂર્ણ થતા સવાર ના સમય માં ઠંડી અને આખો દિવસ ગરમી એમ ડબલ સીઝન ત્રીસ દિવસ દરમિયાન અનુભવાય છે. ગરમી ઠંડીનો માર શરીર પર પડતાં લોકો મહા માસ થી ફાગણ માસ વચ્ચે ના ગાળામાં બીમાર વધારે પડતા હોય છે.ગરમીના દિવસો ની શરૂઆત થવાના લીધે બીમારી માં "ગરમ" ઉપાય થતા નથી ને ઠંડા ઉપાય કારગત નીવડતા નથી. આ દિવસો માં શરદી,તાવ,ઉધરસ અને ખાંસી સાથે વાયરલ ઈન્ફેક્શન નો ઉપદ્રવ વધારે જોવા મળે છે.કોરોના કાળ બાદ લોકોની સહનશક્તિ ઘટી છે એટલે ઘરેલું ઉપચાર ના બદલે દવાઓ વધારે પસંદ કરે છે. આમ પણ એકવાર શરદી સળેખમ અને ઉધરસ થયા બાદ ફેફસા ની દિવાલ પર અડ્ડો જમાવી ને અવાર નવાર ઉથલો માર્યા કરતા આખું વર્ષ શરદી ઉધરસ રહેતું હોય છે.આ કારણોસર તો કોરોના કાળ વિત્યા ને વર્ષો થયા બાદ પણ શ્વાસ ને લગતા રોગો થી પીડાતા લોકોના સંખ્યા માં વધારો થયો છે. દસ વ્યક્તિ એ કમ સે કમ છ સાત લોકો માં શ્વાસ કે કાયમી શરદી ને લગતી બીમારી જોવા મળે છે.

૨૦૨૬ થી થોડું રિવર્સ ૧૮મી સદી માં જોતા યુવા તંદુરસ્ત ભારતની ક્રાંતિભરી ઝગમગતી તસવીર દેખાશે. ૧૮ મી સદી ના માણસ ની રૂટિન લાઈફ સ્ટાઈલ અને ભોજન ની રીતભાત વિશે રિસર્ચ કરશો તો સમજાશે કે ઝીરો ફેસેલિટી અને એલોપથી ની દવાઓ વગર પણ માણસ નિરોગી જીવન જીવતો હતો. રસ્તામાં ટ્રાફિક જામ રહેતો નહતો ને ચાલવા માટે ડામર ના ચમકતા રોડ નહતા. માણસ એનું જીવન કુદરત ના સાનિધ્ય માં ખુશખુશાલ વિતાવતો હતો.ત્યારે પણ ઋતુઓની અસર ના લીધે "રોગ ચાળો" જોવા મળતો હતો.જો મહા માસ માં અતિશય બીમાર માણસ ની બીમારી લાંબી ચાલતી તો લોકો કહેતા હતા કે "હોળી ઠેકી જશે તો જ બચશે" મતલબ હોળાષ્ટક ના દિવસો થોડા ભારે સમજો.ખાસ કરીને ઠંડી અને ગરમી ની ઋતુ ને માણસ થી લઈને પરમાત્માનું નાના માં નાનું સર્જન અનુભવતું હોય છે. ત્યારે બે ત્રણ ગામ વચ્ચે એકજ વૈદ્યરાજ બધા રોગોનો ઈલાજ કરતા હતા છતાંય રોગની પીડા સહન કરવાની તાકાત ના લીધે વૈદ્ય રાજ ની જડીબુટ્ટી પણ શરીર ને જલ્દી અસર કરતી હતી.

આટલું સમજો કે પરિસ્થિતિ થી કંટાળી ને હથિયાર હેંઠા મૂકે એનું નામ માણસ અને કુદરતના કોપ પ્રકોપ થી ખુદ બચે એનું નામ પ્રાણી,પક્ષીઓ,જીવજંતુઓ વગેરે વગેરે.

### ગીરની બોર્ડર પર ફરીવાર ગેરકાયદે ધંધાદારી એકમો પર સીલ મારતું તંત્ર



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીરની બોર્ડર પર અનેક ગેરકાયદેસર ફાર્મહાઉસ ધમધમી રહ્યા છે. આ મુદ્દે હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. હાઈકોર્ટે તંત્રના અધિકારીઓ પાસે વિગતવાર રિપોર્ટ માંગતા હવે ફરીવાર ગીરની બોર્ડર પરના ગેરકાયદેસર રિસોર્ટ, હોટલ, ફાર્મહાઉસમાં તંત્રએ સીલ મારવાનું શરૂ કરવું પડ્યું છે. ગીર-સોમનાથ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તાલાળા તાલુકાના વિસ્તારમાં રિસોર્ટમાં સીલ મારવાનું શરૂ કરતા ફફડાટ ફેલાયો છે.અમરેલી, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લા કલેક્ટર દ્વારા આગામી દિવસોમાં હાઈકોર્ટને અહેવાલ સોંપવાનો છે. વન્યપ્રાણીઓને પુરતું રહેણાંક મળતું નથી જેના કારણે મોટાભાગના સિંહ, દીપડા સહિતના વન્યજીવો જંગલ કરતા વધુ બહાર વસવાટ કરવા મજબુર બન્યા છે. બહારના વિસ્તારમાં તેમને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.



# યુટ્યુબર કેરી મિનાટીને મુંબઈની કોર્ટની ફટકાર

## કરણ વિશે અશ્લીલ ભાષામાં બનાવેલા વીડિયોને બદનક્ષીકારક ગણાવ્યો, ચેનલ પરથી વીડિયો હટાવવા આદેશ

(એજન્સી) મુંબઇ | તા.11

યુટ્યુબર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કેરી મિનાટી ઉર્ફે અજય નાગરે થોડા સમય પહેલા ફિલ્મમેકર કરણ જોહરને રોસ્ટ કરતો એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ અંગે કરણ જોહરે વાંધો ઉઠાવીને તેની વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. આ અંગે 9 ફેબ્રુઆરીએ યોજાયેલી સુનાવણીમાં કોર્ટે ફિલ્મમેકરના પક્ષમાં ચુકાદો આપ્યો છે. મુંબઈની કોર્ટે તે વીડિયો ડિલીટ કરવા અને સાથે જ આ પ્રકારના વીડિયો પર રોક લગાવવાનો વચગાળાનો આદેશ આપ્યો છે.

કરણ જોહરની અરજી પર 9 ફેબ્રુઆરીએ મુંબઈની એક કોર્ટમાં સુનાવણી થઈ. આ દરમિયાન જજ પાંડુરંગા ભોસલેએ કરણ જોહર પર બનેલા રોસ્ટ વીડિયોને બદનક્ષીકારક માન્યો અને તેને હસ્તક્ષેપ યોગ્ય ગણાવ્યો.

સુનાવણી દરમિયાન જજે કહ્યું, 'પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે, અજય નાગર અને દીપક ચાર (કેરી મિનાટી ચેનલનો મેનેજર) એ વાદી (કરણ જોહર) વિરુદ્ધ બદનક્ષીભર્યા નિવેદનો આપ્યા છે અને અશ્લીલ ભાષાનો ઉપયોગ કર્યો છે. આ વીડિયોને તાત્કાલિક હટાવવા જોઈએ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેમને ફેલાવનારા અથવા ફરીથી શેર કરનારાઓ સામે પણ રોક લગાવવી જોઈએ.'

### શું છે આખો મામલો?

કેરી મિનાટી એક લોકપ્રિય યુટ્યુબર છે, જેની યુટ્યુબ ચેનલમાં 45.3 મિલિયન સબ્સ્ક્રાઈબર્સ છે. તે પોતાની ચેનલ પર સેલેબ્સ અને લોકપ્રિય હસ્તીઓની મજાક ઉડાવે છે અથવા તેમના સ્પૂફ વીડિયો પોસ્ટ કરે છે. સ્પૂફ વીડિયો એટલે કોઈ અસલી ફિલ્મ, ગીત, જાહેરાત, જાણીતી વ્યક્તિ કે પ્રખ્યાત ઘટનાની નકલ કરીને બનાવેલો એવો વીડિયો જેનો મુખ્ય હેતુ મનોરંજન અને રમુજ હોય છે.

તાજેતરમાં કેરી મિનાટીએ કરણ જોહરની મજાક ઉડાવતા તેના લોકપ્રિય ચેટ શો 'કોફી વિથ કરણ'નો સ્પૂફ વીડિયો બનાવ્યો, જેનું શીર્ષક 'કોફી વિથ જલન' હતું.

કરણ જોહરની જેમ તૈયાર થયેલા કેરી મિનાટીએ વીડિયોમાં અત્યંત અશ્લીલ ભાષાનો ઉપયોગ કરીને વાંધાજનક ટિપ્પણીઓ કરી. આમાં કરણ ઉપરાંત રેસલર ખલી, રણવીર સિંહ અને સલમાન ખાનની પણ નકલ કરીને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વીડિયો રિલીઝ થયા પછી કરણ જોહરે આના પર વાંધો ઉઠાવતા મુંબઈની એક કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

# સની દેઓલ, પ્રીતિ ઝિન્ટાની લાહોર 1947 હવે છેક ઓગસ્ટમાં આવશે



મુંબઈ : નિર્માતા તરીકે આમિર ખાનના વાંધાવચકાના કારણ લાંબા સમયથી ઠેબાં ખાઈ રહેલી સની દેઓલ અને પ્રીતિ ઝિન્ટાની ફિલ્મ 'લાહોર ૧૯૪૭' હવે છેક આગામી ઓગસ્ટમાં રીલિઝ કરવાનું નક્કી થયું છે. આ ફિલ્મની જાહેરાત ૨૦૨૩માં કરાઈ ત્યારે ૨૦૨૫ જાન્યુઆરીમાં તો તે રીલિઝ કરી દેવાનું નક્કી કરાયું હતું. સની દેઓલ વર્ષો પછી રાજકુમાર સંતોષીના દિગ્દર્શનમાં કામ કરી રહ્યો હોવાથી તથા પ્રિતી ઝિન્ટા આઠ વર્ષ બાદ મોટા પડદે પાછી ફરી રહી હોવાથી આ ફિલ્મની જાહેરાતને ચાહકોએ વધાવી લીધી હતી.

પરંતુ, આમિરે તેની કૂટેવ મુજબ ફિલ્મમાં વધારે પડતી દખલ દીધી હતી. તેના કારણે ફિલ્મના કેટલાંય દ્રશ્યો વારંવાર રીશૂટ કરવાં પડયાં હતાં. દિગ્દર્શક રાજકુમાર સંતોષી તથા એક્ટર સની દેઓલ બંને આમિરનાં આ કહેવાતાં પરફેકશનના દુરાગ્રહથી ભારે ત્રાસી ગયા હતા.

આ ફિલ્મ લાંબા સમયથી તૈયાર હતી પરંતુ તેમાં થોડા થોડા સુધારાવધારા થતા જ રહ્યા હતા. ગત નવેમ્બર માસમાં અવસાન પામેલા પીઢ એક્ટર ધર્મેન્દ્ર ખુદ આ ફિલ્મની અનએડિટેડ કોપી જોઈ ચૂક્યા હતા.

આ ફિલ્મ અસગર વજાહતનાં નાટક 'જિસને લાહોર નહિ દેખિયા વો જન્મ્યા હિ નહિ' નાટક પર આધારિત છે. તેમાં શબાના આઝમી તથા અલી ફઝલ સહિતના કલાકારો પણ છે.



# ફટાણું ગાઈ નાનીમા કોકિલાબેન અંબાણીએ વરરાજાને લાડ લડાવ્યા...!

## મામેરામાં બદામ-પિસ્તાના હલવાએ મીઠાશ ઉમેરી, નીતા અંબાણી-રાધિકાનો રોયલ ઠાઠ વાઈરલ

(એજન્સી) મુંબઇ | તા.11

અંબાણી પરિવારમાં ફરી એકવાર શરણાઈઓ વાગી છે અને આ વખતે પ્રસંગ છે મુકેશ અંબાણીના બહેન દીપ્તિ સલગાંવકરના પુત્ર વિક્રમ સાલગાંવકરના લગ્નનો. આ ભવ્ય ઉજવણીનો એક અત્યંત હૃદયસ્પર્શી વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં પરિવારનો આધારસ્તંભ એવા કોકિલાબેન અંબાણીએ ફટાણું (લગ્નગીત) ગાઈ સૌના દિલ જીતી લીધા.

કોકિલાબેન અંબાણીએ ફટાણું ગાયું લગ્નના મંચ પરથી કોકિલાબેન અંબાણીએ દીકરીના દીકરા માટે પરંપરાગત આશીર્વાદ ગીત ગાયું હતું. તેમનો આ અંદાજ જોઈ સૌ કોઈ મહેમાનો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. વીડિયોમાં જોઈ શકાય છે કે જ્યારે કોકિલાબેને વીક્રમ માટે 'વીરો મારો જગમગ જગમગ થાય' ગીત ગાયું, એટલું જ નહીં તેમણે કહ્યું કે- ખાસ વરરાજા માટે બદામ-પિસ્તાનો પાક પણ મામેરામાં લઈ આવ્યા છીએ.આ દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ પણ માતાની ગાયકીનો આનંદ માણ્યો હતો.

નીતા અંબાણી અને રાધિકાનો રોયલ લુક આ પ્રસંગે નીતા અંબાણી ગુલાબી રંગની સાડી અને તેમના સિગ્નેચર ડાયમંડ જ્વેલરીમાં અત્યંત સુંદર લાગી રહ્યા હતા. તેમની સાથે અંબાણી પરિવારની નાની વહુ રાધિકા મર્ચન્ટ પણ સફેદ પરંપરાગત પોશાકમાં જોવા મળી હતી. રાધિકા અને નીતા અંબાણી બંને કોકિલાબેનનો ઉત્સાહ વધારતા અને ચીયર કરતા જોવા મળ્યા હતા.

કોણ છે વિક્રમ સલગાંવકર? વિક્રમ સાલગાંવકર એ મુકેશ અંબાણીના બહેન દીપ્તિ અને દત્તરાજ સાલગાંવકરના પુત્ર છે. તે ઈશા, આકાશ અને અનંત અંબાણીના સૌથી મોટા પિતરાઈ ભાઈ છે. વિક્રમ હંમેશા લાઈમલાઈટથી દૂર રહેવાનું પસંદ કરે છે. વિક્રમે 2007માં મેકિન્સે એન્ડ



કંપનીથી શરૂઆત કરી હતી અને ત્યારબાદ રિલાયન્સ એન્ટરટેઈનમેન્ટમાં જોડાયા હતા. હાલમાં તેઓ V.M. સાલગાંવકર હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સના ડિરેક્ટર છે. તેમના પિતા દત્તરાજ સાલગાંવકર આયર્ન ઓર, કોલસો અને વિન્ડ એનર્જીના મોટા બિઝનેસમેન છે.

# રણવીર પછી સલમાનના સંબંધીને મળી ધમકી

## ઈ-મેલ મોકલીને કરોડોની ખંડણી માગી, પોતાને લૉરેન્સ ગેંગનો સભ્ય ગણાવ્યો

(એજન્સી) મુંબઇ | તા.11

મંગળવારે બોલિવૂડ એક્ટર રણવીર સિંહને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી, ત્યારબાદ હવે સલમાન ખાનના સંબંધીને કરોડો રૂપિયા ન આપવા બદલ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ ઘટના મંગળવારની હોવાનું કહેવાય છે. આજતકના રિપોર્ટ અનુસાર, સલમાન ખાનના નજીકના સંબંધીને ઈ-મેલ દ્વારા ધમકી આપવામાં આવી છે. મેલમાં સ્પષ્ટ લખ્યું છે કે જો કરોડો રૂપિયાની માંગણી પૂરી નહીં કરવામાં આવે તો તેમને જીવનું જોખમ રહેશે.

હાલમાં સલમાન ખાનના કયા સંબંધીને ધમકી મળી છે તે સ્પષ્ટ નથી, જોકે રિપોર્ટ્સ અનુસાર, તેમના તે સંબંધી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા છે અને એક એક્ટર છે. હાલમાં આ મામલે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી.

સલમાન ખાનના સંબંધી પહેલા મંગળવારે રણવીર સિંહને ધમકી મળી છે. પોલીસ સૂત્રો અનુસાર, રણવીરને આ ધમકી વોટ્સએપમાં વોઈસ નોટ દ્વારા મોકલવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો કરોડો રૂપિયા આપવામાં નહીં આવે તો અભિનેતાને જીવનું જોખમ રહેશે. ફરિયાદ મળ્યા બાદ પોલીસે રણવીરના બાંદ્રા સ્થિત ઘરની સુરક્ષા વધારી દીધી છે. આ સાથે જ મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે વોઈસ નોટ મોકલનાર વ્યક્તિની શોધખોળ શરૂ કરી દીધી છે. તે વ્યક્તિએ પણ પોતાને લોરેન્સ ગેંગનો સભ્ય ગણાવ્યો હતો.

ધમકીઓના આ કિસ્સાઓ પહેલાં જ 31 જાન્યુઆરીએ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરની બહાર 4 રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. હવે પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે શું રણવીર સિંહને મળેલી ધમકીનો રોહિત શેટ્ટીના ઘર પર થયેલી ફાયરિંગની ઘટના સાથે કોઈ સીધો સંબંધ છે કે પછી આ ડર ફેલાવવાનું ષડયંત્ર છે.

### ટાર્ગેટ હતો રોહિત શેટ્ટી

ડિરેક્ટર રોહિત શેટ્ટીના મુંબઈ સ્થિત ઘરની બહાર 31 જાન્યુઆરીએ પાંચ રાઉન્ડ ફાયરિંગની ઘટના સામે આવી હતી, ત્યારથી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ આ મામલે તપાસમાં લાગેલી છે. તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે આ ફાયરિંગમાં રોહિત શેટ્ટી જ હુમલાખોરોનું મુખ્ય નિશાન હતો.

આ મામલે પોલીસે 5 ફેબ્રુઆરીએ આરોપી આસારામ ફસાલેની ધરપકડ કરી હતી. પોલીસ તપાસ મુજબ, આસારામ ફસાલે છેલ્લા ચાર વર્ષથી ગેરેજ મિકેનિક તરીકે કામ કરી રહ્યો હતો અને લોરેન્સ ગેંગ સાથે સંકળાયેલો હતો. તે ગેંગના માસ્ટરમાઈન્ડ શુભમ લોંકરના નિર્દેશ પર હથિયારો સપ્લાય કરતો હતો.

આ કેસમાં અગાઉથી ધરપકડ કરાયેલા ચાર આરોપીઓમાંથી આસારામ ફસાલેની સીધી ઓળખ સ્વપ્નિલ સકટ સાથે હતી, જે શુભમ લોંકર દ્વારા કરાવવામાં આવી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે લોંકરના નિર્દેશ પર ફસાલેએ જ સકટને હથિયારો પૂરા પાડ્યા હતા, જેને બાદમાં એક અજાણ્યા શૂટર સુધી પહોંચાડવામાં આવ્યા. આ જ હથિયારોનો ઉપયોગ ફાયરિંગની ઘટનામાં કરવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચને એ પણ જાણકારી મળી છે કે આસારામના ગેંગ સાથે જોડાયેલા હોવાની જાણ તેના કેટલાક નજીકના લોકોને હતી. જોકે, તે લોકો કોણ છે અને શું તેમનો પણ લોરેન્સ ગેંગ સાથે કોઈ સીધો સંબંધ છે, તે એંગલથી પોલીસ હવે તપાસ કરી રહી છે.



# જેલમાં બંધ રાજપાલ યાદવના સપોર્ટમાં ઉતરી ઈન્ડસ્ટ્રી...!

(એજન્સી) મુંબઇ | તા.11

9 કરોડ રૂપિયાના ચેક બાઉન્સ કેસમાં આત્મસમર્પણ કર્યા બાદથી અભિનેતા રાજપાલ યાદવ તિહાર જેલમાં બંધ છે. અભિનેતા હાલમાં આર્થિક તંગીનો સામનો કરી રહ્યા છે અને તેમની પાસે પાછા આપવા માટે આટલી મોટી રકમ નથી. આ સમાચાર સામે આવ્યા બાદ અભિનેતા સોનુ સૂદે રાજપાલ યાદવને ફિલ્મમાં સાઈન કરીને એક મોટી સાઈનિંગ અમાઉન્ટ આપી હતી અને સાથે જ અન્ય પ્રોડ્યુસર્સને મદદ માટે આગળ આવવાની અપીલ કરી હતી. ત્યારથી જ રાજપાલ યાદવને દેશભરમાંથી આર્થિક મદદ મળી રહી છે.

બુધવારે FWICE (ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઇઝ) એ તમામ પ્રોડ્યુસર્સને અપીલ કરી છે કે તેઓ જલદીથી જલદી રાજપાલ યાદવની મદદ કરે. ફેડરેશન દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં લખવામાં આવ્યું છે,


રાજપાલ યાદવ માત્ર એવા પ્રખ્યાત અભિનેતા જ નથી જેમણે પોતાની અભિનય પ્રતિભાથી લાખો લોકોને ખુશી અને હાસ્ય આપ્યું છે, પરંતુ તેઓ ઈન્ડસ્ટ્રીના એક સમર્પિત સભ્ય પણ છે, જેમણે દાયકાઓની મહેનત અને યાદગાર ભૂમિકાઓ દ્વારા ભારતીય સિનેમામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. શ્રી રાજપાલ યાદવ આ સમયે ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, જેમાં વધતી જવાબદારીઓ અને કારાવાસ પણ સામેલ છે. આ સ્થિતિ તેમના ચારિત્ર્ય કે ઈમાનદારીને દર્શાવતી નથી, પરંતુ તે એવી પરિસ્થિતિઓનું પરિણામ છે જે નિયંત્રણ બહાર થઈ ગઈ.

આગળ લખવામાં આવ્યું છે કે, 'આ નિર્ણાયક ઘડીમાં FWICE માને છે કે આ સમય છે જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રી પોતાના એક સાથી પ્રત્યે એકતા, કરુણા અને સામૂહિક જવાબદારીનો પરિચય આપે. આર્થિક સંકટ કોઈને પણ અસર કરી શકે છે, ભલે તેનું કદ કે સફળતા ગમે તે હોય. એક બિરાદરી તરીકે આપણી ઓળખ એ વાતથી નક્કી થાય છે કે આપણે જરૂરિયાતના સમયે આપણા સહયોગીઓ સાથે કેવી રીતે ઊભા રહીએ છીએ.'

એક્ટર ગુરમીત ચૌધરીએ રાજપાલ યાદવનું સમર્થન કરતા લખ્યું છે કે, મને એ જોઈને ખૂબ દુઃખ થાય છે કે આટલા સિનિયર અને અત્યંત પ્રતિભાશાળી કલાકાર રાજપાલ યાદવ આ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. તેમણે આપણને અગણિત સ્મિત, હાસ્ય અને યાદગાર પળો આપી છે. આજે તેમને આપણી જરૂર છે.

આગળ ગુરમીત લખે છે, એક સાથી કલાકાર અને માણસ હોવાના નાતે, હું મારી તરફથી શક્ય તમામ મદદ કરવા આગળ આવી રહ્યો છું. હું તમામ પ્રોડ્યુસરો, ડિરેક્ટરો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને નમ્ર અપીલ કરું છું કે આપણે સૌ સાથે મળીને, માનવતા અને કરુણા સાથે, કોઈ રસ્તો શોધીએ. આપણી ઈન્ડસ્ટ્રી એક પરિવાર છે, અને પરિવાર પોતાના લોકોને એકલા છોડતો નથી.

રાજપાલ યાદવ એક ખૂબ જ પ્રતિભાશાળી એક્ટર છે, જેમણે આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ઘણા યાદગાર અને અવિસ્મરણીય કામ આપ્યા છે. ક્યારેક-ક્યારેક જિંદગી અન્યાયી બની જાય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે, કોઈમાં ટેલેન્ટની કમી છે, પરંતુ સમય ક્યારેક ખૂબ કઠોર હોઈ શકે છે. તેઓ મારી ફિલ્મનો ભાગ હશે અને મારું માનવું છે કે આ એ સમય છે, જ્યારે આપણે બધા પ્રોડ્યુસર, ડિરેક્ટર અને સહયોગી એકસાથે ઊભા રહીએ. જે નાની સાઈનિંગ અમાઉન્ટ આપવામાં આવશે, જેને ભવિષ્યના કામના હિસાબે એડજસ્ટ કરી શકાય છે, તે કોઈ દાન નથી, પરંતુ આ તેમનું સન્માન અને ગરિમા છે. જ્યારે આપણા પોતાનામાંથી કોઈ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું હોય, ત્યારે ઈન્ડસ્ટ્રીએ તેને યાદ અપાવવું જોઈએ કે તે એકલો નથી. આ રીતે આપણે બતાવી શકીએ છીએ કે, આપણે માત્ર એક ઈન્ડસ્ટ્રી નહીં, પરંતુ એક પરિવાર છીએ.



# ઝરણા નીચે નહાતી દેખાઈ મોનાલિસા

પ્રયાગરાજ | મહાકુંભમાં માળા વેચતી વખતે વાઈરલ થયેલી મોનાલિસાની ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર'નું ટ્રેલર લોન્ચ થઈ ગયું છે. ટ્રેલર સિવિલ લાઈન્સની એક હોટલમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મની હિરોઈન મોનાલિસા, હીરો અમિત રાવ, અભિષેક ત્રિપાઠી, દિનેશ ત્રિવેદી અને ડિરેક્ટર સનોજ મિશ્રા હાજર રહ્યાં હતાં. ફિલ્મમાં મોનાલિસા મુખ્ય ભૂમિકા ભજવી રહી છે.

ફિલ્મમાં લવસ્ટોરી અને એક દીકરીના સંઘર્ષોને દર્શાવવામાં આવ્યાં છે. મોનાલિસા એમાં સેનાના અધિકારીની દીકરીનો રોલ ભજવી રહી છે. ફિલ્મનું શૂટિંગ વર્ષ-2025માં શરૂ થયું હતું. ફિલ્મના મુખ્ય લોકેશનમાં ઈટાવાનો રાજા સુમેર સિંહ કિલ્લો અને દેહરાદૂનનાં જંગલો છે. ફિલ્મ એપ્રિલના પહેલા અઠવાડિયામાં રિલીઝ થશે. 'ધ ડાયરી ઓફ મણિપુર' મોનાલિસાની પહેલી ફિલ્મ છે. તેના ટ્રેલરની શરૂઆત પણ મોનાલિસાથી જ થાય છે. તેની કાજલભરી આંખોની ઝલકથી લઈને ડાન્સ અને અદાઓ બધું જ જોવાલાયક છે. મોનાલિસાની આ ફિલ્મની કહાની પણ દમદાર લાગી રહી છે.



# શ્રેયસ તલપડે વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

## 12 અન્ય લોકોના નામ પણ સામેલ, આરોપ- રોકાણના બહાને લાખોની છેતરપિંડી કરી

(એજન્સી) મુંબઇ | તા.11

બોલિવૂડ એક્ટર શ્રેયસ તલપડે અને અન્ય 12 સભ્યો વિરુદ્ધ છેતરપિંડીના કેસમાં ફરિયાદ નોંધાઈ છે. આરોપ છે કે શ્રેયસ તલપડેએ રોકાણના નામે એક વ્યક્તિ પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે.

10 ફેબ્રુઆરીના રોજ શ્રેયસ તલપડે સહિત અન્ય લોકો વિરુદ્ધ મૈનપુરીના ભોગાંવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભોગાંવના રહેવાસી ફરિયાદીનો આરોપ છે કે એક્ટર અને તેના સાથીઓએ રોકાણના બહાને તેમની પાસેથી લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે. એક્ટરે ભોગાંવના મોહલ્લા મિશ્રાનામાં મુંબઈની એક બેંક શાખા ખોલવા અને તેમાં રોકાણ કરવા માટે ઘણા ગ્રામજનો પાસેથી પૈસા લીધા હતા, જોકે બાદમાં સામે આવ્યું કે જે બેંકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે નકલી હતી.

ફરિયાદ મળ્યા બાદ કોર્ટે મામલાની તપાસના આદેશ આપ્યા છે. ફરિયાદમાં શ્રેયસ તલપડે ઉપરાંત સમીર અગ્રવાલ, સાનિયા અગ્રવાલ, આરકે શેટ્ટી, સંજય મુદગિલ, શબાબ હુસૈન, નરેન્દ્ર નેગી, પંકજ અગ્રવાલ, સુપ્રિયા, અનુજ જૈન, અજય શ્રીવાસ્તવ અને અરવિંદ ત્રિપાઠીના નામ પણ સામેલ છે. ફરિયાદમાં શ્રેયસ તલપડેને માર્કેટિંગ એડવાઈઝર તરીકે દર્શાવવામાં આવ્યા છે.

આ કેસ પહેલાં વર્ષ 2025માં પણ શ્રેયસ તલપડેનું નામ એક છેતરપિંડીના કેસમાં સામે આવ્યું હતું. ગયા વર્ષે મિતલી ગામની બબલીએ શ્રેયસ તલપડે અને આલોક નાથ સહિત 22 લોકો વિરુદ્ધ કરોડોની છેતરપિંડી કરવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## અનીશ ભાનવાલા બ્રોન્ઝ મેડલ: એશિયન શૂટિંગમાં ભારતનો દબદબો

**● ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ: અનીશ ભાનવાલાએ ૨૩ હિટ્સ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું**



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતના યુવા શૂટર અનીશ ભાનવાલાએ બુધવારે એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં પુરુષોની ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ ઈવેન્ટમાં કાંસ્ય પદક (Bronze Medal) જીત્યો છે. ૨૩ વર્ષીય અનીશે ફાઈનલમાં ૨૩ હિટ્સ સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. જ્યારે જાપાનના યોશિયોકા દાઈએ ૩૧ હિટ્સના નવા વર્લ્ડ રેકોર્ડ સ્કોર સાથે ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો હતો. કઝાકિસ્તાનના નિકિતા ચિર્યુકિને ૨૮ ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. રોમાંચક ફાઈનલ અને વર્લ્ડ રેકોર્ડ ફાઈનલની અંતિમ ક્ષણો અત્યંત રોમાંચક રહી હતી. એક સમયે ત્રણેય મેડલ વિજેતાઓ ૨૧ ના સ્કોર પર ટાઈ હતા. જોકે, પેનલ્ટી સિરીઝમાં ૪૦ વર્ષીય જાપાની શૂટર યોશિયોકા દાઈએ સતત બે પરફેક્ટ સિરીઝ (૫ માંથી ૫ હિટ્સ) નોંધાવીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી હતી. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા અનીશ ભાનવાલા અંતિમ તબક્કે માત્ર બે હિટ્સ મેળવી શકતા ગોલ્ડની રેસમાંથી બહાર થઈ ગયા હતા અને બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો હતો. ભારતીય શૂટરોનું પ્રદર્શન અનીશ ઉપરાંત અન્ય એક ભારતીય શૂટર આદર્શ સિંહ પણ ફાઈનલમાં પહોંચ્યા હતા, પરંતુ તેઓ ૧૧ ના સ્કોર સાથે છઠ્ઠા ક્રમે રહ્યા હતા.

## ભારત વિરુદ્ધ નામિબિયા ટ્વેન્ટી-20 મેચ પહેલા ઓપનરની તબિયત લથડી



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતીય ક્રિકેટ ટીમના ધાકડ ઓપનર બેટ્સમેન અભિષેક શર્માને પેટમાં ગંભીર ચેપ (Stomach Infection) લાગવાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીસીસીઆઈના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રવિવારે મુખ્ય કોચ ગૌતમ ગંભીરના નિવાસસ્થાને આયોજિત ટીમ ડિનર દરમિયાન અભિષેકની તબિયત નાદુરસ્ત જણાતી હતી અને તેઓ કાર્યક્રમ છોડીને વહેલા નીકળી ગયા હતા. ગુરુવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે રમાનારી ગ્રુપ-એની મેચમાં તેમનું રમવું હવે શંકાસ્પદ જણાય છે.

ટીમ મેનેજમેન્ટનો પ્લાન-બી તૈયાર મીડિયા અહેવાલ મુજબ, જો અભિષેક શર્મા સમયસર સાજા નહીં થાય, તો કેપ્ટન સૂર્યકુમાર યાદવ ઈશાન કિશન સાથે સંજુ સેમસનને ઓપનિંગમાં મોકલી શકે છે. જોકે, સંજુ સેમસન માટે આ એક પડકારજનક તક હશે કારણ કે ન્યૂઝીલેન્ડ સામેની તાજેતરની શ્રેણીમાં તેનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટે જણાવ્યું હતું કે, "અભિષેક અત્યારે પેટની તકલીફનો સામનો કરી રહ્યો છે, પરંતુ અમને આશા છે કે તે નામિબિયા સામેની મેચ સુધીમાં ફિટ થઈ જશે."

વર્લ્ડ કપના અભિયાન પર અસર ભારતીય ટીમ અત્યારે શાનદાર ફોર્મમાં છે. પોતાની પ્રથમ મેચમાં અમેરિકાને ૨૯ રને હરાવ્યા બાદ ટીમ ઈન્ડિયા આત્મવિશ્વાસથી લબરેજ છે. પરંતુ, ફેબ્રુઆરી ૧૫ના રોજ કોલંબોમાં પાકિસ્તાન સામે રમાનારી હાઈ-વોલ્ટેજ મેચ પહેલા મુખ્ય ઓપનરનું બીમાર પડવું ચિંતાનો વિષય છે. અભિષેક શર્માની ગેરહાજરીમાં ટીમની બેટિંગ લાઈન-અપમાં ફેરફાર કરવા પડી શકે છે, જેની સીધી અસર ટીમની રણનીતિ પર પડી શકે છે.

આગામી મેચોનું સમયપત્રક ટીમ ઈન્ડિયા ૧૨ ફેબ્રુઆરીએ નામિબિયા સામે ટકરાશે, ત્યારબાદ ૧૫ ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને ૧૮ ફેબ્રુઆરીએ અમદાવાદમાં નેધરલેન્ડ સામે અંતિમ ગ્રુપ મેચ રમશે.

જસપ્રીત બુમરાહની ફિટનેસ અંગે પણ કોચિંગ સ્ટાફ સતર્ક છે. અત્યારે સમગ્ર દેશના ક્રિકેટ પ્રેમીઓ અભિષેક શર્મા ઝડપથી સાજા થઈને મેદાન પર પરત ફરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. શર્માની વિસ્ફોટક બેટિંગ ભારતીય ટીમને પાવરપ્લેમાં મજબૂત શરૂઆત અપાવવા માટે અત્યંત જરૂરી છે.

## દુબઈ ગ્રાન્ડ પ્રિક્સમાં સુમિત અંતિલે જીત્યો ગોલ્ડ



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

આંતરરાષ્ટ્રીય રમત જગતમાં મંગળવારનો દિવસ ભારત માટે સુવર્ણ અક્ષરે લખાયો છે. દુબઈ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ ૨૦૨૬ માં ભારતીય ભાલાફેંક ખેલાડીઓએ અદભૂત પ્રદર્શન કરતા પોડિયમ પર ત્રણેય સ્થાન કબજે કર્યા છે. બે વખતના પેરાલિમ્પિક ચેમ્પિયન સુમિત અંતિલે પોતાની શાનદાર લય જાળવી રાખી સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો છે.

### ભાલાફેંકમાં ભારતીય શક્તિનું પ્રદર્શન

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પુરુષોની જેવેલિન થ્રો ફાઈનલમાં સુમિત અંતિલે ૬૮.૨૬ મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધામાં ભારતની તાકાત એટલી પ્રબળ હતી કે રજત અને કાંસ્ય ચંદ્રક પણ ભારતીય ખેલાડીઓએ જ જીત્યા હતા. ગુરુબાસ્કરસે સક્કપ્પને ૫૩.૬૬ મીટર સાથે સિલ્વર મેડલ અને પૂનમા રામે ૫૦.૪૮ મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીતીને 'ઓલ-ઈન્ડિયન પોડિયમ' તૈયાર કર્યું હતું.

### ગોલ્ફ: રિયાધ અને પુણેમાં ભારતીયોનો ડંકો

ગોલ્ફના મેદાનમાં પણ ભારતીય ખેલાડીઓ છવાયેલા રહ્યા છે. રિયાધ ગોલ્ફ ક્લબ ખાતે શરૂ થનારી લેડીઝ યુરોપિયન ટૂર (LET) માં દીક્ષા ડાગર, અદિતિ અશોક અને પ્રણવી ઉર્સ સહિત પાંચ ભારતીય મહિલા ગોલ્ફરો ભાગ લેશે. આ ટૂર્નામેન્ટ ૪૦ મિલિયન યુરોની રેકોર્ડ ઈનામી રકમ સાથે રમાઈ રહી છે. બીજી તરફ, પુણેમાં રમાઈ રહેલી પ્રો ગોલ્ફ ટૂરમાં ત્વેસા મલિકે પ્રથમ રાઉન્ડમાં લીડ મેળવીને પોતાના ફોર્મમાં વાપસીના સંકેત આપ્યા છે.

### દિલ્હીમાં ક્ષિતિજ કૌરનું ઐતિહાસિક પ્રદર્શન

નવી દિલ્હીના કુતુબ ગોલ્ફ કોર્સ પર ૧.૫ કરોડની ઈનામી રકમ ધરાવતી ડીપી વર્લ્ડ પ્લેયર્સ ચેમ્પિયનશિપમાં ૨૫ વર્ષીય ક્ષિતિજ નવીદ કૌલે આઠ અંડર ૬૨ ના સ્કોર સાથે પ્રથમ રાઉન્ડમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. ક્ષિતિજે પોતાની ડ્રાઈવિંગ અને બંકર શૉટ્સની કુશળતાથી વિરોધીઓને પાછળ છોડી દીધા હતા. હની બૈસોયા ૬૩ ના સ્કોર સાથે બીજા ક્રમે રહ્યો છે.

### ફૂટબોલ: તુર્કી સામે યુવા ટીમની હાર

એન્ટાલિયામાં રમાયેલી મૈત્રીપૂર્ણ મેચમાં ભારતની અન્ડર-૧૭ ફૂટબોલ ટીમનો તુર્કી સામે ૦-૧ થી પરાજય થયો હતો. મેચની ૧૩મી મિનિટે પેનલ્ટી દ્વારા થયેલો ગોલ ભારતને ભારે પડ્યો હતો. જોકે, એશિયન કપ પૂર્વેની તૈયારીઓ માટે આ મેચ અત્યંત મહત્વની ગણાઈ રહી છે અને ૧૨ ફેબ્રુઆરીએ બંને ટીમો ફરી એકવાર આમને-સામને ટકરાશે.

## ફિહ પ્રો લીગ ૨૦૨૫-૨૬: ટૉમ બૂનની હેટ્રિકથી બેલ્જિયમનો વિજય




(એજન્સી) રાઉરકેલા । તા. 11

ભારતના ઓડિશા રાજ્યમાં સ્થિત વિશ્વના સૌથી મોટા હોકી સ્ટેડિયમમાં રમાયેલી FIH પ્રો લીગની પ્રારંભિક મેચમાં બેલ્જિયમે આર્જેન્ટિનાને ૫-૩ થી હરાવીને સિઝનની ધમાકેદાર શરૂઆત કરી છે. શરૂઆતમાં આર્જેન્ટિનાએ બે ગોલની સરસાઈ મેળવીને બેલ્જિયમને દબાણમાં મૂક્યું હતું, પરંતુ અનુભવી ટૉમ બૂનના ત્રણ ગોલ અને બે પેનલ્ટી સ્ટ્રોકની મદદથી બેલ્જિયમે અદભૂત વાપસી કરી હતી.

આર્જેન્ટિનાની તોફાની શરૂઆત મેચની શરૂઆત આર્જેન્ટિના માટે સ્વપ્નવત રહી હતી. બીજી જ મિનિટે ટોમસ ડોમેને ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી, જે બાદ ૯મી મિનિટે નિકોલસ ડેલા ટોરેએ સ્કોર ૨-૦ કરી દીધો હતો. આર્જેન્ટિનાએ પેનલ્ટી કોર્નરનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો અને બેલ્જિયમના સંરક્ષણને આશ્ચર્યમાં મૂકી દીધું હતું. જોકે, બેલ્જિયમની ટીમે ધીમે ધીમે લય મેળવવાનું શરૂ કર્યું હતું.

ટૉમ બૂનનો જાદુ અને ભાવુક વાપસી તાજેતરમાં હોકી ઈન્ડિયા લીગમાં ટોપ-સ્કોરર બનેલા ટૉમ બૂને પ્રથમ ક્વાર્ટરના અંતિમ સેકન્ડોમાં એક અદભૂત ઓવરહેડ શોટ દ્વારા ગોલ કરીને અંતર ઘટાડ્યું હતું. બીજા હાફમાં ૨૪મી મિનિટે આર્જેન્ટિનાએ ૩-૧ ની સરસાઈ મેળવી હતી, પરંતુ બેલ્જિયમની ટીમે હાર ન માની. બેલ્જિયમના ખેલાડીઓ થિબો સ્ટોકબ્રોક્સના પિતાના માનમાં કાળી પટ્ટી બાંધીને રમી રહ્યા હતા, જે તેમની જીતવા માટેની પ્રબળ ઈચ્છાશક્તિમાં પ્રતિબિંબિત થતું હતું. અંતિમ ક્ષણોમાં પાસા પલટાયા આર્જેન્ટિનાના ગોલકીપર ટોમસ સેન્ટિયાગોએ અનેક શાનદાર બચાવ કર્યા હોવા છતાં, બેલ્જિયમના સતત આક્રમણ સામે તેઓ લાંબો સમય ટકી શક્યા નહીં.

## એનબીએ રાઉન્ડઅપ: વેમ્બનયામાના તોફાની ૪૦ પોઈન્ટ



ન્યૂયોર્ક/લોસ એન્જલસ | એનબીએ (NBA) લીગમાં મંગળવારની રાત્રિ બાસ્કેટબોલ પ્રેમીઓ માટે યાદગાર બની ગઈ હતી. એક તરફ લોસ એન્જલસમાં વિક્ટર વેમ્બનયામાએ રનનો પહાડ ખડક્યો, તો બીજી તરફ ન્યૂયોર્કમાં ઈન્ડિયાના પેસર્સે રોમાંચક ઓવરટાઈમ મેચમાં જીત મેળવી. આ બંને મેચોએ પોઈન્ટ ટેબલમાં નવા સમીકરણો ઊભા કર્યા છે. સ્પર્સની જીત અને વેમ્બનયામાનો વિક્રમ સાન એન્ટોનિયો સ્પર્સે લોસ એન્જલસ લેકર્સને ૧૩૬-૧૦૮ થી હરાવીને સતત પાંચમો વિજય મેળવ્યો હતો.


## માન્ચેસ્ટર યુનાઈટેડ વેસ્ટ હેમ ડ્રો: સેસ્કોએ અંતિમ ક્ષણોમાં બચાવ્યું

લંડન | પ્રીમિયર લીગના રોમાંચક મુકાબલામાં માન્ચેસ્ટર યુનાઈટેડ અને વેસ્ટ હેમ વચ્ચેની મેચ ૧-૧ ના સ્કોર સાથે ડ્રોમાં પરિણમી છે. મંગળવારની રાત્રિએ રમાયેલી આ મેચમાં ઈન્ટરિમ મેનેજર માઈકલ કેરિકના નેતૃત્વમાં યુનાઈટેડ સતત પાંચમી મેચમાં અજેય રહ્યું છે. જોકે, આ મેચમાં યુનાઈટેડ તેના શ્રેષ્ઠ ફોર્મમાં જોવા મળ્યું નહોતું અને અંતે બેન્જામિન સેસ્કોએ સ્ટોપેજ ટાઈમની ૬ઠ્ઠી મિનિટે ગોલ કરીને ટીમને નિશ્ચિત હારમાંથી ઉગારી લીધી હતી. વેસ્ટ હેમનું આક્રમણ અને સોસેકનો ગોલ મેચની શરૂઆતથી જ વેસ્ટ હેમે યુનાઈટેડ પર દબાણ બનાવ્યું હતું. બીજા હાફની શરૂઆતમાં જ ૫૦મી મિનિટે ટોમાસ સોસેકે જરોદ બોવેનના ક્રોસ પર શાનદાર ગોલ કરીને વેસ્ટ હેમને ૧-૦ થી લીડ અપાવી હતી. લંડન સ્ટેડિયમમાં ઘરેલું પ્રેક્ષકો સામે વેસ્ટ હેમ જીત તરફ આગળ વધી રહ્યું હતું અને યુનાઈટેડની સ્ટાર-સ્ટડેડ ફોરવર્ડ લાઈન ગોલ કરવા માટે સંઘર્ષ કરતી જોવા મળી હતી. કેરિકની નિરાશા અને સેસ્કોનો જાદુ મેચ બાદ માઈકલ કેરિકે સ્વીકાર્યું હતું કે ટીમમાં 'શાર્પનેસ'નો અભાવ હતો. તેમણે જણાવ્યું કે, "અમે અમારા શ્રેષ્ઠ પ્રદર્શનથી દૂર હતા અને ફાઈનલ થર્ડમાં પાસિંગમાં ચોકસાઈનો અભાવ હતો."



## લેબ્રોન જેમ્સ ઓલ-એનબીએ રેકોર્ડ: 21 વર્ષની શ્રેણીનો અંત

### લેકર્સ વિરુદ્ધ સ્પર્સ ઈજા અપડેટ: લુકા ડોન્સિચ પણ મેદાનની બહાર



(એજન્સી) ડલાસ, યુએસએ । તા. 11

એનબીએના ઈતિહાસમાં સૌથી લાંબી અને પ્રભાવશાળી શ્રેણીઓમાંથી એકનો હવે અંત આવવા જઈ રહ્યો છે. લોસ એન્જલસ લેકર્સના સુપરસ્ટાર લેબ્રોન જેમ્સે સાન એન્ટોનિયો સ્પર્સ સામેની મેચ ગુમાવતા જ તેઓ આ સીઝનમાં 'ઓલ-એનબીએ' (All-NBA) ટીમમાં સ્થાન મેળવવા માટે અપાત્ર ઠર્યા છે. ડાબા પગમાં આર્થરાઈટિસ (Arthritis) ના કારણે તેઓ આ મેચ રમી શક્યા નથી, જે તેમની આ સીઝનની ૧૮મી ગેરહાજરી છે.

૬૫ મેચનો નિયમ અને લેબ્રોનનો સંઘર્ષ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, એનબીએના વર્તમાન નિયમો મુજબ કોઈપણ ખેલાડીને સીઝનના અંતે અપાતા એવોર્ડ્સ અથવા 'ઓલ-એનબીએ' ટીમમાં સ્થાન મેળવવા માટે ઓછામાં ઓછી ૬૫ મેચો રમવી ફરજિયાત છે. લેબ્રોન જેમ્સે અત્યાર સુધીમાં ૧૮ મેચો ગુમાવી દીધી છે, જેનાથી હવે તેઓ આ મર્યાદા પૂરી કરી શકે તેમ નથી. આ સાથે જ તેમનો ૨૧ વર્ષનો સતત 'ઓલ-એનબીએ' ટીમમાં પસંદ થવાનો ઐતિહાસિક રેકોર્ડ તૂટી ગયો છે. જેમ્સે અગાઉ ૨૦૨૩-૨૪ માં લાગુ કરાયેલા આ નિયમની ટીકા પણ કરી હતી. લેકર્સ માટે મુશ્કેલીઓનો પહાડ મીડિયા અહેવાલ મુજબ, માત્ર લેબ્રોન જ નહીં પરંતુ લેકર્સના અન્ય મુખ્ય ખેલાડીઓ પણ ઈજાના કારણે બહાર છે. સીઝનના ટોપ સ્કોરર લુકા ડોન્સિચ હેમસ્ટ્રિંગની ઈજાને કારણે સતત ત્રીજી મેચ રમી શક્યા નથી. આ ઉપરાંત ઓસ્ટિન રીવ્સ અને માર્કસ સ્માર્ટ પણ ઈજાગ્રસ્ત હોવાથી લેકર્સની ટીમ હાલમાં નબળી પડી ગઈ છે. ૩૨-૨૦ ના રેકોર્ડ સાથે પ્લેઓફની રેસમાં હોવા છતાં, સ્ટાર ખેલાડીઓની ગેરહાજરી ટીમને ભારે પડી રહી છે. ઉંમર અને પ્રદર્શન વચ્ચેનું સંતુલન પોતાની ૨૩મી NBA સીઝન રમી રહેલા ૪૧ વર્ષીય લેબ્રોન જેમ્સે આ સીઝનમાં રમેલી ૩૪ મેચોમાં ૨૧.૭ પોઈન્ટ અને ૬.૯ આસિસ્ટની શાનદાર એવરેજ જાળવી રાખી છે. જોકે, સાયટીકા અને હવે આર્થરાઈટિસ જેવી બીમારીઓએ તેમના રમવાના સમય પર મર્યાદા લાદી દીધી છે.

## મેરિન સિલિકની ઐતિહાસિક 600મી જીત: જોકોવિચની ક્લબમાં સામેલ

### ક્રોએશિયાના ગોરન ઈવાનીસેવિચના ૫૯૯ જીતના રેકોર્ડને પાછળ છોડ્યો



(એજન્સી) ડલાસ, યુએસએ । તા. 11

પૂર્વ યુએસ ઓપન ચેમ્પિયન મેરિન સિલિકે મંગળવારે ડલાસ ઓપનમાં અમેરિકાના લર્નર ટિયનને ૭-૫, ૭-૬(૪) થી હરાવીને ટેનિસ જગતમાં એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. આ જીત સાથે સિલિક હવે એટીપી (ATP) ટૂર પર ૬૦૦ મેચ જીતનાર સક્રિય ખેલાડીઓની યાદીમાં નોવાક જોકોવિચ (૧,૧૬૮ જીત) પછી બીજા ક્રમે આવી ગયા છે.

ઈજાઓ સામેનો મક્કમ સંઘર્ષ ૩૭ વર્ષીય સિલિક માટે આ સિદ્ધિ કોઈ વરદાનથી ઓછી નથી. ૨૦૨૩ થી અત્યાર સુધીમાં તેમણે ઘૂંટણની બે મોટી સર્જરીઓનો સામનો કર્યો છે. મેચ બાદ ભાવુક થતા સિલિકે જણાવ્યું હતું કે, "છેલ્લા બે વર્ષો અત્યંત મુશ્કેલ હતા, હું અનેક પડકારો સામે લડી રહ્યો હતો. આ સ્તર પર પાછા ફરવું અને લર્નર જેવા પ્રતિભાશાળી ખેલાડી સામે જીત મેળવવી એ મારા માટે પરમ આનંદની વાત છે. આ ૬૦૦મી જીત ટેનિસ પ્રત્યેના મારા સમર્પણનો પુરાવો છે." ક્રોએશિયાના સૌથી સફળ ટેનિસ સ્ટાર આ ઐતિહાસિક વિજય સાથે સિલિકે તેમના વતન ક્રોએશિયાના આઈકોનિક ખેલાડી ગોરન ઈવાનીસેવિચને પણ પાછળ છોડી દીધા છે. ઈવાનીસેવિચની કારકિર્દીનો રેકોર્ડ ૫૯૯ જીતનો હતો, જ્યારે સિલિક હવે ૬૦૦ જીત સાથે ક્રોએશિયાના સૌથી સફળ એટીપી ખેલાડી બની ગયા છે.

**કુસ્તી // વિશાલ કાલિરામણની ઐતિહાસિક જીત, આંતરરાષ્ટ્રીય સ્તરે વધી પ્રતિષ્ઠા**


## પીડબ્લ્યુએલમાં ભારતીય કુસ્તીબાજોનો દબદબો

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતમાં ફરી એકવાર કુસ્તીનો રોમાંચ ચરમસીમાએ પહોંચ્યો છે. પ્રો રેસલિંગ લીગ (PWL) ૨૦૨૬ ના પુનરાગમને ભારતીય કુસ્તીબાજોને એવો મંચ પૂરો પાડ્યો છે જ્યાં તેઓ વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે સીધી ટક્કર લઈ રહ્યા છે. આ લીગમાં ૨૫ વર્ષીય વિશાલ કાલિરામણ દ્વારા એશિયન ગેમ્સના ચેમ્પિયનને હરાવવાની ઘટના અત્યારે રમત જગતમાં ચર્ચાનો વિષય બની છે. ઈજાના કારણે કેટલીક મેચો ગુમાવ્યા હોવા છતાં, વિશાલનો ઉત્સાહ ઓછો થયો નથી.

### અસંભવને સંભવ બનાવતો વિજય


અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, યુપી ડોમિનેટર્સ તરફથી રમતા વિશાલ કાલિરામણે હરિયાણા થન્ડર્સના મોંગોલિયન ખેલાડી તુલ્ગા તુમુર ઓચિર સામે અકલ્પનીય વિજય મેળવ્યો હતો. ૦-૬ થી પાછળ રહ્યા હોવા છતાં વિશાલે વળતી લડત આપી સ્કોર ૬-૬ ની બરાબરી પર લાવી



દીધો અને ટેકનિકલ માપદંડોના આધારે જીત મેળવી. વિશાલે જણાવ્યું કે, "ગયા વર્ષે હું આ જ ખેલાડી સામે ૦-૮ થી હાર્યો હતો, પરંતુ આ વખતે મળેલી જીતે મારો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચાડી દીધો છે. ૨૦૨૬ ની એશિયન ગેમ્સમાં મેડલ જીતવા માટે આ અનુભવ અમૂલ્ય છે."

### વૈશ્વિક દિગ્ગજોનો ભારતમાં જમાવડો


આ વખતની લીગમાં જાપાનની બે વખતની ઓલિમ્પિક ચેમ્પિયન યુઈ સુસાકી આકર્ષણનું કેન્દ્ર રહી હતી. સુસાકીએ ભારતીય વાનગીઓ જેવી કે 'બટર ચિકન' અને દિલ્હીના ઐતિહાસિક સ્થાપત્યોનો



આનંદ માણ્યો હતો. તેમણે ભારતીય યુવા કુસ્તીબાજોની માનસિક શક્તિ અને મહેનતની પ્રશંસા કરતા કહ્યું કે, "ભારતીય ખેલાડીઓ અત્યંત મજબૂત છે અને તેમની સામે રમવું એ એક મોટો પડકાર છે." કેનેડાની વર્લ્ડ બ્રોન્ઝ મેડલિસ્ટ કાર્લા ગોડિનેઝે પણ આ લીગના આયોજન અને વ્યવસ્થાના વખાણ કર્યા હતા.

### યુવા પ્રતિભાઓ માટે શીખવાનો અવસર

૧૮ વર્ષીય નેહા સાંગવાન જેવી યુવા કુસ્તીબાજો માટે આ લીગ કોઈ સપનાથી ઓછી નથી. નેહાએ જણાવ્યું કે સુસાકી જેવા દિગ્ગજ ખેલાડીઓ સાથે ડ્રેસિંગ રૂમ શેર



કરવાથી અને તેમની ટ્રેનિંગ પદ્ધતિ જોવાથી ઘણું શીખવા મળ્યું છે. સુસાકીએ તો નેહાને જાપાન આવીને સાથે તાલીમ લેવાનું પણ આમંત્રણ આપ્યું છે. આ પ્રકારનો 'નોલેજ એક્સચેન્જ' ભારતીય કુસ્તીના ભવિષ્ય માટે માઈલસ્ટોન સાબિત થશે.

### પ્રોફેશનલ મંચ અને ઉજળી તકો

વર્ષ ૨૦૧૫ માં શરૂ થયેલી આ લીગ કેટલાક સમય માટે બંધ રહ્યા બાદ હવે નવા મેનેજમેન્ટ હેઠળ વધુ ભવ્ય રીતે પરત ફરી છે. ટીવી પ્રસારણ, રંગીન વેશભૂષા અને આધુનિક પ્રોડક્શનને કારણે કુસ્તીનો પરંપરાગત ચહેરો બદલાયો છે.

**પંજાબની ખો-ખો ટીમ માટે પસંદગી**

## અંબુજા સિમેન્ટ્સનો 'આફ્ટર સ્કૂલ સ્પોર્ટ્સ પ્રોગ્રામ' યુવા પ્રતિભા માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ





(એજન્સી) પંજાબ । તા. 11

અદાણી પોર્ટફોલિયોના ડાયવર્સિફાઈડ હિસ્સાનો ભાગ અને વૈશ્વિક સ્તરે ટોચની નવમી બાંધકામ સામગ્રી પૂરી પાડતી અંબુજા સિમેન્ટ્સે તેની સીએસઆર પ્રવૃત્તિના ભાગરૂપે દેશભરમાં આફ્ટર સ્કૂલ સ્પોર્ટ્સ પ્રોગ્રામ મારફત રમત-ગમત ક્ષેત્રે પાયાના સ્તરે વિકાસને મજબૂત બનાવવાનું જારી રાખ્યું છે. જેમાં હાલમાં જ તેના ભટિંડા સેન્ટરમાંથી યુવા પ્રતિભાઓને રાજ્ય સ્તરે ઓળખ સ્થાપિત કરવામાં સફળતા મેળવી રહ્યા છે. પટિયાલામાં પંજાબ સ્ટેટ એસોસિએશન દ્વારા આયોજિત અંડર-14 ખો-ખો ટ્રાયલ બાદ હવે અંબુજા સિમેન્ટ્સ સમર્થિત જીએસએસએસ બુલાદેવાલા સ્કૂલના બે વિદ્યાર્થો (એક છોકરો અને એક છોકરી)ની રાષ્ટ્રીય સ્તરે રમાનારી પંજાબ ખો-ખો ટીમ માટે પસંદગી થઈ છે. તેઓ હરિયાણાના કુરુક્ષેત્રમાં 31 જાન્યુઆરીથી 4 ફેબ્રુઆરી, 2026 સુધી યોજનારી 35મી સબ જુનિયર નેશનલ ખો-ખો ચેમ્પિયનશીપમાં ભાગ લેશે. પસંદગી પામેલા એથલેટ્સમાં એક ધોરણ આઠનો વિદ્યાર્થી અનમોલ સિંહ ગુરુપ્રિત સિંહ અને ધોરણ સાતની વિદ્યાર્થિની કિરનપાલ કૌર જગતાર સિંહ છે. વધુમાં આફ્ટર સ્કૂલ કોચ પ્રોગ્રામ હેઠળ સામેલ સુખપ્રીતની પંજાબ ગર્લ્સ ટીમના કોચ તરીકે પણ પસંદગી થઈ છે. તેઓ ટીમને ચેમ્પિયન બનવાની રાહમાં મદદ અને માર્ગદર્શન પૂરુ પાડશે. ભટિંડા આફ્ટર સ્કૂલ સેન્ટર અંબુજા સિમેન્ટ્સનો દેશવ્યાપી ચાલતો આફ્ટર સ્કૂલ સ્પોર્ટ્સ પ્રોગ્રામનો જ એક ભાગ છે. જેનો ઉદ્દેશ યુવા પ્રતિભાઓને ઉછેરવાનો છે.

### યુએસટીઆરનો નવો વિવાદ, સરહદ પર રાજદ્વારી ગરમાવો

# અમેરિકાએ નકશામાં ભારતની સંપ્રભુતા સ્વીકારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારિક સંબંધોમાં એક અત્યંત નાટકીય વળાંક જોવા મળ્યો છે. હાલમાં જ બંને દેશો વચ્ચે થયેલી ઐતિહાસિક વેપાર સમજૂતીના ગણતરીના કલાકોમાં જ અમેરિકન વ્યાપાર પ્રતિનિધિ (USTR) ની કચેરી દ્વારા સોશિયલ મીડિયા પર ભારતનો એક એવો નકશો શેર કરવામાં આવ્યો હતો, જેમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અને અક્સાઈ ચીનને ભારતનો અભિન્ન હિસ્સો બતાવવામાં આવ્યો હતો. જોકે, આ પોસ્ટ વાયરલ થતાં જ તેને પ્લેટફોર્મ 'X' પરથી હટાવી લેવામાં આવતા વૈશ્વિક રાજકારણમાં અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.




### નકશા વિવાદનો સમગ્ર ઘટનાક્રમ

ગયા અઠવાડિયે USTR દ્વારા ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના વચગાળાના ફ્રેમવર્કને લઈને એક સત્તાવાર પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટમાં અમેરિકન કૃષિ ઉત્પાદનો જેવા કે ડ્રાય ફ્રૂટ્સ, લાલ જુવાર અને તાજા ફળો માટે ભારતીય બજારોના દ્વાર ખુલવાની જાહેરાત હતી. પરંતુ, આ માહિતી સાથે જોડવામાં આવેલા ભારતના નકશાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. આ નકશામાં સામાન્ય રીતે વિવાદિત ગણાતા વિસ્તારોને ભારતના નકશામાં સંપૂર્ણપણે સામેલ કરવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે અમેરિકાએ જાણીજોઈને અથવા ભૂલથી ભારતનું અડગ વલણ સ્વીકાર્યું હોય તેવું જણાયું હતું.

### ભારતનું અડગ વલણ અને પ્રતિક્રિયા

ભારત સરકારે હંમેશા આંતરરાષ્ટ્રીય મંચો પર ગર્જના કરી છે કે સંપૂર્ણ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ એ ભારતનો અવિભાજ્ય હિસ્સો છે. મીડિયા અહેવાલ મુજબ, જ્યારે ચીને તેના 'સ્ટાન્ડર્ડ મેપ'માં ભારતના વિસ્તારો દર્શાવ્યા હતા ત્યારે ભારતે જે આક્રમકતા બતાવી હતી, તેની સામે અમેરિકાનું આ પગલું ભારતની રાજદ્વારી જીત તરીકે જોવામાં આવતું હતું. પરંતુ પોસ્ટ હટાવી લેવા પાછળ કોઈ મોટું રાજદ્વારી દબાણ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

### વ્યાપારિક ડીલ અને બજાર પર અસર

આ વિવાદની વચ્ચે પણ બંને દેશોએ દ્વિપક્ષીય ટ્રેડ ડીલના પ્રથમ તબક્કાને લીલી ઝંડી આપી દીધી છે. આ કરાર હેઠળ અનેક વસ્તુઓ પરના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. ખાસ કરીને અમેરિકાના ટ્રી નટ્સ અને પ્રોસેસ્ડ ફળો માટે ભારતમાં 'માર્કેટ એક્સેસ' સરળ બનતા દ્વિપક્ષીય વેપાર નવી ઊંચાઈએ પહોંચશે. અમેરિકી વહીવટીતંત્રે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ સમજૂતીથી બંને દેશોના ખેડૂતો અને વેપારીઓને મોટો આર્થિક લાભ થશે.

નિષ્ણાતોના મતે, ભલે નકશો હટાવી લેવામાં આવ્યો હોય, પરંતુ વ્યાપારિક સ્તરે ભારતની વધતી જતી તાકાતને કારણે અમેરિકા હવે કાશ્મીર મુદ્દે પોતાના જૂના સ્ટેન્ડમાં ફેરફાર કરી રહ્યું હોવાના સંકેતો મળી રહ્યા છે.

---

#### જુલાઈ નેશનલ ચાર્ટર લોકમત માટે જનતાનો મિજાજ જોવા મળશે

## બાંગ્લાદેશ સામાન્ય ચૂંટણીમાં લોકશાહીનો નવો સૂર્યોદય

(એજન્સી) ઢાકા । તા. 11

બાંગ્લાદેશમાં ૧૨મી ફેબ્રુઆરીએ યોજાનારી ૧૩મી સામાન્ય ચૂંટણી અને 'જુલાઈ નેશનલ ચાર્ટર' પરના ઐતિહાસિક લોકમત માટે તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મુખ્ય સલાહકારના પ્રેસ વિંગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, આ લોકશાહી પ્રક્રિયાની પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે ૩૯૪ આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો અને ૧૯૭ વિદેશી પત્રકારો ઢાકા પહોંચી ચૂક્યા છે. ૨૦૨૪ના વિવાદાસ્પદ ચૂંટણી પ્રવાહ કરતા આ વખતે નિરીક્ષકોની સંખ્યા બમણાથી પણ વધુ છે, જે વૈશ્વિક સ્તરે બાંગ્લાદેશની બદલાતી છબી દર્શાવે છે.

વિશ્વભરની સંસ્થાઓની સક્રિયતા સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કોમનવેલ્થ સચિવાલય, એશિયન નેટવર્ક ફોર ફ્રી ઈલેક્શન (ANFREL) અને અમેરિકા સ્થિત ઈન્ટરનેશનલ રિપબ્લિકન ઈન્સ્ટિટ્યૂટ જેવી મોટી સંસ્થાઓએ તેમના પ્રતિનિધિઓ મેદાનમાં ઉતાર્યા છે. આ નિરીક્ષકોમાં ઘાનાના ભૂતપૂર્વ પ્રમુખ અને ભૂટાનના મુખ્ય ચૂંટણી કમિશનર જેવા ઉચ્ચ સ્તરીય મહાનુભાવોનો સમાવેશ થાય છે. પાકિસ્તાન, રશિયા, ચીન અને જાપાન સહિત ૨૧ દેશોના પ્રતિનિધિઓ પણ આ ચૂંટણી પ્રક્રિયાના સાક્ષી બનશે.

ઐતિહાસિક લોકમત અને નવા સુધારા મીડિયા અહેવાલ મુજબ, આ વખતે મતદારોને બે બેલેટ પેપર આપવામાં આવશે. એક સંસદ સભ્યોની પસંદગી માટે અને બીજું 'જુલાઈ નેશનલ ચાર્ટર' પર મહોર મારવા માટે. આ ચાર્ટરમાં વડાપ્રધાનના કાર્યકાળની મર્યાદા નક્કી કરવી અને ન્યાયતંત્રની સ્વાયત્તતા જેવા ક્રાંતિકારી સુધારાઓ સામેલ છે. વચગાળાની સરકારના વરિષ્ઠ સચિવે જણાવ્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય સમુદાયનો પ્રતિસાદ એ અમારી નિષ્પક્ષ ચૂંટણી યોજવાની ક્ષમતામાં વિશ્વના વિશ્વાસનું પ્રતીક છે.

પડકારો અને અપેક્ષાઓ બાંગ્લાદેશમાં આ વખતે ૫૦થી વધુ રાજકીય પક્ષો અને ૨૦૦૦થી વધુ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

---

## ન્યૂઝ બ્રીફ

### માઈક્રોસોફ્ટ એઆઈ ક્વોલિટી વિવાદ હવે ચાર્લી બેલ સુધારશે




ન્યૂયોર્ક | ટેકનોલોજીની દુનિયાના માંધાતા ગણાતા માઈક્રોસોફ્ટ માટે કૃત્રિમ બુદ્ધિ પરની અતિશય નિર્ભરતા હવે જોખમી સાબિત થઈ રહી છે. માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નડેલાએ કંપનીમાં ગુણવત્તાના ઘટતા જઈ રહેલા સ્તરને બચાવવા માટે 'એન્જિનિયરિંગ ક્વોલિટી હેડ'નું નવું પદ ઊભું કર્યું છે. આ મહત્વપૂર્ણ પદ પર ચાર્લી બેલની નિમણૂક કરવામાં આવી છે, જેઓ અગાઉ સિક્યોરિટી ડિવિઝનમાં કાર્યરત હતા. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે કંપનીના ૩૦ ટકા કોડ એઆઈ દ્વારા લખાઈ રહ્યા હોવાની ગર્વભરી જાહેરાતને હજુ એક વર્ષ પણ પૂરું થયું નથી. એઆઈની કાર્યક્ષમતા સામે સવાલો સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, માઈક્રોસોફ્ટના આંતરિક સંશોધનમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

### ઈઝરાયેલ અમેરિકા રાજદ્વારી બેઠક ઈરાન મુદ્દે ગંભીર ચર્ચા

વોશિંગ્ટન ડીસી | ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશેષ દૂતો વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ છે. મીડિયા અહેવાલ અનુસાર, વડાપ્રધાન નેતન્યાહુએ અમેરિકાના વિશેષ પ્રતિનિધિઓ સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર સાથે મુલાકાત કરી પ્રાદેશિક સુરક્ષા અને ઈરાન સાથે ચાલી રહેલી પરમાણુ મંત્રણાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠકમાં ખાસ કરીને ગયા શુક્રવારે ઈરાન સાથે થયેલા પ્રથમ રાઉન્ડના વાટાઘાટોની વિગતો નેતન્યાહુ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ઈરાન સામે ટ્રમ્પની કડક ચેતવણી સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અંગે સમજૂતી કરવા ઈચ્છુક છે.

### કેનેડા શાળા ગોળીબાર ટમ્બલર રિજ 10 લોકોના મોતથી શોક



ઓટ્ટાવા | કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં આવેલા ટમ્બલર રિજ વિસ્તારમાં એક હાઈસ્કૂલ અને નજીકના રહેણાંક મકાનમાં થયેલા અંધાધૂંધ ગોળીબારમાં ૧૦ લોકોના કરૂણ મોત નિપજ્યા છે. વડાપ્રધાન માર્ક કાર્નીએ આ ઘટનાને કેનેડાના ઈતિહાસની સૌથી ભયાનક હિંસા ગણાવતા ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. આ હુમલામાં ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી અનેકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. મંગળવારે બપોરે બનેલી આ ઘટનાએ સમગ્ર દેશમાં સુરક્ષા અને માનસિક સ્વાસ્થ્ય અંગે નવી ચર્ચા છેડી દીધી છે.

---

### આંતરરાષ્ટ્રીય સહયોગ માટે મહત્વનું મંચ

# ભારતની અધ્યક્ષતામાં બ્રિક્સ સમિટ 2026નો પ્રારંભ, વિદેશ મંત્રી એસ જયશંકરનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતની રાજધાનીમાં આંતરરાષ્ટ્રીય રાજનીતિનો ધમધમાટ શરૂ થયો છે. બ્રિક્સ સંગઠનની ૨૦મી વર્ષગાંઠ નિમિત્તે નવી દિલ્હીમાં 'શેરપા' અને વિવિધ દેશોના પ્રતિનિધિઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે સંગઠનની ભૂમિકાને બિરદાવતા જણાવ્યું હતું કે, બ્રિક્સ હવે આંતરરાષ્ટ્રીય સહયોગ માટે એક અમૂલ્ય અને શક્તિશાળી મંચ બનીને ઉભર્યું છે. ૨૦૨૬માં ભારતની અધ્યક્ષતા હેઠળ આ સંગઠન માનવતા અને પરસ્પર વિકાસના નવા આયામો સર કરશે.




### માનવતાવાદી અભિગમ પર વિશેષ ભાર

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, નવી દિલ્હીમાં આયોજિત આ પ્રથમ શેરપા બેઠકમાં ભારતના 'પીપલ-સેન્ટ્રિક' એટલે કે જન-કેન્દ્રીત એજન્ડા પર ભાર મૂકવામાં આવ્યો છે. વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, બ્રિક્સ ૨૦૨૬ની પ્રાથમિકતાઓમાં લવચીકતા, નવીનતા, સહયોગ અને ટકાઉપણું (Sustainability) મુખ્ય સ્થાને છે. આ બેઠકમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓએ આપેલા સૂચનો આ વૈશ્વિક સંગઠનને વધુ મજબૂત બનાવશે.

### ભારતની અધ્યક્ષતા અને મુખ્ય વિઝન

જાણો સમગ્ર ઘટનાક્રમ મુજબ, વિદેશ મંત્રાલયના સચિવ અને ભારતના બ્રિક્સ શેરપા સુધાકર દલેલાએ વડાપ્રધાનના 'માનવતા પ્રથમ'ના વિઝનને રજૂ કર્યું હતું. ભારતની અધ્યક્ષતા હેઠળ આ વર્ષની થીમ 'બિલ્ડિંગ ફોર રિઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સસ્ટેનેબિલિટી' રાખવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બેઠક આગામી મુખ્ય સમિટ માટેનો પાયો તૈયાર કરી રહી છે, જેમાં આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવશે.

### રશિયા અને અન્ય ભાગીદાર દેશોનો ટેકો

મીડિયા અહેવાલ અનુસાર, રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઈ લાવરોવે પણ વૈશ્વિક બાબતોમાં બ્રિક્સના વધતા મહત્વનો સ્વીકાર કર્યો છે. તેમણે જણાવ્યું કે ભારતની અધ્યક્ષતામાં સંગઠન નવી દિશા તરફ આગળ વધી રહ્યું છે. લાવરોવે ભારપૂર્વક કહ્યું કે રશિયા સંયુક્ત રાષ્ટ્ર જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર પણ બ્રિક્સ ભાગીદારો સાથે મળીને કામ કરવા અને વેપાર-રોકાણ વધારવા કટિબદ્ધ છે. પ્રાદેશિક માળખાને મજબૂત કરવા માટે પણ લાંબા ગાળાના આયોજન પર ચર્ચાઓ કરવામાં આવી હતી.


### 20 વર્ષની સફર અને ભવિષ્યની રાહ

બ્રિક્સ સંગઠને પોતાના અસ્તિત્વના ૨૦ વર્ષ પૂર્ણ કર્યા છે ત્યારે તે માત્ર આર્થિક જૂથ મટીને એક વ્યૂહાત્મક શક્તિ બની ગયું છે. ૨૦૨૬ની પ્રાથમિકતાઓમાં ગ્લોબલ સાઉથના અવાજને બુલંદ કરવો અને વિશ્વના પડકારોનો સામૂહિક ઉકેલ લાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ બેઠક ભારતની વધતી જતી મુત્સદ્દીગીરીનું પણ પ્રતીક છે.

---

#### દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા માટે નવી દિલ્હીમાં મહત્વની બેઠક

## ભારત હંગેરી રાજદ્વારી સંબંધોમાં સહયોગના નવા દ્વાર ખૂલ્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારત અને હંગેરી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માટે નવી દિલ્હીમાં વિદેશ કાર્યાલય પરામર્શનો ૧૧મો રાઉન્ડ યોજાયો હતો. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) સીબી જ્યોર્જે કર્યું હતું, જ્યારે હંગેરી તરફથી રાજ્ય સચિવ બોગ્લાર્કા ઈલેસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં બંને દેશોએ રાજકીય, વ્યાપારિક અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ચાલી રહેલા સહયોગની વિગતવાર સમીક્ષા કરી હતી.

વિવિધ ક્ષેત્રોમાં ભાગીદારીનો વિસ્તાર મીડિયા અહેવાલ મુજબ, આ મંત્રણા દરમિયાન વેપાર અને રોકાણની સાથે સાથે સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગ્રીન એનર્જી અને વોટર મેનેજમેન્ટ જેવા મહત્વના વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો. ખાસ કરીને અવકાશ વિજ્ઞાન (Space) અને ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારવા માટે બંને પક્ષો સહમત થયા છે. આ મંત્રણામાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિતિ અને યુરોપના વર્તમાન સુરક્ષા પડકારો અંગે પણ ઊંડી ચર્ચા કરવામાં આવી હતી. ઐતિહાસિક સંબંધો અને આધુનિક મૈત્રી ભારત અને હંગેરી વચ્ચેના સંબંધો દાયકાઓ જૂના અને મજબૂત પાયા પર ટકેલા છે. હંગેરી આજે પણ ૧૯૫૬ના બળવા દરમિયાન ભારતની ભૂમિકાને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે, જ્યારે ભારતના હસ્તક્ષેપથી અર્પાડ ગોન્ઝનો જીવ બચ્યો હતો, જેઓ પાછળથી હંગેરીના પ્રમુખ બન્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ પરામર્શથી બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંબંધોને પણ નવું બળ મળશે. આર્થિક સહયોગની નવી રૂપરેખા આ બેઠક ૨૦૨૫ માં યોજાયેલી 'રાયસીના ડાયલોગ' દરમિયાન હંગેરીના વિદેશ મંત્રીની ભારત મુલાકાત બાદ મળી છે, જે દર્શાવે છે કે બંને દેશો સતત સંપર્કમાં છે.

---

## સંરક્ષણ ઉદ્યોગ અને સ્પેસ ટેકનોલોજીમાં સહયોગ વધારવા પર સહમતી

(એજન્સી)બ્રસેલ્સ। તા. 11

વિશ્વમાં વધતી જતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે 'નાટો' અને દક્ષિણ કોરિયાએ તેમના વ્યૂહાત્મક સંબંધોને એક નવા સ્તરે લઈ જવાનો નિર્ણય કર્યો છે. નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટે અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે યુરોપ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સુરક્ષા એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલી છે. આ મંત્રણામાં યુક્રેન યુદ્ધ અને કોરિયન દ્વીપકલ્પ પર સર્જાયેલા તણાવ સામે સંયુક્ત મોરચો બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સંરક્ષણ ઉદ્યોગમાં દક્ષિણ કોરિયાનો દબદબો સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગે નાટો સમક્ષ દક્ષિણ કોરિયાની અદ્યતન સંરક્ષણ ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. તેમણે ગયા વર્ષે સ્થપાયેલ 'વર્કિંગ-લેવલ કન્સલ્ટેટિવ બોડી' દ્વારા



વ્યવહારુ સહયોગ વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. માર્ક રુટ્ટેએ આ પ્રસ્તાવને આવકારીને જણાવ્યું હતું કે, દક્ષિણ કોરિયા નાટોનો એક અત્યંત નજીકનો સાથી છે અને બંને પક્ષો વચ્ચે ડિફેન્સ મેન્યુફેક્ચરિંગમાં મોટું જોડાણ ભવિષ્યની જરૂરિયાત છે.

---

## ઈમરાન ખાન અદિયાલા જેલ અહેવાલ સુપ્રીમ કોર્ટમાં રજૂ થશે

ઈસ્લામાબાદ | પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પીટીઆઈના સ્થાપક ઈમરાન ખાનના જેલવાસને લઈને ચાલી રહેલા વિવાદો વચ્ચે પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. સુપ્રીમ કોર્ટે પીટીઆઈના વકીલ સલમાન સફદરને 'એમિકસ ક્યુરી' (કોર્ટના મિત્ર) તરીકે નિયુક્ત કરીને તેમને અદિયાલા જેલમાં ઈમરાન ખાનની રહેણીકરણીની સ્થિતિનું નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. મંગળવારે રાવલપીંડીની અદિયાલા જેલમાં લગભગ ત્રણ કલાક ચાલેલી આ મુલાકાત બાદ હવે સૌની નજર કોર્ટમાં રજૂ થનારા લેખિત અહેવાલ પર ટકેલી છે. ખાનના સ્વાસ્થ્ય અને સ્થિતિ પર નજર સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મુલાકાત બાદ જેલની બહાર પત્રકારો સાથે વાત કરતા સલમાન સફદરે જણાવ્યું હતું કે ઈમરાન ખાન શારીરિક રીતે સ્વસ્થ અને સજ્જ જણાય છે.

---

## ડોનાલ્ડ ટ્રમ્પ એપ્સટાઈન ખુલાસો માર-એ-લાગોમાંથી કાઢી મુક્યા

### વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરી નિવેદન જેફરી એક વિકૃત વ્યક્તિ હતો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 11

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કુખ્યાત જેફરી એપ્સટાઈન વચ્ચેના સંબંધોને લઈને વ્હાઈટ હાઉસે મહત્વની સ્પષ્ટતા કરી છે. પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પ હંમેશા પોતાના વલણમાં મક્કમ રહ્યા છે. તેમણે વર્ષો પહેલા જ જેફરી એપ્સટાઈનને તેની શંકાસ્પદ અને વિકૃત હિલચાલને કારણે પોતાની 'માર-એ-લાગો' ક્લબમાંથી બહાર ફેંકી દીધો હતો. લીવિટના મતે, ટ્રમ્પ અન્ય લોકોની જેમ દંભી નથી અને તેમણે એપ્સટાઈન સાથેના તમામ સંબંધો ઘણા સમય પહેલા જ પ્રામાણિકતાથી તોડી નાખ્યા હતા.

પારદર્શિતાનો નવો અધ્યાય સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, એપ્સટાઈન સાથે સંબંધિત ૩૦ લાખથી વધુ દસ્તાવેજો જાહેર કરવામાં આવ્યા છે. વ્હાઈટ હાઉસના મતે, આટલી મોટી સંખ્યામાં ફાઈલ્સ સાર્વજનિક કરવી એ ટ્રમ્પ વહીવટીતંત્રની અતૂટ પારદર્શિતાનું પ્રતીક છે. આ દસ્તાવેજો એપ્સટાઈનના ઘૃણાસ્પદ ગુનાઓ પર પ્રકાશ પાડે છે અને સ્પષ્ટ કરે છે કે પ્રમુખ ટ્રમ્પે આ મામલે ક્યારેય કશું છુપાવ્યું નથી. જોકે, આ યાદીમાં જે અન્ય લોકોના નામ સામે આવ્યા છે, તેમને હવે જનતાને જવાબ આપવો પડશે.

મંત્રીઓ પર વધતું દબાણ મીડિયા અહેવાલ મુજબ, માત્ર ટ્રમ્પ જ નહીં પરંતુ તેમના વહીવટીતંત્રના અન્ય સભ્યો પણ તપાસના દાયરામાં છે. સેનેટના બહુમતી નેતા જોન થ્યુને જણાવ્યું છે કે વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે એપ્સટાઈન સાથેના તેમના સંબંધો અંગે પ્રશ્નોના જવાબ આપવા પડશે.

---

**ડીલ** ભારતીય કાપડ ઉદ્યોગમાં ફફડાટ, નિકાસકારોએ વ્યક્ત કરી ચિંતા

## USની બાંગ્લાદેશ સાથે 'ખાસ ડીલ' થી મોટો ફટકો

(એજન્સી) નવી દિલ્હી/અમદાવાદ । તા. 11

વૈશ્વિક ટેક્સટાઈલ માર્કેટમાં ભારત માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે થયેલી નવી દ્વિપક્ષીય વેપાર સમજૂતીએ ભારતીય કાપડ ઉદ્યોગ (Textile Industry) ના પાયા હચમચાવી દીધા છે. આ નવી 'ડ્યુટી-ફ્રી' સમજૂતી મુજબ, બાંગ્લાદેશ અમેરિકા પાસેથી જેટલા કપાસની આયાત કરશે, તેટલા જ મૂલ્યના તૈયાર કપડાં કોઈપણ આયાત શુલ્ક વગર અમેરિકામાં નિકાસ કરી શકશે. અમેરિકાના આ પક્ષપાતી વલણથી ભારતીય નિકાસકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.



અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, બાંગ્લાદેશ પહેલેથી જ તેના સસ્તા મજૂરોને કારણે વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રહ્યું છે. હાલમાં બાંગ્લાદેશ વાર્ષિક અંદાજે 9 થી 10 અબજ ડૉલરના કપડાં અમેરિકામાં નિકાસ કરે છે. જોકે, હવે શૂન્ય આયાત શુલ્કની સુવિધા મળતા આ આંકડો કુદકે ને ભૂસકે વધી શકે છે. બીજી તરફ, ભારતની કુલ ટેક્સટાઈલ નિકાસ અંદાજે 36-37 અબજ ડૉલરની છે, જેમાં અમેરિકાનો હિસ્સો 10 અબજ ડૉલર જેટલો મોટો છે. જો અમેરિકાના બજારમાં બાંગ્લાદેશના કપડાં સસ્તા મળશે, તો ભારતનો હિસ્સો નોંધપાત્ર રીતે ઘટી શકે છે.

મીડિયા અહેવાલ અનુસાર, ટેક્સટાઈલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન વિજય કુમાર અગ્રવાલ સહિતના અનેક દિગ્ગજોએ આ મામલે સરકારનું ધ્યાન દોર્યું છે. ભારતીય વેપારી સંગઠનોનું કહેવું છે કે જો બાંગ્લાદેશને આવી વિશેષ છૂટ મળતી હોય, તો ભારતને પણ સમાન દરજ્જો મળવો જોઈએ. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, નિકાસકારોએ ભારત સરકારને પત્ર લખીને માંગ કરી છે કે અમેરિકા સાથે થનારી આગામી વ્યાપારિક વાટાઘાટોમાં ભારત માટે પણ 'શૂન્ય આયાત શુલ્ક' ની જોગવાઈ કરવામાં આવે.

સ્થાનિક બજાર પર તેની સંભવિત અસર

નિષ્ણાતો માને છે કે જો ભારત સરકાર યોગ્ય સમયે દખલ નહીં કરે, તો અમેરિકામાં ભારતીય રેડીમેડ ગાર્મેન્ટ્સ, કોટન અને હોમ ટેક્સટાઈલના વેચાણમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. બાંગ્લાદેશની આ 'લોટરી' ભારતના હજારો નાના-મોટા ગાર્મેન્ટ એકમો માટે રોજગારીનું સંકટ પણ ઊભું કરી શકે છે. હાલમાં ભારતીય નિકાસકારો અમેરિકા પાસે બાંગ્લાદેશ જેવી જ 'ડીલ' ની આશા રાખી રહ્યા છે જેથી વૈશ્વિક બજારમાં ભારતનું પ્રભુત્વ જળવાઈ રહે.

---

## વૈશ્વિક ભ્રષ્ટાચાર રેન્કિંગ ભારત હવે 91માં ક્રમે પહોંચ્યું

(એજન્સી) કોપનહેગન । તા. 11

વિશ્વભરમાં ભ્રષ્ટાચાર પર નજર રાખતી સંસ્થા 'ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ' દ્વારા વર્ષ ૨૦૨૬ માટેનો 'ભ્રષ્ટાચાર ધારણા સૂચકાંક' (CPI) જાહેર કરવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ, ઉત્તર યુરોપનો નાનકડો દેશ ડેન્માર્ક ફરી એકવાર વિશ્વના સૌથી પ્રમાણિક રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યો છે. ડેન્માર્કે સતત આઠ વર્ષથી પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. બીજી તરફ, ભારતની સ્થિતિમાં મામૂલી સુધારો જોવા મળ્યો છે અને ભારત ૧૮૦ દેશોની યાદીમાં ૯૧મા સ્થાને પહોંચ્યું છે, જે અગાઉના વર્ષે ૯૬મા ક્રમે હતું.

પશ્ચિમી દેશોના રેન્કિંગમાં મોટું ગાબડું મીડિયા અહેવાલ મુજબ, જે પશ્ચિમી દેશો એક સમયે ઈમાનદારીનું પ્રતીક મનાતા હતા, તેમના રેટિંગમાં આ વર્ષે ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. અમેરિકા, કેનેડા, બ્રિટન અને સ્વીડન જેવા વિકસિત રાષ્ટ્રો ભ્રષ્ટાચારના સૂચકાંકમાં નીચે સરક્યા છે. ખાસ કરીને અમેરિકાનું રેન્કિંગ ઘટીને ૬૪ થયું છે, જે ત્યાંની વહીવટી પારદર્શિતા સામે સવાલો ઊભા કરે છે. નિષ્ણાતોના મતે, સ્થાપિત લોકશાહી ધરાવતા દેશોમાં ભ્રષ્ટાચારનું વધતું પ્રમાણ વૈશ્વિક અર્થતંત્ર માટે ખતરાની ઘંટડી સમાન છે.

એશિયામાં ભારત અને પાડોશીઓની સ્થિતિ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ભારતે ૩૯ ના સ્કોર સાથે પોતાની સ્થિતિમાં સુધારો કર્યો છે. ભારતની સરખામણીએ પાડોશી દેશ ચીન ૭૬મા સ્થાને છે, જ્યારે પાકિસ્તાન અને શ્રીલંકા ભ્રષ્ટાચારના ગંભીર પડકારોનો સામનો કરી રહ્યા છે. અહેવાલમાં જણાવ્યા મુજબ, ફિનલેન્ડ ૮૮ ના સ્કોર સાથે બીજા અને સિંગાપોર ૮૪ ના સ્કોર સાથે ત્રીજા સ્થાને છે.

# વંદે માતરમ્ માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે

નવી દિલ્હી: ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' ના સન્માન અને ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના રાષ્ટ્રગીત તરીકે ઓળખાતા વંદે માતરમ્ માટે હવે નવા નિયમો અને પ્રોટોકોલ જાહેર કરવામાં આવ્યા છે. આ નવા નિયમો મુજબ, હવેથી સત્તાવાર અને સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમ્ ગાયન સમયે રાષ્ટ્રગાન (જન ગણ મન) ની જેમ જ સાવધાનની મુદ્રામાં ઊભા રહેવું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ ફેરફારનો હેતુ સ્વાતંત્ર્ય સંગ્રામના આ અમર ગીતને તેનું ઉચિત સન્માન અપાવવાનો છે.સરકાર દ્વારા જારી કરવામાં આવેલી નવી માર્ગદર્શિકા મુજબ, જો કોઈ કાર્યક્રમમાં રાષ્ટ્રગાન અને રાષ્ટ્રીય ગીત બંનેનો સમાવેશ કરવાનો હોય, તો કાર્યક્રમની શરૂઆત 'વંદે માતરમ્' થી કરવામાં આવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અત્યાર સુધી માત્ર પ્રથમ થોડી પંક્તિઓ ગાવાની પરંપરા હતી, પરંતુ હવે નવા નિયમ હેઠળ ગીતના કુલ ૬ છંદો ગાવાના રહેશે. આ સંપૂર્ણ ગાયન પ્રક્રિયા માટે અંદાજે ૩ મિનિટ અને ૧૦ સેકન્ડનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેનું પાલન કરવું દરેક સત્તાવાર કાર્યક્રમમાં અનિવાર્ય રહેશે.આ



## સરકારી પ્રોટોકોલ ૨૦૨૬ મુજબ ગાયન અનિવાર્ય | રાષ્ટ્રીય ગીત સન્માન માટે નવો આદેશ

નવા નિયમો રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોના આગમન, તેમના ભાષણો અને રાષ્ટ્રના નામે સંબોધન સમયે ખાસ લાગુ પડશે. મીડિયા અહેવાલ મુજબ, રાષ્ટ્રધ્વજ ફરકાવવાના પ્રસંગે પણ આ નવા પ્રોટોકોલનું સખતપણે પાલન કરવાનું રહેશે. અત્યાર સુધી વંદે માતરમ્ માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા કે ઊભા રહેવા અંગે લેખિત આદેશોનો અભાવ હતો, પરંતુ હવે સરકારે સ્પષ્ટતા કરી દીધી છે કે તેને રાષ્ટ્રગાન જેટલું જ સર્વોચ્ચ સન્માન આપવાનું રહેશે.સરકારના જણાવ્યા અનુસાર, 'વંદે માતરમ્' એ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનું પ્રતીક છે અને લાખો ક્રાંતિકારીઓ માટે તે પ્રેરણાસ્ત્રોત રહ્યું છે. સાર્વજનિક અને સરકારી કાર્યક્રમોમાં ગાયન બાબતે એકસૂત્રતા જળવાય તે માટે આ સ્પષ્ટ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. આ નિર્ણયથી રાષ્ટ્રીય ગીતના ઐતિહાસિક ગૌરવમાં વધારો થશે અને યુવા પેઢીમાં દેશપ્રેમની ભાવના વધુ પ્રબળ બનશે.નવા નિયમો જાહેર થયા બાદ હવે તમામ સરકારી વિભાગો અને રાજ્ય સરકારોને આ અંગે જાણ કરવામાં આવી છે. રાજ્યના સત્તાવાર કાર્યક્રમોમાં પણ નક્કી કરેલી મુદત અને સંસ્કરણનું પાલન કરવું ફરજિયાત રહેશે. લાંબા સમયની ચર્ચાઓ અને વિચાર-વિમર્શ બાદ લેવાયેલો આ નિર્ણય રાષ્ટ્રીય પ્રતીકોના સન્માનમાં વધારો કરશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

## 8મા પગારપંચ અંગે સરકારે સંસદમાં આપી મોટી માહિતી, કર્મચારીઓને થશે ફાયદો

નવી દિલ્હી: દેશના લાખો કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તે 8મા પગારપંચ અંગે કેન્દ્ર સરકારે સંસદમાં મહત્વની સ્પષ્ટતા કરી છે. મંગળવારે (૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬) રાજ્યસભામાં એક લેખિત જવાબ દરમિયાન નાણા મંત્રાલયે પુષ્ટિ કરી છે કે 8મા કેન્દ્રીય પગારપંચની ઔપચારિક રચના થઈ ચૂકી છે અને તેની કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. આ જાહેરાતથી આશરે ૫૦ લાખ કર્મચારીઓ અને ૬૦ લાખથી વધુ પેન્શનરોમાં ખુશીની લહેર જોવા મળી છે.નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારે 8મા પગારપંચની રચના માટેનું જાહેરનામું ૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ જારી કરી દીધું હતું. આ પંચ કર્મચારીઓના પગાર ધોરણ, ભથ્થા, પેન્શન માળખું અને અન્ય સેવા શરતોની સર્વગ્રાહી સમીક્ષા કરશે. સૂત્રો મુજબ, પંચને તેનો અંતિમ રિપોર્ટ રજૂ કરવા માટે ૧૮ મહિનાનો સમય આપવામાં આવ્યો છે, જે મુજબ મે ૨૦૨૭ સુધીમાં ભલામણો રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. કર્મચારીઓની સુવિધા માટે સરકારે 8cpc.gov.in નામની સત્તાવાર વેબસાઈટ પણ લોન્ચ કરી છે. આ વેબસાઈટ પર કર્મચારીઓ અને પેન્શનરો પોતાની રજૂઆતો કરી શકે છે. માય ગવર્મેન્ટ (MyGov) પોર્ટલ પર ૧૮ પ્રશ્નોની એક પ્રશ્નાવલી મૂકવામાં આવી છે, જેના જવાબો આપવાની અંતિમ તારીખ ૧૬ માર્ચ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. આ વખતે પંચ વધુ પારદર્શક રીતે હિસ્સેદારોના મંતવ્યો લઈ રહ્યું છે.

# News Brief

## અજિત પવારના પ્લેન ક્રેશ બાદ DGCA એક્શનમાં: 15 એરલાઇન્સ પર ત્રાટક્યું

નવી દિલ્હી: મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના પ્રમુખ અજિત પવારના પ્લેન ક્રેશમાં થયેલા આકસ્મિક નિધન બાદ દેશનું નાગરિક ઉડ્ડયન નિયામક (DGCA) સફાળું જાગ્યું છે. આ હાઈ-પ્રોફાઈલ દુર્ઘટના પાછળ સુરક્ષાની ગંભીર ખામીઓ હોવાની આશંકા વચ્ચે DGCA એ દેશની ૧૫ જેટલી ખાનગી વિમાન કંપનીઓ સામે આકરી કાર્યવાહી શરૂ કરી છે. આ પગલાને ઉડ્ડયન ક્ષેત્રની 'સર્જિકલ સ્ટ્રાઈક' માનવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વીઆઈપી મૂવમેન્ટ અને ખાનગી ચાર્ટર પ્લેન્સની સુરક્ષા વ્યવસ્થાને કડક બનાવવાનો છે.ગયા મહિને ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન 'લીયરજેટ-૪૫ XR' વિમાન ક્રેશ થયું હતું. આ ભયાનક અકસ્માતમાં અજિત પવાર સહિત કુલ પાંચ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ ઘટના બાદ તુરંત જ ૨ ફેબ્રુઆરીના રોજ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. શરૂઆતી તપાસમાં સામે આવ્યું છે કે ખાનગી વિમાનોની જાળવણી અને સુરક્ષા પ્રોટોકોલમાં અનેક છીંડાઓ રહેલા છે, જેના કારણે DGCA એ હવે સામૂહિક કાર્યવાહીની દિશા પકડી છે. DGCA દ્વારા લેવામાં આવેલા કડક વલણના ભાગરૂપે વીએસઆર વેન્ચર્સ (VSR Ventures) સહિત ૧૫ જેટલા 'નોન-શેડ્યુલ ઓપરેટર્સ' માટે વિશેષ સેફ્ટી ઓડિટના આદેશો જારી કર્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ઓડિટ પ્રક્રિયા ૪ ફેબ્રુઆરીથી શરૂ કરી દેવામાં આવી છે. કંપનીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓએ વિમાનોની એન્જિન સ્થિતિ, પાઈલટની તાલીમ અને ઈમરજન્સી સાધનોની ચકાસણી કરીને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે.

## મહારાષ્ટ્રમાં ફરી ખીલ્યો પરિવારવાદ: નેતાઓના સંબંધીઓનો દબદબો

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં 'પરિવારવાદ' ફરી એકવાર પૂરબહારમાં ખીલ્યો છે. તાજેતરમાં જાહેર થયેલા ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓના ચૂંટણી પરિણામોએ સાબિત કરી દીધું છે કે જમીની સ્તરના રાજકારણમાં આજે પણ દિગ્ગજ નેતાઓના પરિવારજનોનો દબદબો યથાવત છે. રાજ્યભરમાં ભાજપ, શિવસેના અને એનસીપીના મોટા નેતાઓના દીકરા-દીકરીઓ, પત્નીઓ અને અન્ય સંબંધીઓએ પંચાયત સ્તરે પોતાની સત્તા જમાવી છે. જોકે, આ દરમિયાન ભાજપ ૨૨૫ બેઠકો સાથે રાજ્યમાં સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે.

પુણે: પૂર્વ મંત્રી દિલીપ વાલસે પાટીલના ભત્રીજા વિવેક વાલસે પાટીલ અને ધારાસભ્ય બાપુસાહેબ પઠારેની દીકરી રૂપાલી જેન્ડેનો વિજય થયો. સોલાપુર: મંત્રી તાનાજી સાવંતના ભત્રીજા પૃથ્વીરાજ સાવંતે રેકોર્ડબ્રેક જીત મેળવી. ધારાસભ્ય રામ સાતપુતેના પત્ની સંસ્કૃતિ અને ધારાસભ્ય સચિન કલ્યાણશેટ્ટીના પત્ની શાંભવી પણ વિજેતા બન્યા. સાંગલી: સદાભાઉ ખોતની પુત્રવધૂ મોહિની ખોત અને ગોપીચંદ પડલકરની ભાભી માધવી પડલકરે જીત નોંધાવી.

કોંકણ: ધારાસભ્ય ભાસ્કર જાધવના પુત્ર વિક્રાંત જાધવ અને ભરત ગોગાવલેના પુત્ર વિકાસ ગોગાવલેએ પોતાના પિતાનો ગઢ જાળવી રાખ્યો. છત્રપતિ સંભાજીનગર: અબ્દુલ સત્તારના પુત્ર અબ્દુલ આમેરે મોટી સરસાઈથી જીત મેળવી.

બધે જ પરિવારવાદ ચાલ્યો નથી. પરભણીમાં પૂર્વ મંત્રી સુરેશ વરપુડકરના પરિવારના પાંચમાંથી ચાર સબંધીઓ ચૂંટણી હારી ગયા છે. તેવી જ રીતે, સતારામાં ભાજપના મંત્રી જયકુમાર ગોરના ભાઈ અરુણ ગોરને હારનો સામનો કરવો પડ્યો છે.

## ઓપરેશન સિંદૂર રોકવા ટ્રમ્પે ભારતને ટેરિફની ધમકી આપી હતી

નવી દિલ્હી: ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ ૨૦૨૫માં સર્જાયેલા તણાવ અને ભારત દ્વારા કરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' ને લઈને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એક ચોંકાવનારા નિવેદને દેશમાં રાજકીય વાવાઝોડું ફૂંક્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે તેમણે વ્યાપારિક ટેરિફનો હથિયાર તરીકે ઉપયોગ કરીને વડાપ્રધાન મોદી પર દબાણ લાવ્યું હતું અને આ સૈન્ય કાર્યવાહી રોકવા મજબૂર કર્યા હતા. આ નિવેદન બાદ કોંગ્રેસ નેતા પવન ખેડાએ વિદેશ મંત્રી એસ. જયશંકર પર આકરા પ્રહારો કરતા તેમને 'ફોરમ મંત્રી' ગણાવ્યા છે અને ભારતની વિદેશ નીતિને સદંતર નિષ્ફળ ગણાવી છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં પુનરોચ્ચાર કર્યો હતો કે મે ૨૦૨૫ માં ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ટ્રમ્પે દાવો કર્યો કે તેમણે દખલગીરી કરીને બંને દેશોને શાંત કર્યા હતા. તેમણે કહ્યું, "મેં વડાપ્રધાન મોદીને કહ્યું હતું કે જો તમે આ યુદ્ધ નહીં રોકો, તો હું તમારા પર ભારે ટેરિફ લગાવીશ. તે સમયે ૧૦ વિમાનો તોડી પાડવામાં આવ્યા હતા અને પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી." ટ્રમ્પના મતે, વ્યાપારિક પ્રતિબંધોની ધમકીને કારણે જ ભારત અને પાકિસ્તાન પીછેહઠ કરવા તૈયાર થયા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટ્રમ્પના ઈન્ટરવ્યુનો વીડિયો શેર કરતા વિદેશ મંત્રી એસ. જયશંકરની આકરી ટીકા કરી હતી. ખેડાએ લખ્યું કે, "આપણે ફરીથી 'ફોરમ મંત્રી' જયશંકરને દુનિયાના કોઈ નવા મંચ પર ભાષણ આપતા જોઈશું, પરંતુ તેમની કામગીરીનું પરિણામ 'મોટું શૂન્ય' છે. કરદાતાઓના પૈસે તેઓ આલીશાન આંતરરાષ્ટ્રીય પ્રવાસો કરે છે.

## હત્યાઓ અને અકસ્માતોથી હચમચી ગયેલી દિલ્હી, સરકાર મૌન... આપ નેતાઓએ ભાજપ સરકાર પર નિશાન સાધ્યું



નવી દિલ્હી: આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે દિલ્હીમાં દર 24 કલાકે છ હત્યાઓ થઈ રહી છે. દસમા અને નવમા ધોરણમાં ભણતા બાળકોની હત્યા થઈ રહી છે, અને કેટલાકના માથામાં છરા મારવામાં આવી રહ્યા છે. આમ છતાં, સરકાર મૌન છે. આ દરમિયાન, કેજરીવાલે કહ્યું કે ભાજપે માત્ર એક વર્ષમાં દિલ્હીનો નાશ કરી દીધો છે. આમ આદમી પાર્ટીએ રાજધાનીમાં ગટર અને ખાડામાં પડી જવાથી હત્યાઓ અને મૃત્યુની વધતી સંખ્યા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. આપ રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આ માટે સરકારની બેદરકારીને જવાબદાર ઠેરવતા કહ્યું કે ભાજપે માત્ર એક વર્ષમાં દિલ્હીનો નાશ કરી દીધો છે. તેમને લોકોના જીવની પણ પરવા નથી. આ બેદરકાર સરકારને ભાનમાં આવવા માટે હજુ કેટલા જીવ લાગશે? રમિયાન, દિલ્હીમાં હત્યાઓ અને અકસ્માતોની વધતી સંખ્યા પર, આપ ના દિલ્હી પ્રદેશ પ્રમુખ સૌરભ ભારદ્વાજે કહ્યું કે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના દિલ્હીમાં નદીઓ અને નાળાઓના સ્વ-ઘોષિત નિષ્ણાત છે, અને દિલ્હી વિકાસ સત્તામંડળ (DDA) તેમનો વિભાગ છે. એટલું જ નહીં, દિલ્હીમાં અન્ય સ્થળોએ, દિલ્હી સરકાર અને DDA નાળા ખુલ્લા છે, અને લોકો તેમાં પડીને મરી રહ્યા છે.

### રાહુલ ગાંધીએ લોકસભામાં ગંભીર ચિંતા વ્યક્ત કરી

## અમેરિકી વર્ચસ્વ ખતરામાં હવે યુદ્ધના નવા યુગની શરૂઆત

નવી દિલ્હી: ભારતની સંસદમાં બુધવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દેશ અને દુનિયાના બદલાતા રાજકીય સમીકરણો પર એક અત્યંત ધારદાર અને ગંભીર વક્તવ્ય આપ્યું હતું. તાજેતરના આર્થિક સર્વેક્ષણનો હવાલો આપતા તેમણે લોકસભામાં સનસનાટીભર્યું નિવેદન આપ્યું કે વિશ્વ હવે શાંતિના માર્ગેથી ભટકીને એક ભયાનક અસ્થિરતા અને યુદ્ધના યુગમાં પ્રવેશી રહ્યું છે. રાહુલ ગાંધીના મતે, વર્ષોથી ચાલી આવતું અમેરિકાનું એકહથ્થુ વર્ચસ્વ હવે ખતમ થઈ રહ્યું છે અને ચીન તથા રશિયા જેવી મહાસત્તાઓ આ વૈશ્વિક વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંકી રહી છે. આ બદલાવ ભારત માટે પણ વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વનો સાબિત થવાનો છે.રાહુલ ગાંધીએ તેમના ભાષણ દરમિયાન સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આર્થિક સર્વેમાં બે અત્યંત ઊંડા અને મહત્વના મુદ્દાઓ છે જેને સમજવા અનિવાર્ય છે. પ્રથમ મુદ્દો એ છે કે વિશ્વમાં ભૌગોલિક રાજકીય સંઘર્ષો (Geopolitical Conflicts) તીવ્ર બની રહ્યા છે. અમેરિકાની સર્વોપરિતા હવે સલામત નથી, કારણ કે ચીન અને રશિયા તેની શક્તિને ટક્કર આપી રહ્યા છે. આનો અર્થ એ છે કે આપણે હવે એકધ્રુવીય વિશ્વમાંથી એક નવી અને અનિશ્ચિત વ્યવસ્થા તરફ જઈ રહ્યા છીએ. આ પરિવર્તન માત્ર રાજકીય નથી પણ લશ્કરી અને આર્થિક પણ છે, જેની અસર દરેક ખંડ પર જોવા મળશે. બીજા મહત્વના મુદ્દા પર પ્રકાશ પાડતા રાહુલ ગાંધીએ કહ્યું કે વર્તમાન સમયમાં ઉર્જા અને નાણાકીય વ્યવસ્થાનો ઉપયોગ હથિયાર તરીકે થઈ રહ્યો છે. વૈશ્વિક શક્તિઓના સંઘર્ષમાં હવે તેલ, ગેસ અને આંતરરાષ્ટ્રીય બેંકિંગ વ્યવસ્થાને વ્યૂહાત્મક સાધનો બનાવવામાં આવ્યા છે.

## SPS કન્સ્ટ્રક્શન ઈન્ડિયાએ ગુવાહાટી ખાતે બ્રહ્મપુત્રા નદી પર ઐતિહાસિક એક્સ્ટ્રાડોઝ્ડ બ્રિજનું નિર્માણ પૂર્ણ કર્યું

ગુવાહાટી, આસામ : અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કંપની એસપીએસ કન્સ્ટ્રક્શન ઈન્ડિયાએ બ્રહ્મપુત્રા નદી પર આવેલા નવા ગુવાહાટી-નોર્થ ગુવાહાટી બ્રિજનું નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે, જેનું સત્તાવાર ઉદ્ઘાટન 14 ફેબ્રુઆરી 2026ના રોજ થવાનું છે. આ પ્રોજેક્ટનું સન્માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સમર્પણ કરવામાં આવશે, જે પ્રાદેશિક જોડાણ અને શહેરી ગતિશીલતા માટે ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થશે. ભારતમાં સૌથી પડકારજનક નદીય ભૂપ્રદેશોમાંથી એક પર બનેલો આ પુલ મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ સિદ્ધિ દર્શાવે છે અને આસામના દીર્ઘકાલીન પરિવહન નેટવર્ક માટે મુખ્ય યોગદાનરૂપ છે. બ્રહ્મપુત્રા પર એક કિલોમીટરથી વધુ લંબાઈ ધરાવતા આ પુલ દ્વારા ગુવાહાટી અને નોર્થ ગુવાહાટી વચ્ચેનું મહત્વપૂર્ણ



જોડાણ સ્થાપિત થયું છે, જેનાથી મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટશે, ટ્રાફિક ભીડમાં રાહત મળશે અને દૈનિક મુસાફરો, માલવાહક વાહનો તથા લાંબા અંતરના પ્રવાસીઓ માટે સરળ અવરજવર સુનિશ્ચિત થશે."આ પુલ સ્પષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્રષ્ટિકોણ અને આસામ તથા ઉત્તરપૂર્વમાં જોડાણ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે સરકારના સતત સહકારનું પરિણામ છે. અમારું કાર્ય અમલકર્તા એજન્સી તરીકે આ દ્રષ્ટિને ટકાઉ, સુરક્ષિત અને કાર્યક્ષમ માળખામાં રૂપાંતરિત કરવાનો હતો. પ્રોજેક્ટના સમગ્ર જીવનચક્ર દરમિયાન અમને મળેલા માર્ગદર્શન અને સહકાર માટે અમે સત્તાવાળાઓનો આભારી છીએ, અને અમને વિશ્વાસ છે કે આ પુલ આવનારા ઘણા વર્ષો સુધી પ્રદેશની ગતિશીલતા જરૂરિયાતોને પૂર્ણ કરશે," એમ એસપીએસ કન્સ્ટ્રક્શન ઈન્ડિયાના ડિરેક્ટર શ્રી રોહિત સિંગલાએ જણાવ્યું.

## મુંબઈ મનપામાં ભાજપનો ૪૪ વર્ષે ભવ્ય વિજય

મુંબઈ: દેશની સૌથી શ્રીમંત મહાનગરપાલિકા એવી બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) માં બુધવારે એક નવો ઈતિહાસ રચાયો છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ કોર્પોરેટર રીતુ તાવડે મુંબઈના મેયર તરીકે બિનહરીફ ચૂંટાયા છે. તેમની સાથે સંજય ઘાડી પણ ડેપ્યુટી મેયર તરીકે બિનહરીફ વિજેતા જાહેર થયા છે. મુંબઈના રાજકારણમાં આ એક મોટી ઘટના છે કારણ કે પૂરા ૪૪ વર્ષ બાદ મુંબઈ મહાનગરપાલિકાના સર્વોચ્ચ પદ પર ભાજપના નેતા બિરાજમાન થયા છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મનપા કચેરી પહોંચીને નવનિયુક્ત મેયરને અભિનંદન પાઠવ્યા હતા. ૨૨૭ બેઠકો ધરાવતી મુંબઈ મહાનગરપાલિકામાં તાજેતરની ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો, જ્યારે તેના સાથી પક્ષ શિવસેના (એકનાથ શિંદે જૂથ) એ ૨૯ બેઠકો મેળવી હતી. આ મજબૂત સંખ્યાબળ અને વિરોધ પક્ષો દ્વારા કોઈ ઉમેદવાર ઊભો ન રાખવાને કારણે રીતુ તાવડે અને સંજય ઘાડીની વરણી બિનહરીફ થઈ હતી.

### લગ્ન પ્રસંગે શોકનો માહોલ છવાયો

## રાજસ્થાનના દૌસામાં ગમખ્વાર અકસ્માત: 6 મિત્રોના કરુણ મોત

દૌસા: રાજસ્થાનના દૌસા જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે એક કાળજું કંપાવી દે તેવી અકસ્માતની ઘટના બની છે. જયપુર-આગરા નેશનલ હાઈવે-૨૧ પર કૈલાઈ ગામ પાસે થયેલા આ ગમખ્વાર અકસ્માતમાં ૬ મિત્રોના મોત નીપજ્યા છે. આ તમામ યુવાનો એક જ ગામના વતની હતા અને આભાનેરી ગામમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. લગ્નની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે અને આખા પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત રાત્રે આશરે ૧૧ વાગ્યાની આસપાસ થયો હતો. પૂરઝડપે જતી સ્વિફ્ટ ડિઝાયર કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે કાર ડિવાઈડર ઓળંગીને બીજી બાજુની લેનમાં જતી રહી હતી. સામેથી આવી રહેલા એક ભારે ટ્રેઈલર સાથે કારની ભયાનક ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના ફુરચા ઉડી ગયા હતા અને તમામ મિત્રો અંદર ખરાબ રીતે ફસાઈ ગયા હતા.



સ્થાનિક લોકો અને સિકંદરા પોલીસની ટીમે ભારે જહેમત બાદ અને ક્રેનની મદદથી યુવાનોને બહાર કાઢ્યા હતા.મૃત્યુ પામેલા તમામ યુવાનો દૌસા જિલ્લાના કાલાખો ગામના રહેવાસી હતા. એકસાથે ૬ યુવાનોના મોતના સમાચાર ગામમાં પહોંચતા જ આખું ગામ હિબકે ચઢ્યું છે. બુધવારે સવારે પોસ્ટમોર્ટમ બાદ જ્યારે મૃતદેહો ગામમાં પહોંચ્યા ત્યારે કરુણ દ્રશ્યો સર્જાયા હતા. મૃતકોના પરિવારજનોમાં ભારે ચીસિયારીઓ અને શોકનો માહોલ છવાઈ ગયો હતો.

## તમિલનાડુમાં સત્તાની વહેંચણી મુદ્દે સ્ટાલિન અને કોંગ્રેસ સામસામે

ચેન્નાઈ: તમિલનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલા સત્તાધારી ડીએમકે (DMK) અને કોંગ્રેસના ગઠબંધનમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે જો ગઠબંધન ફરી સત્તામાં આવશે તો સાથી પક્ષોને સરકારમાં કોઈ હિસ્સો આપવામાં આવશે નહીં. સ્ટાલિનના આ કડક વલણ સામે કોંગ્રેસના સાંસદ માણિકમ ટાગોરે પલટવાર કરતા જણાવ્યું છે કે સરકાર કેવી હશે તે પાર્ટી નહીં પણ જનતા નક્કી કરશે. આ નિવેદનબાજીને કારણે દક્ષિણ ભારતના રાજકારણમાં વર્ષ ૨૦૨૬ની ચૂંટણીઓ પહેલા મોટા ભુકંપના સંકેતો મળી રહ્યા છે. એક કાર્યક્રમમાં બોલતા મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને ગઠબંધનના સાથી પક્ષોને સત્તામાં ભાગીદારી આપવાની માંગને સદંતર ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે, "સરકારમાં ભાગીદારીની માંગ તમિલનાડુની રાજકીય પરિસ્થિતિને અનુરૂપ નથી. આ પ્રકારના સૂત્રો એ લોકોનું કાવતરું છે જેઓ ગઠબંધનની એકતા જોઈ શકતા નથી." જોકે, તેમણે એમ પણ ઉમેર્યું હતું કે કોંગ્રેસ અને ડીએમકેનું જોડાણ અત્યંત સૌહાર્દપૂર્ણ છે અને રાહુલ ગાંધી તેમના ભાઈ સમાન છે.

### બંગાળમાં રાજકીય ગરમાવો વધતા પોલીસ એલર્ટ

## બાબરી મસ્જિદ મુદ્દે યોગી આદિત્યનાથ અને હુમાયુ કબીર વચ્ચે રાજકીય જંગ

મુર્શિદાબાદ: પશ્ચિમ બંગાળમાં આગામી ચૂંટણીઓ પહેલા રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના 'કયામત' વાળા નિવેદન બાદ હવે પૂર્વ તૃણમૂલ નેતા અને જનતા ઉન્નયન પાર્ટીના પ્રમુખ હુમાયુ કબીરે વિવાદાસ્પદ વળતો પ્રહાર કર્યો છે. હુમાયુએ મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદની પ્રતિકૃતિ બનાવવાની જાહેરાત કરીને યોગી આદિત્યનાથને ખુલ્લો પડકાર ફેંક્યો છે. આ નિવેદનને પગલે રાજ્યના સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે.હુમાયુ કબીરે આક્રમક તેવર બતાવતા કહ્યું કે, મુર્શિદાબાદમાં મસ્જિદના નિર્માણને કોઈ રોકી શકશે નહીં. તેમણે વધુમાં ઉમેર્યું કે, "આ લખનઉ, ઉત્તર પ્રદેશ કે



અયોધ્યા નથી, આ બંગાળ છે જ્યાં મમતા બેનર્જીનું શાસન છે." ભારતીય બંધારણનો હવાલો આપતા તેમણે જણાવ્યું કે જે રીતે મંદિરો અને ચર્ચ બનાવવાનો અધિકાર છે, તેમ મુસ્લિમોને મસ્જિદ બનાવવાનો પણ સંપૂર્ણ હક છે. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મસ્જિદનો શિલાન્યાસ કર્યા બાદ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬થી તેનું નિર્માણ કાર્ય શરૂ કરવાની તેમણે ખાતરી આપી છે.આ સમગ્ર વિવાદની શરૂઆત મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના બારાબંકીમાં આપેલા ભાષણથી થઈ હતી. યોગીએ કડક શબ્દોમાં કહ્યું હતું કે, 'કયામત'નો દિવસ ક્યારેય આવશે નહીં અને બાબરીનું માળખું ક્યારેય ફરીથી બનશે નહીં. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, યોગીએ રામ મંદિરના નિર્માણને ૫૦૦ વર્ષના સંઘર્ષની જીત ગણાવી હતી અને વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું હતું કે જે લોકો કયામતનું સ્વપ્ન જોઈ રહ્યા છે તેઓ ઈતિહાસમાં સડી જશે. તેમણે અયોધ્યામાં રામલલાના બિરાજમાન થવાની ક્ષણને ભારતના ગૌરવ સાથે જોડી હતી.હુમાયુ કબીરે પોતાની યોજના સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે ૧૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ વાગ્યાથી આશરે ૧૨૦૦ લોકો દ્વારા કુરાન પઠન સાથે મસ્જિદના નિર્માણનું કાર્ય શરૂ કરવામાં આવશે.

### દેશવ્યાપી નેટવર્કની તપાસ કરવા સુપ્રીમનો આદેશ

## દેશમાં દર 8 મિનિટે એક બાળક ગુમ થતા સુપ્રીમ કોર્ટ ચિંતિત

નવી દિલ્હી: ભારતમાં બાળકોના ગુમ થવાની ઘટનાઓ જે રીતે વધી રહી છે, તેણે ન્યાયતંત્રને ચોંકાવી દીધું છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે (૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬) કેન્દ્ર સરકારને એક અત્યંત મહત્વનો આદેશ આપ્યો છે. કોર્ટે પૂછ્યું છે કે શું આ ઘટનાઓ પાછળ કોઈ દેશવ્યાપી સંગઠિત નેટવર્ક કામ કરી રહ્યું છે કે પછી આ માત્ર છૂટીછવાઈ ઘટનાઓ છે. જસ્ટિસ બી. વી. નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકાર પાસે વિગતવાર રિપોર્ટ અને છેલ્લા છ વર્ષના ડેટાની માંગણી કરી છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન અવલોકન કર્યું કે અનેક રાજ્યોમાંથી બાળકો ગુમ થઈ રહ્યા છે, જે કોઈ ચોક્કસ 'પેટર્ન' સૂચવે છે. બેન્ચે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીને સવાલ કર્યો હતો કે, "અમે જાણવા માંગીએ છીએ કે શું આ પાછળ કોઈ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક છે કે તે ચોક્કસ રાજ્યો પૂરતું સીમિત છે?" કોર્ટે એમ પણ નોંધ્યું કે ઘણીવાર જટિલ દત્તક પ્રક્રિયાને કારણે લોકો ગેરકાયદે માર્ગો અપનાવે છે, જે બાળ તસ્કરીને પ્રોત્સાહન આપી શકે છે.કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું હતું કે ઘણા રાજ્યો હજુ પણ ગુમ થયેલા બાળકોના ડેટા પૂરા પાડી રહ્યા નથી. આ સાંભળીને સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી અને ડેટા ન આપનારા રાજ્યોની ઝાટકણી કાઢી હતી. કોર્ટે ચેતવણી આપી છે કે જો રાજ્યો સહકાર નહીં આપે તો આકરા આદેશો કરવામાં આવશે. મિશન વાત્સલ્ય પોર્ટલ પર ડેટા અપડેટ કરવા માટે અગાઉ પણ સૂચના આપવામાં આવી હતી, પરંતુ તેનો યોગ્ય અમલ થયો નથી. ગુરિયા સ્વયંસેવી સંસ્થા નામની NGO દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો કરાયો છે કે દર આઠ મિનિટે એક બાળક ગુમ થાય છે. અરજીમાં ઉત્તર પ્રદેશના એવા પાંચ કેસોનો ઉલ્લેખ કરાયો છે જેમાં વચેટિયાઓના નેટવર્ક દ્વારા બાળકોનું અપહરણ કરીને તેમને ઝારખંડ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં વેચી દેવામાં આવ્યા હતા. આ પુરાવાઓ બાદ સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયમાં એક સમર્પિત નોડલ અધિકારીની નિમણૂક કરવા આદેશ આપ્યો છે જે રાજ્યો સાથે સંકલન સાધશે.સુપ્રીમ કોર્ટે ૧ જાન્યુઆરી, ૨૦૨૦ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના તમામ ગુમ થયેલા બાળકો, મળી આવેલા બાળકો અને તેમની પુનઃસ્થાપનાના આંકડા છ અઠવાડિયામાં રજૂ કરવા જણાવ્યું છે. આ ડેટાના વિશ્લેષણ દ્વારા એ નક્કી કરવામાં આવશે કે શું બાળકોને તસ્કરી, મજૂરી કે ગેરકાયદે દત્તક લેવા માટે પદ્ધતિસર ઉઠાવવામાં આવી રહ્યા છે. આ ઐતિહાસિક હસ્તક્ષેપથી દેશમાં બાળકોની સુરક્ષા માટે એક મજબૂત કાયદાકીય માળખું તૈયાર થવાની આશા છે.

## અમરાઈવાડીમાં સ્લમ ક્વાર્ટર્સની ગેલેરી ધરાશાયી

અમદાવાદ | અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સુખરામનગર ખાતે સંત વિનોબાભાવે નગર સ્લમ ક્વાર્ટર્સમાં બ્લોક નંબર 12ની ગેલેરી ધરાશાયી થવાની ઘટના બની છે. જેમાં એક વૃદ્ધને ઈજા પહોંચી છે. આ દુર્ઘટના બાદ ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરીને ફસાયેલા 58 લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સુખરામનગરના આ 440 ફ્લેટના રીડેવલોપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે, તેમ છતાં છેલ્લા બે મહિનામાં ગેલેરી પડવાનો આ બીજો બનાવ સામે આવતા રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે.


# સિટી એક્સપ્રેસ

THURSDAY 12 FEBRUARY-2026

AHMEDABAD


## ઈટાલિયાએ મદદ ના કરતાં રાજુ કરપડાનું AAPમાંથી રાજીનામું

અમદાવાદ | રાજ્યની રાજનીતિમાં મહત્ત્વપૂર્ણ વળાંક સર્જાયો છે. આમ આદમી પાર્ટી (AAP)ના ખેડૂત સંગઠનના પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાએ પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના આ નિર્ણયથી પાર્ટી સંગઠનમાં ચર્ચા અને અટકળોનું બજાર ગરમાયું છે.મળતી માહિતી મુજબ, રાજુ કરપડાએ પોતાનું રાજીનામું પાર્ટીના ઉચ્ચ નેતૃત્વને સોંપ્યું છે. રાજીનામાનાં કારણોને લઈને સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી, પરંતુ આંતરિક મતભેદો અને સંગઠનાત્મક મુદ્દાઓને કારણે રાજીનામુ આપ્યું હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.








# નળસરોવર પક્ષી ગણતરી ૨૦૨૬ પૂર્ણ, ૨૭૦ પ્રજાતિના ૬.૪૨ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ નજીક આવેલા વિશ્વવિખ્યાત રામસર સાઈટ નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે પક્ષી વસ્તી ગણતરી-૨૦૨૬ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આ વર્ષે યોજાયેલા દ્વિવાર્ષિક સર્વેમાં કુલ ૬,૪૨,૨૩૨ પક્ષીઓની હાજરી નોંધાઈ, જે ૨૭૦ જેટલી વિવિધ પ્રજાતિઓનું પ્રતિનિધિત્વ કરે છે. વન વિભાગે સમગ્ર અભયારણ્યને ૫૦ ઝોનમાં વહેંચીને ૨૨૦ પક્ષીવિદો અને નિષ્ણાતોની ટીમ દ્વારા સવાર-સાંજ બે તબક્કામાં ગણતરી હાથ ધરી. ડેટાની ચોકસાઈ માટે કડક ચકાસણી અને ડુપ્લિકેશન દૂર કર્યા બાદ અંતિમ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો. સર્વેમાં વિદ્યાર્થીઓ, રાજ્ય બહારના નિષ્ણાતો, વન વિભાગના કર્મચારીઓ તેમજ ૯૯ સ્થાનિક બોટમેન-માર્ગદર્શકોનો સક્રિય સહયોગ રહ્યો. ગણતરી દરમિયાન અભયારણ્ય બે દિવસ માટે મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. આ અભ્યાસ નળસરોવરના જળપ્લાવિત પરિસ્થિતિતંત્ર અને પ્રવાસી પક્ષીઓના સંરક્ષણ માટેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

# કલોલમાં થાર ચાલકનો કહેર, સર્વિસ રોડ પર એકસાથે 4 વાહનોને ઉડાવ્યા

ગાંધીનગર: કલોલ હાઈવે સર્વિસ રોડ પર થાર ચાલકે બાઈક, મોપેડ અને ટેમ્પોને અડફેટે લીધા હતા. અકસ્માતમાં 2 વર્ષના બાળક સહિત 4 લોકો ઘાયલ થયા છે. પોલીસે ચાલકની ધરપકડ કરી છે. ગાંધીનગર જિલ્લાના કલોલ હાઈવે પર આજે એક બેફામ બનેલા થાર ચાલકે મોતનું તાંડવ સર્જ્યું હતું. કલોલ હાઈવેના સર્વિસ રોડ પર પૂરઝડપે આવી રહેલી થાર કારના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા એક પછી એક ચાર વાહનોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બે વર્ષના માસૂમ બાળક સહિત કુલ ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, થાર કારનો ચાલક કોઈને પણ અડફેટે લેશે તેવા અંદાજ સાથે પૂરઝડપે કાર હંકારી રહ્યો હતો. તેણે સર્વિસ રોડ પર જઈ રહેલા એક બાઈક, એક મોપેડ અને ઉભેલા ટેમ્પો સહિત કુલ 4 વાહનોને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને માર્ગ પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા.

## રાયસણ ખાતે BAPS મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં મેયર મીરાબેન પટેલ હાજર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર, રાયસણ ખાતે યોજાયેલા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના દ્વિતીય દિવસે (મહિલા દિન) ગાંધીનગર મહાનગરપાલિકાની મેયર શ્રીમતી મીરાબેન પટેલે હાજરી આપી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે મંદિરના સામાજિક મહત્ત્વ પર ભાર મૂક્યો.મેયરશ્રીએ જણાવ્યું કે મંદિર માત્ર આસ્થાનું કેન્દ્ર નહીં, પરંતુ સંસ્કાર, સેવા અને સદાચારના મૂલ્યોને મજબૂત બનાવતું પવિત્ર સ્થાન છે. બીએપીએસ સંસ્થા શિક્ષણ, સેવા અને આધ્યાત્મિક ક્ષેત્રે વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિનો મહિમા વધારી રહી છે. નવું મંદિર રાયસણ અને ગાંધીનગરના નાગરિકોને આધ્યાત્મિક શાંતિ, સાંસ્કૃતિક સંસ્કાર અને સામાજિક એકતા માટે ઉત્તમ કેન્દ્ર પૂરું પાડશે, તેમ મેયરશ્રીએ ઉમેર્યું.

## પોખરણમાં 27 ફેબ્રુઆરીએ 'વાયુશક્તિ-26' કવાયત, ભારતીય વાયુસેનાનો પરાક્રમ દેખાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતીય વાયુસેના 27 ફેબ્રુઆરી 2026ના રોજ જેસલમેરના પોખરણ એર ટુ ગ્રાઉન્ડ રેન્જ ખાતે 'વાયુશક્તિ-26' કવાયત યોજી પોતાની સૈનિક ક્ષમતાનું પ્રદર્શન કરશે. કવાયત દરમિયાન દુશ્મન સામે ઝડપી અને અચૂક પ્રતિભાવ આપવાની, ઓપરેશનલ પ્રભુત્વ સ્થાપિત કરવાની અને વ્યૂહાત્મક કામગીરીને નિર્ણાયક પરિણામોમાં




ફેરવવાની શક્તિ પર ભાર મૂકવામાં આવશે. તેજસ, રાફેલ, સુખોઈ-30MKI, મિરાજ-2000, જગુઆર, MiG-29 સહિતના ફાઈટર જેટ્સ સાથે C-17, C-130J, C-295 જેવા ટ્રાન્સપોર્ટ વિમાનો અને અપાચે, ચિનૂક, ALH, Mi-17 જેવા હેલિકોપ્ટરો વિવિધ દિવસ-રાત્રિ મિશન પાર પાડશે. SRLM, આકાશ, સ્પાયડર અને CUAS જેવી અદ્યતન શસ્ત્ર પ્રણાલીઓ પણ પ્રદર્શનનો ભાગ બનશે. વાયુશક્તિ-26 'ઓપરેશન સિંદૂર'ની સફળતા અને એરસ્પેસ પ્રભુત્વ, લાંબા અંતરની ચોકસાઈ અને મલ્ટી-ડોમેન ક્ષમતાને ઉજાગર કરશે. 'અચૂક, અભેદ્ય ઔર સટિક'ના મૂલ્યો સાથે આયોજિત આ કવાયત રાષ્ટ્રીય સુરક્ષામાં વાયુસેનાની મજબૂત ભૂમિકાને પુનઃપુષ્ટ કરશે.

### મનપા કમિશનરથી મામલતદાર સુધી જવાબદારી નક્કી; જાણો A TO Z

# વસતિગણતરીમાં અવરોધ ઊભો કરશો તો 3 વર્ષની કેદ

(એજન્સી) ગાંધીનગર | તા.11

ગુજરાતમાં આવનારી વસતિગણતરીને લઈ રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે એક્શન મોડમાં આવી ગઈ છે. વસતિગણતરી માટે અધિકારીઓની નિમણૂક અંગે ગુજરાત સરકાર દ્વારા વધુ બે ગેઝેટ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે, જેમાં શહેરી વિસ્તાર તથા જિલ્લા વિસ્તાર માટે અલગ-અલગ ગેઝેટ જાહેર કરવામાં આવ્યા છે. આ ગેઝેટ મુજબ રાજ્યમાં હાઉસલિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસનો પ્રથમ તબક્કો 20 એપ્રિલ 2026થી 19 મે 2026 સુધી યોજાશે, જ્યારે વસ્તી ગણતરીનો મુખ્ય તબક્કો ફેબ્રુઆરી 2027માં શરૂ કરવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા મુખ્યત્વે શિક્ષકો સહિતના સરકારી કર્મચારીઓને સોંપવામાં આવશે અને તે સંપૂર્ણપણે ડિજિટલ પદ્ધતિથી હાથ ધરવામાં આવશે.

33 પ્રશ્નોના આધારે ઘરને લગતી મૂળભૂત માહિતી એકત્રિત કરશે: સુજલ મયાત્રા

ડાયરેક્ટર ઓફ સેન્સસ ઓપરેશન, સુજલ મયાત્રાએ જણાવ્યું કે વસતિગણતરી એક લાંબી અને વ્યાપક પ્રક્રિયા છે, જેને બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવે છે. પ્રથમ તબક્કામાં હાઉસલિસ્ટીંગ હાથ ધરાશે, જેમાં ગણતરીકારો દરેક ઘરની મુલાકાત લઈ 33 પ્રશ્નોના આધારે ઘરને લગતી મૂળભૂત માહિતી એકત્રિત કરશે. આ માહિતીમાં ઘરનો પ્રકાર, ઘર રહેણાંક હેતુ માટે ઉપયોગમાં છે કે નહીં, ઘરમાં લાદી છે કે નહીં, પીવાના પાણી, શૌચાલય, વીજળી, ટીવી જેવી સુવિધાઓ અંગેની વિગતો સામેલ રહેશે. આ તમામ માહિતી ભારત સરકાર દ્વારા વિકસિત ખાસ ડિજિટલ એપ્લિકેશન મારફતે ઓનલાઈન એકત્રિત કરવામાં આવશે.



### 'જિલ્લા સ્તરે પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર તરીકે કલેક્ટર ફરજ બજાવશે'

જિલ્લા અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વસ્તી ગણતરી માટે અધિકારીઓની સ્પષ્ટ નિયુક્તિ કરવામાં આવી છે. જિલ્લા સ્તરે પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર તરીકે કલેક્ટર ફરજ બજાવશે, જ્યારે જિલ્લા વસ્તી અધિકારી તરીકે નિવાસી અધિક કલેક્ટર જવાબદારી નિભાવશે. તાલુકા સ્તરે ચાર્જ સેન્સસ ઓફિસર તરીકે મામલતદારને ફરજ સોંપવામાં આવી છે અને સબ-ડિવિઝનલ સેન્સસ ઓફિસર તરીકે નાયબ કલેક્ટરને જવાબદારી આપવામાં આવી છે.

સુજલ મયાત્રાએ વધુમાં જણાવ્યું કે વસતિગણતરીની તૈયારીઓ ડિસેમ્બર 2025થી જ શરૂ કરી દેવામાં આવી હતી. ભારત સરકારે તમામ ઘરો માટે જાહેરનામું બહાર પાડ્યું હતું અને તેના ભાગરૂપે નેશનલ માસ્ટર્સને તાલીમ માટે દિલ્હી મોકલવામાં આવ્યા હતા. તેઓ પાછા આવીને રાજ્યસ્તરના માસ્ટર્સને તાલીમ આપી રહ્યા છે અને ત્યારબાદ જિલ્લા, તાલુકા કક્ષાના અધિકારીઓ તેમજ શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. ગેઝેટમાં કરાયેલી જોગવાઈ મુજબ દર 700થી 800 વસતિદીઠ એક ગણતરીકારની નિમણૂક કરવામાં આવશે, જેમાં મોટા ભાગે શિક્ષકોની મહત્વની ભૂમિકા રહેશે.

## ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે "વતન કો જાનો" કાશ્મીરી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનો શુભારંભ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા કેમ્પસ ખાતે "વતન કો જાનો" થીમ આધારિત કાશ્મીરી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનો ભવ્ય પ્રારંભ થયો. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તથા ગૃહ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન જિલ્લા યુવા અધિકારી શ્રી પ્રિતેશકુમાર ઝવેરીએ કર્યું. સમારોહ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલના અધ્યક્ષસ્થાને અને શિક્ષણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રી અનિલભાઈ રાદડીયાની ઉપસ્થિતિમાં યોજાયો. કાશ્મીરના ૬ જિલ્લાઓમાંથી આવેલા યુવાનોએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પોતાની પરંપરાની ઝલક રજૂ કરી. આગામી ૬ દિવસ દરમિયાન કાશ્મીરી યુવાનો ગુજરાતની સંસ્કૃતિ, ખાણીપીણી, ઐતિહાસિક સ્થળો અને ઔદ્યોગિક સંસ્થાઓની મુલાકાત લઈને રાજ્યને નજીકથી જાણી શકશે.

## રાજ્યપાલ સાથે ગુજરાત, હરિયાણા અને મહારાષ્ટ્રના વિધાનમંડળ અધ્યક્ષોની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત લોકભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચોધરી, હરિયાણા વિધાનસભાના અધ્યક્ષશ્રી હરવિંદર કલ્યાણ અને મહારાષ્ટ્ર વિધાન



પરિષદના અધ્યક્ષશ્રી રામ શિંદેએ શુભેચ્છા મુલાકાત કરી. રાજ્યપાલશ્રીએ મહેમાનોનું શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. મુલાકાત દરમિયાન ગુજરાત વિધાનસભામાં નવીન ટેકનોલોજી દ્વારા કામગીરી આધુનિક બનાવવાના પ્રયાસોની માહિતી આપવામાં આવી. હરિયાણા અને મહારાષ્ટ્રના અધ્યક્ષશ્રીઓએ પણ પોતાના કાર્યકાળના પ્રજાલક્ષી સુધારાઓ અંગે ચર્ચા કરી.રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રી પ્રેરિત રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને વધુ પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને પ્રાકૃતિક ખેતી દ્વારા જળ-જમીન સંરક્ષણ તથા શુદ્ધ આહારના મહત્ત્વ અંગે ઉલ્લેખ કર્યો. ગ્રામ કલ્યાણ જેવા મુદ્દાઓ પર પણ પ્રાથમિક ચર્ચા કરવામાં આવી.

# વકીલ સાહેબ બ્રિજ નીચે છરીના ઘા ઝીંકીને યુવકની હત્યા : બહાર બોલાવીને રહેંસી નાખ્યો

(એજન્સી) અમદાવાદ | તા.11

અમદાવાદમાં શહેરના બોપલ ખાતે આવેલા વકીલ સાહેબ બ્રીજની નીચે મોડીરાતે એક યુવકની તેના મિત્રોની સાથે છરીના ઘા ઝીંકીને ત્રણ શખ્સોએ ઘાતકી હત્યા કરી દેતા ચકચારમચી ગઈ છે.યુ વકને બસની બહાર લોવાની ત્રણ શખ્સોએ બબાલ કરી હતી અને ત્યારબાદ હિંસક હુમલો કરીને શિવા કલસુવાને મોતનો ઘાટ ઉતારી દીધો હતો.

આ અંગે સરખેજ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં શાહપુરમાં અજાણ્યા શખ્સોએ યુવાનને છરીના ઘા માર્યા છે, તે હાલ સારવાર હેઠળ છે.

મણીનગર વિસ્તારમાં આવેલા મોતીભાઈની ચાલીમાં રહેતા કિશન કલાસુઆએ સરખેજ પોલીસ સ્ટેશનમાં સુનિલ ખોકરીયા સહિત ત્રણ લોકો વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. કિશન મુળ રાજસ્થાનનો વતની છે અને પત્નિ મમતા સાથે ભાડાના મકાનમાં રહે છે. કિશન ઈસનપુરમાં નોકરી કરે છે જ્યારે તેનો ફોઈનો દિકરો શિવા કલાસુઆ અને સંબંધી શિવા પરમાર સાઉથ બોપલમાં ભાડેથી રહે છે.

ગઈકાલે કિશન પોતાની નોકરી પુરી કરીને ઘરે ગયો ત્યારે રાતે બાર વાગ્યાની આસપાસ તેના કૌટુંબિક ભાઈ રીતેશ કલાસુઆનો ફોન આવ્યો હતો. રીતેશે ફોન પર જણાવ્યુ હતુંકે ફોઈના દિકરા શિવાનો બોપલ બ્રિજ પાસે ઝઘડો થયો છે અને તે ફોન ઉપાડતો નથી. ભાઈની વાત સાંભળતાની સાથેજ કિશન અને મમતા મણીનગરથી બોપલ જવા માટે રવાના થયા હતાં. બોપલ પહોચ્યા ત્યારે કિશનને જાણવા મળ્યું કે શિવાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો છે.

## AMC-IOCL વચ્ચે MOU: શહેરી મહિલાઓને કૌશલ્ય તાલીમથી આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) વચ્ચે શહેરી મહિલાઓના કૌશલ્ય વિકાસ માટે 10 ફેબ્રુઆરી 2026ના રોજ મહત્વપૂર્ણ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. CSR અંતર્ગત થયેલી આ પહેલથી AMCના અર્બન કમ્યુનિટી ડેવલપમેન્ટ (UCD) સેન્ટરોને આધુનિક સિલાઈ અને એમ્બ્રોઈડરી મશીનો સાથે અપગ્રેડ કરવામાં આવશે.આ યોજના હેઠળ સેલ્ફ-હેલ્પ ગ્રુપ સાથે જોડાયેલી મહિલાઓને ટેલરિંગ, ગાર્મેન્ટ મેકિંગ અને આધુનિક એમ્બ્રોઈડરી ટેકનિક્સમાં વ્યવસાયિક તાલીમ આપવામાં આવશે, જેથી તેઓ રોજગારક્ષમ બની આર્થિક રીતે સશક્ત બને. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (CSR) જયેશ ઉપાધ્યાય અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (UCD) આર.પી. જોશીના માર્ગદર્શન હેઠળ યોજાનારી આ પહેલ શહેરની મહિલાઓને આત્મનિર્ભરતા તરફ મજબૂત પગલું ગણાઈ રહી છે. હસ્તાક્ષર પ્રસંગે IOCLના મુખ્ય મેનેજર (HR CSR) સુશ્રી મિલિશા વર્મા સહિત AMCના અધિકારીઓ હાજર રહ્યા હતા.



## ફેક વિઝા એજન્સીઓથી સાવધાન! 'ઝડપી વિઝા' અને નોકરીની લાલચ પાછળ છુપાયેલો સ્કેમ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિદેશમાં અભ્યાસ અથવા નોકરી માટે વધતી માંગ વચ્ચે ફેક વિઝા એજન્સીઓ દ્વારા છેતરપિંડીના કેસોમાં વધારો થયો છે. સાયબર તજ્જ્ઞો અનુસાર, કેટલીક બનાવટી એજન્સીઓ 'વિઝા ગેરંટી' અને 'ઝડપી પ્રક્રિયા'ના નામે મોટી એડવાન્સ રકમ વસૂલી અદૃશ્ય થઈ જાય છે અથવા નકલી દસ્તાવેજો આપી અરજદારોને કાનૂની મુશ્કેલીમાં મૂકે છે. આવા સ્કેમમાં નકલી નોકરી ઓફર, ખોટી ખાતરી અને વ્યક્તિગત-નાણાકીય માહિતીની ચોરી જેવા હથકંડા અપનાવવામાં આવે છે. જો કોઈ એજન્સી કામ પહેલાં સંપૂર્ણ ફી માંગે, લાયસન્સ ન બતાવે અથવા ઉતાવળમાં નિર્ણય લેવા દબાણ કરે તો તરત સાવચેત થવું જરૂરી છે. સાયબર ક્રાઈમ વિભાગની સલાહ મુજબ, એજન્ટ પર નિર્ભર રહેવાને બદલે સંબંધિત દેશના દૂતાવાસ અથવા અધિકૃત કેન્દ્રોનો સીધો સંપર્ક કરવો, સત્તાવાર મંજૂરી ચકાસવી અને સુરક્ષિત પેમેન્ટ પદ્ધતિ અપનાવવી જોઈએ. જો કોઈ છેતરપિંડીનો ભોગ બને તો તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન '૧૯૩૦' પર સંપર્ક કરો અથવા www.cybercrime.gov.in પર ઓનલાઈન ફરિયાદ નોંધાવો.

## ગુજરાતમાં 'જર્નાલિસ્ટ પ્રોટેક્શન એક્ટ'ની માંગ તેજ – પ્રેસ કાઉન્સિલનો કેન્દ્ર અને રાજ્ય સરકારને કડક સંદેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતમાં પત્રકારોની સુરક્ષા માટે વિશેષ 'જર્નાલિસ્ટ પ્રોટેક્શન એક્ટ' અમલમાં મૂકવાની માંગ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. આ મુદ્દે કરાયેલી રજૂઆત બાદ Press Council of Indiaએ કેન્દ્ર અને ગુજરાત સરકારને મહત્વપૂર્ણ પ્રતિસાદ પાઠવી મુદ્દાની ગંભીરતા રેખાંકિત કરી છે. તા. 17-09-2025ના ઈમેઈલ દ્વારા પ્રેસ કાઉન્સિલે સ્પષ્ટ કર્યું છે કે પત્રકારોની સલામતી અને પ્રેસ સ્વતંત્રતા પર થતા હુમલાઓને તે અત્યંત ગંભીરતાથી લે છે. વર્ષ 2015ના વ્યાપક અહેવાલમાં કાઉન્સિલે પત્રકારો પર હુમલા અને ધમકીઓને ગુનાહિત જાહેર કરવા, ઝડપી સુનાવણી માટે વિશેષ અદાલતો રચવા, ટાસ્ક ફોર્સ ગઠિત કરવા અને હત્યાના કેસો નિર્ધારિત સમયમર્યાદામાં રાષ્ટ્રીય એજન્સીને સોંપવાની ભલામણ કરી હતી.સાથે જ પત્રકારો સામે કેસ નોંધતા પહેલાં ઉચ્ચ અધિકારીની મંજૂરી ફરજિયાત કરવી, પીડિત પરિવારને આર્થિક સહાય અને રાજ્ય સ્તરે હાઈ-પાવર્ડ કમિટીઓ રચવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે. ફ્રીલાન્સ, વેબ પોર્ટલ અને યુટ્યુબ પત્રકારોને માન્યતા, વીમા અને વળતર જેવી જોગવાઈઓનો પણ સમાવેશ થાય છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલા બે વિધેયકોને સમર્થન આપતા પ્રેસ કાઉન્સિલે દેશવ્યાપી સમાન કાયદાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. કાઉન્સિલનો આ સંદેશ ગુજરાત સરકારને પણ મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

# ગાંધીનગરનાં માણસામાં નશાના કાળા કારોબાર પર ANTF ત્રાટકી...

### સરદાર માર્કેટમાં ખુલ્લેઆમ ધમધમતા કફ સીરપના કારોબાર કરનારને પકડ્યો, 1.14 લાખના જથ્થો જપ્ત...



ગાંધીનગર | ગાંધીનગરના માણસા ટાઉનમાં નશાકારક કફ સીરપનું વેચાણ કરતા એક ઈસમને સીઆઈડી ક્રાઈમની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે બાતમીના આધારે માણસાના સરદાર માર્કેટ વિસ્તારમાં દરોડો પાડી 1 લાખ 14 હજારની કિંમતની નશાયુક્ત કોડીન સીરપના જથ્થા સાથે ધરપકડ કરી ખુલ્લેઆમ ચાલતા નશાના કારોબારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના પોલીસ ઈન્સ્પેક્ટર એન. આર. પટેલને મળેલી બાતમી મળી હતી કે, માણસાના હનુમાનપુરામાં રહેતો અંકુર નારણભાઈ પટેલ નામનો શખ્સ પોતાની અલ્ટો કારમાં સવારના 9 વાગ્યાથી જ કોડીન શ્રેણીની નશાયુક્ત કફ સીરપનું સરદાર માર્કેટ પાસે છેલ્લા ઘણા સમયથી છૂટક વેચાણ કરી રહ્યો છે.

આ બાતમીના આધારે ટાસ્ક ફોર્સની અલગ અલગ ટીમો ખાનગી અને સરકારી વાહનોમાં માણસા પહોંચી ગઈ હતી. બાદમાં પોલીસની ટીમે માણસા બસ સ્ટેન્ડ નજીક વોચ ગોઠવી બાતમીવાળી અલ્ટો કારને ચારે બાજુથી ઘેરી લીધી હતી. અને એન.ડી.પી.એસ. એક્ટની કલમ 42 અને 50 હેઠળ તપાસ શરૂ કરવામાં આવતા 1 લાખ 14 હજારની કિંમતની 97 નંગ કફ સીરપની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો.

આ સમગ્ર ઓપરેશન દરમિયાન લેપટોપ અને નાર્કોટિક્સ કીટની મદદથી સ્થળ પર જ તમામ પુરાવાઓનું પંચનામું કરવામાં આવ્યું હતું. જ્યારે પકડાયેલા આરોપી અંકુર પટેલની પૂછપરછમાં નશાકારક સીરપના વેચાણ પાછળના અન્ય કનેક્શનો ખુલવાની પણ શક્યતા છે. માણસા જેવા ટાઉન વિસ્તારમાં જાહેરમાં થતા આ વેચાણે સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા હતા.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...